# બરકાતે રમઝાન

# વ

# મસાઈલે ઝકાત

સંપાદક....


અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફયુઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**

પ્રકાશન નં. : ૨૨૦ આવૃત્તિ–૨ પ્રત : ૪૦૦૦

૨૭–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૭ મે–૨૦૧૬

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| રમઝાન શરીફનું આગમન તથા વિદાય અને આપણો વર્તાવ... | 05 | જેનાથી રોઝો મકરૂહ થાય છે | 27 |
| રમઝાનના આગમન ટાણે આપણે શું ઉમંગ દર્શાવ્યો ? | 06 | **ઝકાતના મસાઈલ** | 30 |
| રમઝાન દરમ્યાન કેટલી તા'ઝીમ તથા કદર તેની થાય છે ?! | 06 | ઝકાત–સદકાના હક્કદારો કોણ ?! | 30 |
| અલવિદાઅના પ્રોગ્રામોમાં લોકોની અશ્રુમય હાલત અને ર૯મા રોઝાના ઈફતાર પછીનો આલમ ! | 08 | ઝકાત કોને કોને ન આપી શકાય ?! | 33 |
| રમઝાનમાં મહેરબાન રબની બંદાઓને અમૂલ્ય સ્પેશ્યલ ઓફરો ! | 10 | કેટલાક અગત્યના સવાલોના જવાબ | 35 |
| રમઝાનની પ્રથમ રાત સાથે જ રહમતોની અપાર વર્ષા ! | 11 | સાહિબે નિસાબ કોણ ગણાશે ? | 40 |
| આમ તેમ ન ભટકો ! રબની રહમત તો જુઓ ! | 13 | **ઝકાતના અર્વાચીન મસાઈલ** | 45 |
| રોઝા અને કુર્આનની શફાઅત | 15 | જનરલ પ્રોવિડન્ટ ફંડની ઝકાત | 45 |
| શબે કદ્રનાં ઈનામો તો જુઓ ! | 15 | મજલિસે શરઈ મુબારકપૂરનો ફેંસલો | 47 |
| રોઝો તૂટવા વિશે તથા કઝા કફ્ફારાના મસાઈલ | 18 | ફિકસ ડિપોઝિટની ઝકાત | 48 |
| રોઝો તોડનારી બાબતોનું બયાન | 18 | બોનસની ઝકાત | 49 |
| જે બાબતોથી રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે | 20 | મજલિસે શરઈનો હુકમ | 49 |
| રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફ્ફારો પણ જરૂરી છે | 23 | એરિયર્સની ઝકાત | 50 |
| જે બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી | 25 | મજલિસે શરઈનો હુકમ | 50 |
| | | બોન્ડસ્ (BONDS)ની ઝકાત | 51 |
| | | પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત | 51 |
| | | સિક્યુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત | 52 |
| | | મજલિસે શરઈનો ફેંસલો | 53 |
| | | ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન | 53 |
| | | પોલ્ટ્રી ફાર્મની ઝકાત | 54 |
| | | LICમાં જમા રકમ પર ઝકાત | 54 |
| | | મજલિસે શરઈનો ફેંસલો | 55 |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ઝકાત સંબંધી અગત્યની પ્રશ્નોત્તરી | 56 |
| હે બહેનો ! શું તમે આગની બંગડીઓ પહેરી શકશો ?! | 65 |
| ઝકાત કોણે કાઢવી પડશે ?! | 65 |
| સોનુ પહેરવાનો ઉમંગ છે તો ઝકાત પણ કાઢો ! | 66 |
| ઝકાત ન આપનારાઓ ! સાવધાન ! | 68 |
| આખેરતની તૈયારી તે આનુ નામ ! | 69 |
| **એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ** | 71 |
| એ'તેકાફમાં બેસો ને પુષ્કળ નેકી કમાઓ ! | 71 |
| એ'તેકાફના ફઝાઈલ | 73 |
| જહન્નમ વચ્ચે ત્રણ ખાઈઓ ઊભી કરો | 73 |
| થોડીવારના એ'તેકાફની ફઝીલત | 73 |
| દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો | 73 |
| ૩૦૦ શહીદોનો સવાબ ! | 74 |
| બે હજ્જ બે ઉમરાનો સવાબ | 74 |
| પાછલા ગુનાહો માફ ! | 74 |
| ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ | 74 |
| એ'તેકાફના મસાઈલ | 74 |
| એતેકાફના પ્રકાર | 75 |
| મસ્જિદ વિશે સમજૂતી | 75 |
| એ'તેકાફ દરમ્યાન બહાર નીકળવાના સબબો તથા સાવચેતીઓ | 76 |
| એ'તેકાફ સંબંધે અગત્યના ખુલાસાઓ | 83 |
| કોઈ ગલતફહમી હોય તો દૂર કરી લો ! | 83 |
| ફનાએ મસ્જિદ | 83 |
| મોઅતકિફ (એ'તેકાફ કરનાર) ફનાએ મસ્જિદમાં જઈ શકે છે | 84 |
| આ સંબંધે આ'લા હઝરતનો ફત્વો | 84 |
| એ'તેકાફ કરનાર બીડી પીવા ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ? | 85 |
| મુસ્લિમ બહેનોનો એ'તેકાફ | 86 |
| એ'તેકાફ કઝા કરવાનો તરીકો | 88 |
| એ'તેકાફનો ફિદિયો | 88 |

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

# બરકાતે રમઝાન


સંપાદક....

અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّیْ عَلٰی حَبِيْبِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَاسَيِّدِیْ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا خَيْرَ خَلْقِ اللّٰهِ
وَعَلٰی اٰلِكَ وَ اَصْحَابِكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

## રમઝાન શરીફનું આગમન તથા વિદાય અને આપણો વર્તાવ...

રમઝાન મુબારકનો મહિનો પોતાની સાથે અગણિત બરકતો, રહમતોનો ખજાનો તથા અનરાધાર વરસતાં રહમતનાં વાદળોને સાથે લઈને આવે છે. રમઝાન શરીફના એક રોઝાની ફઝીલત હદીષોના આધારે વર્ણવવામાં આવે છે કે વરસભર તમે અન્ય દિવસોના રોઝા રાખો પણ તે રમઝાનના કેવળ એક રોઝાના સમાન નથી થઈ શકતા, નફલનો સવાબ ફર્ઝના સમાન અને ફર્ઝનો સવાબ સિત્તેર ગણો વધુ મળે છે, શૈતાનને કૈદ કરી દેવામાં આવે છે, જન્નતના દરવાજા ખોલી દેવામાં આવે છે, અસંખ્ય લોકોની મગફેરત કરી દેવામાં આવે છે, ઈફતારીના સમયે દુઆઓ ક઼બૂલ થાય છે, રોઝો બંદાની શફાઅત કરશે, રોઝો દોઝખથી હિફાઝતનો મજબૂત કિલ્લો છે. એક નફલ રોઝાનો સવાબ જમીન ભરીને સોના કરતાંય અધિક છે તો રમઝાનના રોઝાનો સવાબ શું હશે ? વગેરે રમઝાન મુબારકની ફઝીલતમાં હદીષે પાકમાં આવેલ છે. (બ.શ.) સુબ્હાનલ્લાહ !

## ★ રમઝાનના આગમન ટાણે આપણે શું ઉમંગ દર્શાવ્યો ? ★

આ અને આ સિવાયની અનેક ફઝીલતો રમઝાન શરીફની છે, પણ છતાંય રમઝાનનું સ્વાગત કરવામાં મુસલમાનો તરફથી જે ઉમંગ તથા ઉત્સાહ હોવો જોઈએ તે જોવા મળતો નથી, (ઈલ્લા માશાઅલ્લાહ !) ન રમઝાનનો પ્રથમ ચાંદ જોવાની એટલી દરકાર લેવામાં આવે છે, તેના ન દેખાવા પર આસપાસથી ચાંદ લાવવા માટે ન ભાગદોડ જોવા મળે છે, ન ફોન પર ખાસ ઈન્કવાયરીઓ થાય છે, ઈલ્લા માશાઅલ્લાહ ! ગઈ રમઝાને પ્રથમ ચાંદ શાબાનના ૨૯ પછી આપણા ઈલાકામાં જોવા ન મળ્યો, તો લગભગ ૧૦૦ % લોકોએ ખૂબ જ જલ્દીથી મનને મનાવી લીધું કે ચાલો ! કાંઈ નહીં ! પૂરા ત્રીસ શાબાનના કરી લો ! ઈશાની નમાઝ થઈ ગઈ અને હું પોતે મસ્જિદ બહાર નીકળ્યો તો સર્વત્ર સન્નાટો હતો ! ન ચાંદ માટે કોઈએ પૂછયું, ન કાંઈ ધાંધલ ધમાલ કરી અને ન કોઈ ચર્ચા પણ થતી જોવા મળી ! સુબ્હાનલ્લાહ! આટલા બરકતી મહિનાના સ્વાગત માટે આટલી ઠંડક તથા ધીરજ ! જેથી મારાથી સબ્ર ન થતાં મસ્જિદ બહાર નીકળીને મેં કેટલાક મિત્રો બેઠા હતા તેમને પૂછયું, "ભાઈઓ ! ૨૯ રમઝાનની સાંજથી ચાંદને લાવવા માટે ધાંધલ ધમાલ તથા જીદો કરનારા, બલ્કે ઈદ ડિક્લેર ન થાય તો ધમકીઓ તથા ઝઘડો કરનારાઓમાંથી આજે કેમ એકેય મિત્ર દેખાતો નથી ? કયાં છે તે લોકો ?!" તો સર્વ મિત્રો હસવા લાગ્યા. આ છે આપણી રમઝાનથી મહોબ્બત ! રમઝાનના સ્વાગત માટે કોઈ જોશ નહીં, જ્યારે રમઝાનને ૨૯મીએ જ વિદાય માટે આખુ જગત માથે લેવામાં આવે છે ! આ છે આપણી મુસલમાની !

## ★ રમઝાન દરમ્યાન કેટલી તા'ઝીમ તથા કદર તેની થાય છે ?! ★

હા ! રમઝાન શરીફ આવતાં નમાઝીઓમાં નોંધપાત્ર વધારો થઈ જાય છે, પણ કુર્આનની તિલાવતમાં પહેલાં કરતાં સુસ્તી વર્તાતી જણાય છે. મારી ઉમરનું સાઈઠમુ વરસ ચાલે છે, અલ્હમ્દુલિલ્લાહ ! અને અમોએ તો જોયેલું જ છે, અમારાથી અધિક વરસની વય ધરાવનારાઓ એ વાતના

સાક્ષી છે કે પહેલાં હાલના કરતાં વસ્તી ઓછી હતી છતાં મસ્જિદોમાં ખામોશીની સાથે કુર્આન શરીફની તિલાવત કરનારાઓની સંખ્યા એટલી રહેતી હતી કે મસ્જિદમાં કુર્આન શરીફો ઘટી પડતાં હતા ! જ્યારે આજે કબાટોના કબાટો ભરેલા હોય છે પણ કદાચ મોટાભાગનાં કુર્આનો યથાવત જ રહે છે. પહેલાં રમઝાનમાં લોકોનો તિલાવતનો શોખ એ હતો કે લગભગ ૨૪ કલાક મસ્જિદમાં અમુક જણ તો તિલાવત કરનારા રહેતા હતા. અમુક ફજરથી દસ અગ્યાર સુધી પઢતા, અમુક અગ્યાર બારથી ઝોહર સુધી, અમુક ઝોહરથી અસર સુધી, અમુક તરાવીહ બાદથી શહેરી સુધી, અમુક સેહરી કરીને ફજર સુધી. સારાંશ કે સતત તિલાવત ચાલુ રહેતી, એકબીજાથી અધિક દોઢ કરવાની યુવાનોમાં હરિફાઈ રહેતી. જ્યારે આજે ?! મોટાભાગના યુવાન વડીલો એવા મળશે જેઓ બારે માસ તો કુર્આન ને હાથ જ નથી લગાડતા પણ રમઝાનમાં પણ તેને અડકતા નથી ! કડવી વાત લાગે તો માફ કરજો ! બલ્કે હાલ તો મોટાભાગે કેવળ હાફિઝ સાહબોને પણ તરાવીહમાં સંભળાવવાનું હોવાથી બધા જોર જોરથી અન્ય લોકો તિલાવત કરતા હોય છતાં જોરથી મસ્જિદમાં તિલાવતનો શોર ઉભો કરતા હોય છે. એમાં પણ ઘણા અંશે મજબૂરન્ પઢતા હોય એવું જણાય છે, કેમ કે રાત્રે તરાવીહમાં કુર્આન સંભળાવવાનું હોય છે. ઈલ્લા માશા અલ્લાહ ! આવું એટલા માટે લખીએ છીએ કે ૨૭મી રાત પછી એમાંનું ઈદના ચાંદ સુધી ભાગ્યે જ કોઈ કુર્આન પઢતું જોવા મળે છે ! જાણે ૨૭મી રાતથી જ રમઝાનને વિદાય આપી દેવામાં આવે છે ! જ્યારે ૨૭મી પછીથી ઈદનો ચાંદ થતા સુધી રમઝાનની બરકતો, રહમતો, ફઝીલતો તો એની એ જ હોય છે ! પણ મસ્જિદોમાં નમાઝો સિવાય સદંતર સન્નાટો જોવા મળે છે. વળી એવાં પણ શહેરો છે કે જ્યાં ૫૦–૫૦ મસ્જિદો છે પણ દરેકમાં અલમતર....ની તરાવીહ થાય છે ! કહે છે કે કુર્આનનો ખત્મ થાય મહિનામાં તે રીતે તરાવીહ રાખે તો નમાઝીઓ ૨૦–૨૫ ટકા થઈ જાય છે !

હા ! મસ્જિદની બહાર તથા ખાણા ખાવાની જગાઓ પર રાતભર ભીડભાડ પૂરો મહિનો રહે છે ! જાણે રાતભર ખાણાની મોજ માટે જ આ

મહિનો આવે છે ! બીજી વાતોનો તો અહીં ખાસ ઉલ્લેખ નથી કરતો કે ટીવી પર આ મુબારક મહિનામાં પણ કોઈ તાળુ નથી મારતુ ! મોબાઈલ પર બિનજરૂરી તેમજ હરામ દ્રશ્યો જોતા રહેવાનું બંધ નથી થતું ! જાહેરમાં દિવસે પણ ખાન પાનની દુકાનો પર મુસલમાનો ખાવા પીવામાં ખચકાટ નથી અનુભવતા ! ઈલ્લા માશાઅલ્લાહ ! આ રમઝાનની અમે જોયેલી કદરનો સંક્ષિપ્ત ચિતાર છે ! બીજા સ્થળોએ આનાથી સારી સ્થિતિ હોય તો તેઓને મુબારકબાદ !

## ★ અલવિદાઅના પ્રોગ્રામોમાં લોકોની અશ્રુમય હાલત અને ૨૯મા રોઝાના ઈફતાર પછીનો આલમ ! ★

૨૭મી રાત્રે તરાવીહમાં કુર્આનનો ખત્મ પૂર્ણ થાય છે, તેમજ રમઝાનભરમાં લોકો જાતે પણ ખત્મે કુર્આન કરતા હોય છે, તેને બખ્શવા માટે તેમજ શબે કદ્રની મુબારક રાત હોવાથી ખાસ ઈબાદત તથા દુઆ માટે મસ્જિદો ભરચક હોય છે તથા ખૂબ જ ઈમાની, રૂહાની, નૂરાની મન્ઝર રચાતો હોય છે, એ સમયે "માહે રમઝાન અલવિદાઅ"નું તરાનું દર્દમય અવાજથી પઢવામાં આવે છે ત્યારે લગભગ આખી મસ્જિદના નમાઝી ભાઈઓની આંખો રમઝાનની વિદાય નજીક આવી ગઈ એવા એહસાસ સાથે અશ્રુમય થઈ જતી હોય છે, ખૂબ જ ગંભીર માહોલ ત્યારે ખડો થઈ જાય છે, વળી કોઈક તો લાગણીઓ પર કાબૂ ન રહેતાં જોરથી રડવા લાગે છે ! સુબ્હાનલ્લાહ !

પણ લગભગ આ જ નૂરાની પ્રસંગના ૪૫–૪૮ કલાકો બાદ જેવો ૨૯ રમઝાનની ઈફતારીનો સમય થાય છે ત્યારથી ઈદના ચાંદ માટે ભાગદોડ શરૂ થઈ જાય છે ! મગરિબની નમાઝ પૂરી પણ નથી થઈ રહેતી અને મોબાઈલ પર ફોનની ઘંટડીઓ રણકવા માંડે છે કે કેવું થયું ? ચાંદ દેખાયો ?! આ ક્રમ સતત ચાલુ રહે છે ! પરેશાનીનો આલમ ખડો થઈ જાય છે ! મસ્જિદમાં, મસ્જિદ બહાર, શેરીઓમાં એક જ ચર્ચા અને ક્યાંક ચાંદ થવાની અફવાઓ પણ વહેતી થવા માંડે છે ! તપાસ કરતાં વાત ખોટી નીકળે છે. વળી એવામાં દૂર ક્યાંક કોઈ સ્થળે ચાંદ દેખાય અને ત્યાં ઈદ

જાહેર થઈ જાય અથવા દેવબંદી જમાઅતવાળા જાહેર કરી આપે તો આપણે ત્યાં ધમપછાડા શરૂ થઈ જાય છે અને લોકો જાતે જ મુફતી બનીને સ્થાનિક જિમ્મેદારોની ટીકા કરવા માંડે છે કે ફલાણે ઈદ જાહેર થઈ અને આપણે ત્યાં કેમ નથી કરતા ?! અને જાત જાતના હંગામા ખડા કરીને પરેશાની ખડી કરે છે. વળી યોગ્ય શરઈ સબૂત ન મળતાં જેમ મોડુ થાય છે તેમ પરેશાનીઓમાં અધિક તોફાનો મચાવી વધારો કરવામાં આવે છે !

ત્યારે કહેવું પડે છે કે શું આ તે જ લોકો છે જેઓ ર૭મી રાત્રે રમઝાનના ચાલ્યા જવાના ગમમાં રડતા હતા, જ્યારે આજે તેને તાત્કાલિક વિદાય કરી દેવા માટે ધાંધલ ધમાલ મચાવી રહ્યા છે ?! અને સમસ્યા શું હોય છે ? ઈદ જાહેર ન થતાં એક દિવસ રમઝાન અધિક મહેમાન રહેવાની હોય છે ! આ એક દિવસ હજી સર્વ રમઝાનની બરકતો રહમતો સાથે રહેવાનો છે ! છતાં અલવિદાઈ તરાનામાં રડી પડનારા આ લોકો કયા કારણે રમઝાનને જલ્દી કાઢવા મેદાને પડયા છે ? ત્યારે પ્રશ્ન થાય છે કે તો શું એ લોકો અલ્ વિદાઅ્ના તરાના વખતે રડવાનો કેવળ ડોળ જ કરતા હતા ?! (અલ્લાહની પનાહ !)

વળી એક નોંધપાત્ર ઘટના હવે એ બને છે કે ઈબાદત, તિલાવત, ઝિક્રો દુરૂદ પ્રતિ તલ્લીનતાથી મશગૂલ થવાને બદલે નમાઝે નમાઝે A.C. ચાલુ કરો, બંધ કરોની કચ કચ તથા તેનો શોર ચાલુ રહે છે ! જાણે ઘરોમાં ર૪ કલાક A.C.માં રહેતા હોય તેમ અમુક મિત્રો તો એને મહિનાભર વિષય બનાવી એની ચર્ચા તથા એની પ્રવૃત્તિમાં જ વ્યસ્ત રહે છે ! ઈબાદતમાં દિલ લગાડવાને બદલે A.C.ના ખયાલમાં દિલો દિમાગ લટકેલાં રહે છે. અલ્લાહ સૌને સબ્રની સાથે ઈબાદત પ્રતિ દિલ લગાડવાની તૌફીક્ આપે. *(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–ર૦૧૪)*

# રમઝાનમાં મહેરબાન રબની બંદાઓને અમૂલ્ય સ્પેશ્યલ ઓફરો !

**હે પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ !** રમઝાન મુબારકના આગમન પર અમારા તરફથી મુબારકબાદ ક઼બૂલ કરશો કે રબ તઆલાનો આ અમારા તમારા પર તેના મહબૂબ ﷺના સદક઼ામાં બેહદ કરમ છે કે ફરી એકવાર આપણા જીવનમાં રહમતો તથા મગફેરતો તથા બખ્શિશના ફૂલોની વસંત ખીલી ઉઠી છે ! જેની રૂહાની ખુશ્બૂથી દિલો દિમાગ તર થઈ ગયાં અને ઈમાનમાં તાજગી વ્યાપી ગઈ અને મુસ્લિમ સમાજમાં ઈબાદતના શોખની એક અજબની લહેર દોડી ગઈ. વિચારો કે જ્યારે કોઈ દુનિયાવી કંપની તરફથી **"દોડો ! દોડો !"** તથા એવા ઉદ્‌ગારવાચક શબ્દો સાથે આકર્ષવા માટે જાહેરાત થાય છે, **"સેલ ! સેલ ! 50% less"** અથવા **"મફત ! મફત !"** વગેરે જાહેરાતો થાય છે તો લોકો આકર્ષાય જાય છે અને ખરીદી કરવા દોડે છે, જો કે આવી જાહેરાતો સરવાળે ભ્રામક જ પુરવાર થતી હોય છે છતાં લોકો દોડે છે ! દુનિયાવી લાભની વાત તે પણ છેતરામણી જાહેરાતો કરી નાણા રળી લેવા માંગતા માનવીઓ થકી થાય છે છતાં લોકો લલચાય ઉઠે છે. તો હે પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! **સાચો મુસલમાન તો તે જ છે જે ક઼યામત પર તથા આખેરતના હમેશાંના જીવન પર ઈમાન ધરાવે છે, તે સમજે છે કે દુનિયા તો કઈ પળે ત્યજવી પડશે તે નિશ્ચિત નથી જ્યારે આખેરતમાં તો હમેશાંનું જીવન હશે, જેથી તેને સુખદાયક બનાવવાની ફિકરમાં રહે છે.** તો હે દોસ્તો ! આપ સાચે જ આખેરતની ચિંતા કરતા હોઉ તો ટૂંક સમયમાં તમો તે મુબારક ઘડીઓથી ફય્ઝયાબ થતા હશો જેમાં રબની રહમતોનો ધોધ તમારા પર વરસી રહ્યો હશે, તો સાવધાન થઈ જાવ ! અને એ રહમતોને સમેટવા અને જમા કરવામાં લાગી જાવ ! આવો ! આવો !

## ★ રમઝાનની પ્રથમ રાત સાથે જ રહમતોની અપાર વર્ષા! ★

આપણા પ્યારા નબી કરીમ રઉફો રહીમ ﷺ રમઝાન શરીફની રહમતોની વર્ષા બાબતે શું ફર્માવે છે તે સાંભળો ! ખૂબ ધ્યાન આપશો ! અને દોડો ! રહમતો બરકતો લૂંટો ! આ કોઈ ધોકાબાઝ દુનિયાદારની જાહેરાત નથી બલ્કે જેનું જૂઠ બોલવું મુહાલ (અશક્ય) છે તે રબ તરફથી અમૂલ્ય ઓફરો છે. જો કે આમાં બંદાઓનો જ નફો છે, રબ તો લાભાલાભથી બેનિયાઝ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી ફકીહ અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہ બયાન કરે છે. હુઝૂર નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "એક વરસથી બીજા વરસ સુધી રમઝાન મુબારકમાં પ્રવેશવા માટે જન્નતને સજાવવામાં આવે છે અને ધૂણી આપવામાં આવે છે. પછી જ્યારે માહે રમઝાનની પ્રથમ રાત આવે છે તો એક હવા જેને "શૈરા" કહેવામાં આવે છે તે અર્શની નીચેથી ચાલે છે જેના લીધે જન્નતનાં ઝાડોનાં પાંદડાં ફરફરવા માંડે છે જેનાથી વિવિધ પ્રકારના અવાજો નીકળે છે જે ઘણા જ સૂરીલા હોય છે અને સાંભળનારાઓએ આવા સૂરીલા અવાજો કદી સાંભળ્યા નહીં હોય. ત્યારે હસીનો જમીલ તથા ખૂબસૂરત આંખોવાળી હૂરો જન્નતના ઉપલા માળાઓ પર ઉભી રહીને પુકારે છે કે એવો કોઈ છે કે જે અલ્લાહ તઆલાથી અમારા માટે સવાલ કરે જેથી અલ્લાહ તઆલા ﷻ તેને અમારી સાથે જોડી આપે. પછી જન્નતના દરવાનથી સવાલ કરે છે કે આ કઈ રાત છે ? તો જન્નતનો દરવાન તે હૂરોને લબ્બૈક કહીને જવાબ આપે છે અને કહે છે કે હે હસીનો જમીલ ઔરતો ! આ રમઝાનુલ મુબારકની પ્રથમ રાત છે જેમાં અલ્લાહ તઆલા ﷻ જન્નતના દરવાનને ફર્માવે છે કે ઉમ્મતે મુહમ્મદિયા ﷺના ઉમ્મતીઓના રોઝાદારોના માટે જન્નતના દરવાજા ખોલી નાખો ! અને જહન્નમના દરવાનને કહે છે કે ઉમ્મતે મુહમ્મદિયા ﷺના રોઝાદારો માટે જહન્નમના દરવાજા બંધ કરી દો ! અને હઝરત જિબ્રઈલ علیہ السلام ને હુકમ આપે છે કે જમીન પર ઉતરો અને બદ્‌માશ તથા નાફર્માન શૈતાનોને કૈદ કરી લો અને તેમનાં ગળાંઓમાં

તૌક નાખીને તેમને સમુદ્રોના ઊંડાણોમાં ફેંકી આપો જેથી તેઓ મારા મહબૂબ ﷺની ઉમ્મતના રોઝાદારોને ન બેહકાવી શકે." *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! વિચારો ! રોઝાદારોથી રબ્બે કરીમ કેટલો ખુશ થાય છે કે વરસભર જન્નતને સજાવવામાં આવે છે, ધૂણી આપવામાં આવે છે. માણસને પોતાને ત્યાં કોઈ ખુશીનો દિવસ આવે છે તો મહેમાનો માટે તે પોતાના ઘરને સજાવે ધજાવે છે, લાઈટિંગ ડેકોરેશન વગેરે કરીને ખૂબ જ આકર્ષક બનાવી આપે છે, તો રબ્બે કરીમ તેના કરમથી જન્નતને વરસભર સજાવે તો તે કેવી આકર્ષક બનતી હશે ! આમેય જન્નતની નેઅમતો એવી અજોડ છે કે તેની ઉચ્ચતાની કલ્પના પણ આપણે નથી કરી શક્તા, તો જ્યારે તે જન્નતને રબ વરસભર સજાવે તો તેની રોનકનો આલમ તો કોણ જણાવી શકે?! તો હે મારા દીની ભાઈઓ! તથા બહેનો ! આ તુચ્છ દુનિયાને પામવા આપણે તનતોડ કોશિશો કરીએ છીએ, એક ઘર બનાવવા વરસો સુધીની મહેનત પછી તે સર્વ પુંજી તેની પાછળ ખર્ચીએ છીએ, વળી તેને કમાવા કેટલા જાઈઝ તથા નાજાઈઝ, હરામ હલાલનો પણ ખયાલ નથી કરતા ! બધું કર્યા પછી એકાદ બે બંગલા બનાવી તેની સજાવટ કરી માણસ ફૂલ્યો નથી સમાતો. પણ આ તો રોઝાદારોનું ઈનામ છે કે રબ તઆલા વરસભર જન્નતની સજાવટ કરી રોઝાદારોને અર્પણ કરે છે, તેમને પ્રવેશ આપે છે. તો હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ નાશવંત દુનિયા કમાવાની ધાડમાં રહીને રોઝાઓનો ત્યાગ કરીને આવી અકલ્પ્ય મહાન નેઅમતને ગુમાવશો નહીં. અફસોસ ! આજે એવા અગણિત મુસલમાનો જોવા મળે છે જેઓ દુનિયાની મામૂલી કમાણીના બદલામાં રોઝા છોડી આટલી મહાન નેઅમતને ગુમાવી રહ્યા છે.

વળી કેટલાક યુવાનો તથા ભટકેલા પુરૂષો આવા મુબારક દિવસોમાં પણ રંગરેલીઓમાં વ્યસ્ત રહે છે અને ટીવી પર સ્ત્રીઓના ડાન્સ તથા રમતો જોવામાં તથા પર સ્ત્રીઓ સાથે નાજાઈઝ સંબંધો રાખી રોઝા ત્યજીને હરવા ફરવામાં દિવસો પસાર કરે છે અને રાતોમાં કલબો પાર્કોમાં ભટકીને

બંને દુનિયાને ખતરામાં નાખે છે. તેઓ ગંભીરતાથી વિચારે કે અલ્લાહે તેમને ઈમાન જેવી મહાન નેઅમત આપી તેની કદર કરે અને રમઝાનનો મુબારક મહીનો આપ્યો તેની કિંમત સમજે અને તેમાં રોઝા રાખી ઈબાદતો કરે, તૌબા કરે, મગફેરત ચાહે. જરા વિચારો કે આ દુનિયાની ખૂબસૂરત સ્ત્રીઓ સાથે નાજાઈઝ સંબંધ રાખી બંને જહાનમાં બર્બાદી સિવાય કાંઈ જ નહીં મળે, જ્યારે જન્નતની હૂરોનું વર્ણન વાંચો કે હદીષોમાં છે કે જન્નતની હૂરનો કેવળ દુપટ્ટો જ દુનિયાવાળાઓ સમક્ષ લહેરાવી દેવામાં આવે તો લોકો ગાંડા બની જાય! તો તેની સુંદરતાનો તથા નૂરાનિયતનો શો અમલ હશે ?! વળી જન્નતની કોઈ હૂર જો દુનિયા પર દૃષ્ટિ ફેંકે તો જન્નતથી અહીં સુધી નૂર ફેલાય જાય. અને આ પાકીઝા હૂરો અલ્લાહનો ઝિક્ર તથા અલ્લાહની તારીફ કરનારી હશે. તો હે પુરૂષો ! આવી અણમોલ નેઅમતને તમો એક ફાહિશા તથા ક્ષણિક સુંદરતાવાળી બિનભરોસાપાત્ર સ્ત્રીઓ પાછળ ભટકીને ખોઈ રહ્યા છો ! અને ક્ષણિક આનંદ માટે અલ્લાહના ગઝબને નોંતરી રહ્યા છો ?! સંભલી જાવ ! હે મિત્રો ! સંભલી જાવ અને રમઝાનની કદરમાં લાગી જાવ.

## ★ આમ તેમ ન ભટકો ! રબની રહમત તો જુઓ ! ★

હે મુસલમાનો ! આવો ! આવો ! વરસભર આપણે ગફલતમાં રહ્યા અને ગુનાહોમાં રચ્યા પચ્યા રહ્યા અને આપણુ ઈમાન છે કે ગુનાહોનો બદલો જહન્નમ જ છે, તો સમજો તમને અલ્લાહે બુદ્ધિ આપી છે તો એ ગુનાહોને માફ કરાવી લો. એવું ન વિચારો કે આપણા ગુનાહો તો અગણિત અને પુષ્કળ છે તો શું થશે ?! નહીં ! નહીં ! રબની રહમતથી નાઉમ્મીદ ન થાવ, જુઓ ! જુઓ ! તમારો મહેરબાન રબ શું ફર્માવે છે !

હદીષે મુબારકામાં આવે છે કે અલ્લાહ તઆલા ﷻ રમઝાન મુબારકની દરેક રાતમાં ત્રણવાર ફર્માવે છે કે **છે કોઈ માંગનાર જેને હું આપું ! છે કોઈ તૌબા કરનાર જેની તૌબા કબૂલ કરું ! છે કોઈ બખ્શિશનો તલબગાર જેની હું બખ્શિશ કરી આપું !** પછી પોકારવામાં આવે છે કે, છે કોઈ એવા માલદારને કરજ આપનાર જે

મોહતાજ નથી અને તે પૂરેપૂરું કરજ અદા કરનાર છે. અને રમઝાન માસના દરેક દિવસે ઈફતારના સમયે અલ્લાહ તઆલા ﷻ એવા એક લાખ દોઝખીઓને દોઝખથી છૂટકારો આપે છે જેઓ અઝાબના હક્કદાર હતા. અને જુમ્આની રાત અને જુમ્આના દિવસે દરેક ઘડીમાં અલ્લાહ તઆલા ﷻ એવા દસ લાખ જહન્નમીઓને જહન્નમથી આઝાદ કરે છે જેઓ અઝાબના હક્કદાર હતા. અને રમઝાનુલ મુબારકના અંતિમ દિવસે એટલા દોઝખીઓને દોઝખથી આઝાદ કરવામાં આવે છે જેટલા પ્રમાણમાં આખા રમઝાન માસમાં બખ્શી દેવામાં આવ્યા. સુબ્હાનલ્લાહ ! *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે મુસલમાનો ! ઉપરોક્ત હદીષને વારંવાર વાંચો અને રમઝાનની રહમતો બરકતોનો અંદાઝો લગાડો ! તમો અંદાઝો પણ નહીં લગાડી શકો કે કેટલી મહેરબાનીઓ રમઝાનની મુબારક પળોમાં થઈ રહી છે. રમઝાન મુબારકમાં રોઝા, નમાઝ, તિલાવત, તરાવીહ... વગેરે ત્યજીને ઘણા લોકો સતત ધંધામાં વ્યસ્ત રહે છે, વિચારે છે કે આ તો માલ કમાવાની સીઝન આવી છે ! પણ સાંભળો ! જરા દિમાગને હાજર કરો ! રબ ફર્માવે છે, **છે કોઈ માંગનાર જેને હું આપું !** વિચારો ! રબના ખજાનામાં શું કમી છે ? જે માંગશો તે મળશે. અહીં રબ તરફથી એલાન થાય છે કે માંગો ! માંગો ! અને તમે માલ મેળવવા રોઝા ત્યજીને નમાઝ ત્યજીને ગલી ગલી ભટકી રહ્યા છો ! તો ક્યાંથી ભલુ થાય ! હરગિઝ ન થાય ! હા ! નમાઝ, રોઝાની પાબંદી સાથે નિયમ પ્રમાણે ધંધો પણ કરો પણ તદ્દન ધંધામાં ખોવાઈને રમઝાનનું મહત્વ ન ભૂલો અને તેની બરકતોને ન ગુમાવો.

આગળ ફર્માવે છે, **છે કોઈ તૌબા કરનાર જેની તૌબા કબૂલ કરું ! છે કોઈ બખ્શિશ ચાહનાર જેને બખ્શી આપું ! કેટલી જબરદસ્ત ઓફર તેજ રબ તરફથી છે જે ગુનાહોના બદલામાં જહન્નમની આગમાં ફેંકનાર છે.** આપણાથી દુનિયાની આગની ચિંગારી નથી સહન થતી તો તેનાથી સિત્તેર ગણી તેજ જહન્નમની આગ કઈ રીતે સહન થશે ?! તો આવો ! મહેરબાન રબની આ ઓફર સ્વીકારી લો ! અને ગુનાહોનો ત્યાગ કરી તૌબામાં મશ્ગૂલ થઈ જિંદગીને રબની પસંદવાળી

પાકીઝા બનાવી દો ! જરૂર રબ્બે કરીમ માફ કરી આપશે અને બંને જહાનમાં ચૈન તથા સુકૂન આપશે. અને દુઆ કરો કે, **હે અમારા રબ ! અમને પણ તે લાખોમાંનો એક બનાવ જેમની તું આ મુબારક પળોમાં બખ્શિશ ફર્માવી રહ્યો છે,** અને અમારી ઔલાદ તથા સર્વ ઈમાનવાળાઓને બખ્શી આપ !

## ★ રોઝા અને કુર્આનની શફાઅત ★

રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, ''રોઝા અને કુર્આન બંદાની શફાઅત કરશે. રોઝો અર્ઝ કરશે, હે રબ ! મેં એને દિવસમાં ખાવા પીવા તથા વાસનાથી રોક્યો, તેના બારામાં મારી શફાઅત કૂબૂલ ફર્માવ ! અને કુર્આન કહેશે, મેં એને રાતમાં સૂવાથી રોક્યો જેથી તેના સંબંધે મારી શફાઅત કૂબૂલ કર. બંનેની શફાઅત કૂબૂલ થશે. *(બયહકી, શોઅબુલ ઈમાન)*

હે દોસ્તો ! આ કેટલી મહાન ખુશખબરી છે કે રોઝા તથા કુર્આન તેને રાખનાર તથા પઢનારની શફાઅત કરશે અને તે કૂબૂલ થશે. તો આજે તમારા જ હાથમાં નજાત પામવાનો અમૂલ્ય અવસર છે તેને ગુમાવશો નહીં. અને રમઝાનમાં રોઝાની પાબંદી કરશો તથા રાતે કે દિવસે ટાઈમ પાસ માટે T.V. પર ક્રિકેટ, ફૂટબોલ કે અન્ય રમતો, ફિલ્મો, સિરિયલો તથા કેરમના ખેલ વગેરે નહીં પણ અલ્લાહની કિતાબ એટલે કુર્આને પાકને હાથમાં લેશો, તેની ઝિયારત કરશો અને તેની તિલાવત કરશો, તેની તફસીર વાંચશો તો ઉપરોક્ત ખુશખબરી તમારા માટે જ છે.

## ★ શબે કૂદ્રનાં ઈનામો તો જુઓ ! ★

પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! જ્યારે શબે કૂદ્ર આવે છે તો અલ્લાહ તઆલા ﷻ હઝરત જિબ્રઈલ علیہ السلામને હુકમ ફર્માવે છે અને તે ફરિશ્તાઓના એક મોટા સમૂહની સાથે જમીન પર આવે છે, તેમની સાથે એક લીલો અલમ (ઝંડો) હોય છે જેને તે કા'બાની છત પર લગાડી આપે છે. હઝરત જિબ્રઈલ علیہ السلامની છસો પાંખો છે જેમાંથી કેવળ બે પાંખોને શબે કૂદ્રમાં ખોલે છે જે પૂર્વ તથા પશ્ચિમને પોતાની લપેટમાં લઈ લે છે. પછી હઝરત જિબ્રઈલ علیہ السلام અન્ય ફરિશ્તાઓને કહે છે કે ઉમ્મતે

મુહમ્મદિયા ﷺના તે દરેક શખ્સને જે રાતમાં કયામમાં હોય કે કાએદામાં, નમાઝ અદા કરી રહ્યો હોય કે ઝિક્ર કરી રહ્યો હોય તેનાથી તેઓ મુસાફો કરે અને સલામ કરે અને તેમની દુઆઓ પર આમીન કહે, ત્યાં સુધી કે સવાર થઈ જાય. *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે લોકો ! શબે કદ્રનું મહત્વ તો જુઓ ! **તમે ઈબાદત કરશો તો ફરિશ્તા તમારાથી મુસાફો કરશે, સલામ કરશે અને તમારી દુઆઓ પર આમીન કહેશે ! કેટલી કદર રબ્બે કરીમ તમારી ફર્માવી રહ્યો છે ! કેટલી ઈજ્જત તમને આપી રહ્યો છે !** અને આમ તેમ નાહક્ક ફાંફાં મારવા કરતાં લોકોની ખુશામદ કરવા કરતાં **આ રાતમાં જે જોઈએ તે દુઆ તમારા રબથી જ માંગો તો ફરિશ્તાની આમીન તમારી આમીન સાથે મળી જશે તો જરૂર તમારી દુઆ તથા તમારી માંગણી રબ કબૂલ ફર્માવી લેશે.** આટલી ઓપન ઓફરો આપણા અતિ મહેરબાન ખાલિક માલિક عزوجل થકી થઈ રહી છે છતાં આપણે લાભ ન ઉઠાવીએ અને આવી મુબારક રાતોને ગપ્પાં ટપ્પાં કે આમ તેમ રખડવામાં ગુમાવીએ તો આપણી જેવો બેવકૂફ કોણ ?!

આગળ ફર્માવે છે : જ્યારે (શબે કદ્રનો) દિવસ ચઢે છે તો હઝરત જિબ્રઈલ علیہ السلام અવાજ આપે છે કે હે ફરિશ્તાઓ ! હવે પાછો ચાલો ! ફરિશ્તાઓ કહે છે કે હે જિબ્રઈલ ! علیہ السلام ઉમ્મતે મુહમ્મદિયા ﷺના ઈમાનવાળાઓની જરૂરતોમાં અલ્લાહ جل جلالہ એ શો મામલો રાખ્યો છે ? તો હઝરત જિબ્રઈલ علیہ السلام જવાબમાં કહે છે કે **અલ્લાહ તઆલા عزوجل એ તેમના પર કરમની નિગાહ ફર્માવી છે** અને ચાર પ્રકારના લોકો સિવાય સર્વ ગુનેહગારોની **મગફેરત કરી આપી છે.** સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે ચાર પ્રકારના કયા લોકો છે ? તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે એમાંથી એક તે છે જે **શરાબની આદતવાળો હોય, બીજો જે માંબાપનો નાફર્માન હોય, ત્રીજો તે છે જે સગાંઓથી સંબંધ કટ કરનાર હોય અને ચોથો કીનો રાખનાર.** સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ **કીનો રાખનાર કોણ ?** તો હુઝૂર નબી કરીમ

ﷺએ ફર્માવ્યું, કીનો રાખનાર તે છે જે દિલમાં વાત રાખીને પોતાના મુસલમાન ભાઈ સાથે ત્રણ દિવસથી અધિક વાત ન કરે. *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે મુસલમાનો ! કેટલી રહમતો, બરકતો તથા માફીની ખુશખબરી તમે સાંભળી ! તમે મુસલમાન છો ! રસૂલે પાક ﷺના શયદાઈ છો ! હવે તો દિલને નરમ કરો ! અને ખુદાનખ્વાસ્તા **જો કોઈનાં માંબાપ તેનાથી નારાજ હોય તો આજે જ માફી માંગી, ગમે તેમ કરીને તેમને રાજી કરી લો,** શરાબ પીવાથી સાચા દિલથી તૌબા કરી લો, સુન્ની સગાં હોય અને આપસમાં કચવાટ હોય તો તમારા તરફથી તેને દૂર કરવા ભરપુર કોશિશ કરો અને માફી તલાફી કરી લો, અને કોઈ સુન્ની મુસ્લિમથી અબોલા હોય તો આજે જ સંબંધ સુધારી લો. જો એવું ન થયું તો ક્યાંક એવું ન બને કે રબની મગફેરતથી તમો વંચિત રહી જાવ. (મઆઝલ્લાહ !) માટે **નરમી અપનાવો, માફી માંગવા તથા માફી આપવામાં જરાય ખચકાટ ન અનુભવો** અને આકા ﷺના સર્વ ગુલામોથી મહોબ્બત તથા પ્રેમભાવ રાખો, દરેકને કામ આવો અને રબની મગફેરતના હક્કદાર બનો.

રબ્બે કરીમ આપણને સૌને રમઝાનની રહમતો, બરકતો તથા મગફેરતોથી માલામાલ ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–૨૦૦૮)*

# રોઝો તૂટવા વિશે તથા કઝા કફ્ફારના મસાઈલ

## ★ રોઝો તોડનારી બાબતોનું બયાન ★

**મસ્અલો** : ખાવા પીવા કે સંભોગ કરવાથી રોઝો તૂટી જાય છે, જ્યારે કે રોઝદાર હોવાનું યાદ હોય. રોઝદાર હોવાનું યાદ નથી અને ભૂલથી ખાય, પી લીધું કે સંભોગ કર્યો તો ન તૂટયો. *(હિદાયા, આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : હુક્કો, સિગારેટ, બીડી, ચીરૂટ, સિગાર પીવાથી રોઝો તૂટી જાય છે.

**મસ્અલો** : પાન કે તંબાકુ ખાવાથી પણ રોઝો તૂટી જાય છે. પછી ભલે તેને ચાવીને પાણી થૂંકી નાંખવામાં આવેલ હોય.

**મસ્અલો** : ખાંડ, સાકર, ગોળ અને એવી ચીજ કે જે મોઢામાં મૂકતાં ઓગળી જાય છે, તેને મોં માં મૂક્યું અને થૂંક ગળી ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાં કોઈક ચીજ ચણા બરાબર ભરાઈ હતી તે ખાઈ ગયા અથવા ચણાથી નાની હતી અને તેને મોંથી બહાર કાઢી પછી ખાઈ ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળાથી નીચે ઉતર્યું અને લોહી થૂંકથી વધારે કે બરાબર હતું કે ઓછું પરંતુ એનો સ્વાદ ગળામાં જણાયો, તો આ બધીય હાલતોમાં રોઝો તૂટી ગયો, અને લોહી થોડું હતું અને સ્વાદ પણ ન જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : જાજરૂના રસ્તે દવા ચઢાવી કે નાકમાં ચઢાવી કે કાનમાં તેલ નાંખ્યું કે જતું રહ્યું તો રોઝો તૂટી ગયો. અને જો કાનમાં પાણી પેસી ગયું કે નાખ્યું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** :કોગળા કરી રહ્યો હતો અને ઈરાદા વિના પાણી ગળા નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવી રહ્યો હતો અને પાણી મગજમાં ચઢી ગયું તો રોઝો તૂટી ગયો, પરંતુ રોઝો છે એ યાદ ન હતું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : ઊંઘમાં પાણી પી લીધું કે કંઈક ખાઈ પી લીધું, અને મોં ખુલ્લુ હતું કે પાણીના ટીપાં કે કરા (બરફની ટુકડી) ગળામાં ચાલી ગયા તો રોઝો તૂટી ગયો. *(ઝૌહરા, આલમગરી, બહાર)*

**મસ્અલો** : બીજાનું થૂંક ગળી ગયો કે પછી પોતાનું જ થૂંક હાથમાં લઈ ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગરી, બહાર)*

**મસ્અલો** : મોમાં રંગીન દોરો રાખ્યો જેનાથી થૂંક રંગીન થઈ ગયું, પછી તે થૂંક ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : આંસૂ મોં માં જતું રહ્યું અને તે ગળી ગયો અને તે એકાદ ટીપું, બે ટીપાં છે, તો રોઝો ન તૂટયો અને જો વધારે હતાં કે જેનો ખારો સ્વાદ પૂરા મોં માં જણાયો તો રોઝો તૂટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : પુરૂષે સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો (વાસનાથી) અથવા સંભોગ કર્યો અથવા ગળે લગાડી અને વિર્ય નીકળી ગયું તો રોઝો તૂટી ગયો અને સ્ત્રીએ વાસનાથી પુરૂષને સ્પર્શ કર્યો તે કારણે પુરૂષને વિર્ય નીકળી ગયું તો રોઝો ન તૂટયો. સ્ત્રીને પુરૂષે કપડાં પહેરેલ હાલતમાં સ્પર્શ કર્યો, કપડું એટલું જાડુ હતું કે શરીરની ગરમી ન જણાય તો રોઝો ન તૂટયો ભલે પછી વિર્ય નીકળી ગયું હોય.

**મસ્અલો** : વધુ પડતો ઈસ્તિંજો કર્યો ત્યાં સુધી કે અંદર સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો અને તે વળી એટલો વધુ પડતો ઈસ્તિંજો કરવો પણ ન જોઈએ એનાથી ભયંકાર બીમારીનો ભય છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પુરૂષે પેશાબના કાણામાં પાણી કે તેલ નાંખ્યું તો રોઝો ન તૂટયો, ભલે તે અંદર સુધી પહોંચી ગયું હોય અને જો સ્ત્રીએ પેશાબની

જગામાં પાણી કે તેલ નાંખ્યું અને અંદર સુધી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : સ્ત્રીએ પેશાબગાહમાં રૂ કે કપડું મૂક્યું અને તે બિલકુલ બહાર ન રહ્યું તો રોઝો તૂટી ગયો. સૂકી આંગળી કોઈએ જાજરૂની જગામાં મૂકી અથવા સ્ત્રીએ પેશાબગાહમાં મૂકી તો રોઝો ન તૂટયો અને જો ભીની હતી કે કંઈક તેની સાથે લગાવેલું હતું અને અંદર મૂકી તો રોઝો તૂટી ગયો. જ્યારે કે તે જાજરૂ કરવાની જગ્યામાં તે જગ્યાએ મૂકી હોય જ્યાં પીચકારીનો છેડો રાખવામાં આવે છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : રોઝાથી હોવું યાદ હોવા છતાં જાણી બુઝી મોં ભરી ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો અને જો મોં ભર્યાથી ઓછી કરી છે તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : કુદરતી રીતે ઉલ્ટી થઈ ગઈ તો થોડી હોય કે વધુ રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઈરાદા વિના ઉલ્ટી આવી અને ખૂદ બ ખૂદ અંદર પાછી વળી ગઈ તો રોઝો ન તૂટયો. ભલે થોડી હોય કે વધુ, રોઝદાર હોવું યાદ હોય કે ન હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ઉલ્ટી માટેના આ હુકમો ત્યારે લાગુ પડે છે કે ઉલ્ટીમાં અનાજ આવે કે ખટાશ કે લોહી આવે, જો ફક્ત કફ આવ્યો તો રોઝો ન તૂટશે. *(આલમગીરી)*

**મસ્અલો** : રમઝાનમાં મજબૂરી વિના જે માણસ ખુલ્લેઆમ ખાય પીએ તો (બાદશાહે ઈસ્લામ) માટે હુકમ છે કે તેને ક઼ત્લ કરી નાખે. *(રદુલ મુહતાર, દુર્રે મુખ્તાર, દહબાનિયા, બહાર)*

## ★ જે બાબતોથી રોઝો ફક્ત ક઼ઝા કરવો જરૂરી છે ★

**મસ્અલો** : એવો ખ્યાલ હતો કે હજુ સુબ્હ સાદિક઼ શરૂ થઈ નથી તે કારણે ખાધુ, પીધું કે સંભોગ કર્યો તે પછીથી જણાયું કે સુબ્હ સાદિક઼ થઈ ચૂકી હતી, તો રોઝો ગણાશે નહીં, ફક્ત ક઼ઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખાવા, પીવા માટે બળજબરીથી મજબૂર કરવામાં આવ્યો એટલે કે ખરેખર એવી ધમકી આપી જેમ કે રોઝો તોડીશ નહીં તો મારી નાખીશ કે હાથ પગ, કાન, નાક વગેરેમાંથી કોઈક અવયવ કાપી નાખીશ. તો એવા સંજોગોમાં ભલે પોતાના હાથથી ખાધુ, પીધું છતાં ફક્ત કૃઝાનો હુકમ લાગુ પડશે. રોઝો ફક્ત કૃઝા કરવો જરૂરી છે. (દુર્રે મુખ્તાર વગેરે) અર્થાત તે એક રોઝાના બદલે એક રોઝો રાખવો પડશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : ભૂલથી ખાધું, પીધું કે સંભોગ કર્યો હતો અથવા નજર કરી હતી કે વિર્ય નીકળી ગયું હતું અથવા એહતેલામ (ઊંઘમાં વિર્ય નીકળવું) થયું હતું અથવા ઉલ્ટી થઈ ગઈ હતી, આ બધીય હાલતોમાં એમ વિચારી લીધું કે રોઝો તૂટી ગયો, હવે એ જ ખ્યાલ સાથે જાણીબુઝીને ખાધુ, પીધું તો ફક્ત કૃઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : કાનમાં તેલ નાખ્યું અથવા પેટ કે દિમાગના અંદરના ભાગ સુધીનો ઘા છે તેમાં દવા નાખી તે પેટ કે દિમાગની અંદર પહોંચી ગઈ અથવા પિચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા કાંકરા, પથ્થર, માટી, રૂ, કાગળ, ઘાસ.... વગેરે એવી કોઈ ચીજ ખાધી જેનાથી લોકો ધૃણા કરે છે અથવા રમઝાનમાં વગર નિય્યતે રોઝો રાખ્યાની જેમ રહો અથવા સવારમાં નિય્યત કરી ન હતી દિવસે ઝવાલ પહેલાં નિય્યત કરી અને પછી ખાય લીધું અથવા રોઝાની નિય્યત કરી હતી પણ રમઝાનના રોઝાની ન કરી હતી અથવા ગળામાં વરસાદના ટીપાં કે બરફના ટુકડા (કરા) જતા રહ્યા, અથવા ઘણા આંસૂંઓ કે પરસેવો ગળી ગયો અથવા ઘણી નાની છોકરીથી સંભોગ કર્યો કે જે એને લાયક ન હતી અથવા મુરદારની કે જાનવરથી ઝિના કર્યો અથવા જાંઘ કે પેટ ઉપર સંભોગ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સ્ત્રીના હોય ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરને સ્પર્શ કર્યો ભલે શરીર સાથે કપડું હોય પણ શરીરની ગરમી જણાતી હોય અને એવા સંજોગોમાં વિર્ય પણ નીકળી ગયું હોય અથવા હાથથી વિર્ય સ્ખલન કર્યું અથવા ચાલુ રમઝાન સિવાયનો કોઈક રોઝો તોડી નાખ્યો પછી ભલે તે રમઝાનનો કૃઝા રોઝો કેમ ન હોય અથવા સ્ત્રી ઊંઘી રહી હતી અને તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા સવારમાં ભાનમાં હતી

અને રોઝાની નિય્યત કર્યા પછી તે પાગલ બની ગઈ, તેવી હાલતમાં તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા એવા ખ્યાલથી સહેરી ખાધી કે હજુ રાત છે અથવા રાત હોવામાં વહેમ હતો અથવા એવા ખ્યાલથી રોઝો છોડી નાખ્યો કે સૂરજ આથમી ગયો છે જ્યારે કે ખરેખર આથમ્યો ન હતો અથવા બે માણસોએ ગવાહી આપી કે સૂર્ય આથમી ગયો છે અને બે માણસોએ ગવાહી આપી કે હજી દિવસ છે એવા સંજોગોમાં રોઝો ઈફતાર કરી નાખ્યો, પાછળથી ખબર પડી કે ખરેખર સૂર્ય આથમ્યો ન હતો. આવા બધાય સંજોગોમાં ફક્ત કઝા જરૂરી છે, કફ્ફારો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર મુકીમ થયો, હૈઝવાળી, નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલ હોશમાં આવ્યો, બીમાર હતો સારો થઈ ગયો, કોઈકનો રોઝો હતો તે તૂટી ગયો ભલે કોઈએ બળજબરીથી તોડાવ્યો કે ભૂલથી પાણી કે કાંઈક ગળામાં જતું રહ્યું અને તેનાથી તૂટી ગયો, રાત સમજી ઈફતાર કરી નાખ્યો જ્યારે કે હજુ સૂર્ય બાકી હતો, આવા દરેક સંજોગોમાં જેટલોય દિવસ બાકી રહે તે પૂરા ટાઈમને રોઝાની જેમ પૂરો કરવો વાજિબ છે અને એ દિવસનો રોઝો કઝા રાખવો પણ જરૂરી છે. પરંતુ નાબાલિગ બાલિગ થઈ ગયો અથવા કાફિર દિવસે મુસલમાન થયો તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ નથી, ફક્ત દિવસનો બાકીનો સમય રોઝદારની જેમ પૂરો કરવો એમના ઉપર પણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બાળકની ઉંમર ૧૦ વરસની થઈ જાય તો રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય તો રોઝો રખાવવો, ન રાખે તો મારીને પણ રખાવવો. રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય છતાં રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ લાગુ પડશે નહીં, જો નમાઝ તોડી નાખે તો ફરીથી પઢાવવી. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : સુબ્હ સાદિક થવા પહેલાં સ્ત્રી સંભોગમાં હતો પરંતુ સુબ્હ સાદિક શરૂ થતાં જ દૂર થઈ ગયો તો કાંઈ નહીં અને એ જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ભૂલથી સંભોગમાં મશ્ગૂલ થયો યાદ આવતાં જ દૂર થઈ ગયો તો માફ છે પરંતુ જો એવી જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : મૈયતના કઝા રોઝા થઈ ગયા હતા તો એનો વારિસ–વાલી એના તરફથી ફિદયો આપે જ્યારે મૃત્યુ પામનારે વસિયત કરી હોય અને પોતાની પાછળ માલ પણ છોડયો હોય, નહીંતર વાલી (વારિસ) ઉપર જરૂરી નથી, આપે તો બેહતર છે. *(બહારે શરીઅત)*

## ★ રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફ્ફારો પણ જરૂરી છે ★

રમઝાનનો રોઝો જાણીબુઝીને તોડી નાખવાથી કફ્ફારો પણ જરૂરી છે. રોઝો તોડવાનો કફ્ફારો એ છે કે, એક લોંડી ગુલામ આઝાદ કરવી અથવા ૬૦ રોઝા બરાબર એકી સાથે રાખવા અને એ ન બની શકે તો **૬૦ મિસ્કીનોને પેટ ભરીને બે ટાઈમ ખાવા ખવડાવવું.** ૬૦ રોઝા રાખવાની પરિસ્થિતિમાં એક પણ રોઝો વચમાં ગમે ત્યાં છૂટી ગયો તો ત્યાંથી ફરીથી ૬૦ ગણવા. પહેલાં રાખેલા ગણાશે નહીં. (મતલબ લગાતાર સાઈઠ રોઝા થવા જોઈશું.) દા.ત. ૫૯ રાખ્યા હતા સાઈઠમો રાખ્યો ન હતો કે બીમાર વગેરે લાચારીને કારણે. તો ફરીથી એકી સાથે સાઈઠ રાખવા. પહેલાં ૫૯ રાખેલા બેકાર થયા. પરંતુ હા ! સ્ત્રીને હૈઝ આવે તે કારણે જેટલા દિવસો ન રાખી શકી તો તે છૂટેલા નહીં ગણાય અર્થાત પહેલાંના રોઝા તેમજ હૈઝની પછીના રોઝા એ એકી સાથે મળી સાઈઠ થતાં કફ્ફારો પૂરો થયો ગણાશે. *(રદ્દુલ મુહ્તાર, બહાર, આલમગીરી)*

રોઝો તોડવાથી કફ્ફારો લાગુ પડવાની થોડીક શરતો છે :–

(૧) રમઝાન મહિનામાં રમઝાનનો રોઝો અદા કરવાની નિય્યતથી રોઝો રાખ્યો હોય. (૨) રોઝો રાખનાર મુકીમ હોય મુસાફર ન હોય. (૩) મુકલ્લફ હોય (એટલે કે આકિલ, બાલિગ હોય) (૪) રમઝાનના રોઝાની રાત્રે જ નિય્યત કરી હોય. જો રમઝાનના રોઝાની જેને તોડયો

તેની દિવસે નિય્યત કરી છે તો તેનો કફ્ફારો નથી. (૫) રોઝો તોડયા પછી કુદરતી રીતે પોતાના કબ્જામાં હોય તેવી એવી કોઈ બાબત બની કે જેને કારણે રોઝો છોડવાની ઈજાઝત છે, જેમ કે હૈઝ કે નિફાસ આવ્યું કે બીમારી આવી પડી જેમાં રોઝો ન રાખવાની ઈજાઝત છે તો કફ્ફારો લાગુ પડશે નહીં. પરંતુ **રોઝો તોડયો પછી** એવી કોઈ બાબત બની કે જે પોતાના કબ્જા (ઈખ્તિયાર)માં હતી જેમ કે પોતે જ પોતાની જાતને ઝખ્મી કર્યો કે જેથી માઅઝૂર લાચાર બન્યો કે રોઝો રાખવા માટે શક્તિશાળી ન રહ્યો કે પછી મુસાફિર થઈ ગયો તો એવી બાબતોથી તેનો કફ્ફારો ઉતરશે નહીં, જેમ કે એ ચીજો ઈખ્તિયારી છે પોતે ધારતો તો તે ન કરતે. માટે કફ્ફારો આપવો જરૂરી રહેશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : રોઝદારે જાણીબુઝી કોઈક દવા પીધી કે ખોરાક ખાધો, પાણી પીધું કે સ્વાદ–મજા માટે કોઈ ચીજ ખાધી, પીધી અથવા સ્ત્રી, પુરૂષ સાથે શેહવતની ઉંમરે પહોંચી ગયેલ હોય તેના આગળ કે પાછળના મુકામમાં સંભોગ કર્યો ભલે વિર્ય નીકળ્યું કે નીકળ્યું અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો હોય એ બધીય હાલતોમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે.

**મસ્અલો** : કોઈક એવું કામ કર્યું કે જેના વડે રોઝો તૂટવાનો હુકમ લાગુ પડતો ન હોય પરંતુ એવું સમજી લીધું કે રોઝો તૂટી ગયો પછીથી જાણીબુઝીને ખાઈ, પી લીધું. દા.ત. નસ્તર મરાવ્યું કે લોહી ખેંચાવ્યું, સૂરમો લગાડયો, જાનવરથી સંભોગ કર્યો અથવા સ્ત્રીથી વાસના સાથે અડકયો, ચુંબન કર્યું કે સાથે સૂવડાવી પરંતુ એવા કૃત્યોથી વિર્ય નીકળ્યું નથી અથવા જાજરૂની જગ્યાએ સૂકી આંગળી નાખી હવે એ કામો પછી તેણે જાણીબુઝીને ખાઈ, પી લીધું તો એવી કોઈપણ પરિસ્થિતિમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે. જો તે બધીય હાલતોમાં કે જેનાથી રોઝો છૂટવાનો ઈરાદો તો ન થતો હતો પરંતુ એણે છૂટી ગયાનો ખ્યાલ કરી લીધો (એટલે કે ઉપરના કોઈક કામથી રોઝો તૂટતો ન હતો પરંતુ એણે તૂટી જવાનો ખ્યાલ કરી લીધો) અથવા તો કોઈક મુફતીએ ફત્વો આપી

દીધો હતો કે રોઝો તૂટી ગયો વળી તે મુફતી એવો હોય કે જેના ઉપર શહેરવાળા ભરોસો કરતા હોય તેનો ફત્વો આપવાથી તેણે જાણી બુઝીને ખાધું, પીધું અથવા એણે કોઈ હદીષ સાંભળી હતી જેનો ખરો અર્થ એ સમજી શક્યો નહીં અને એનો ખોટો અર્થ સમજીને સમજ્યો કે રોઝો તૂટી ગયો પછી જાણી બુઝીને ખાઈ, પી લીધું તો હવે કફ્ફારો જરૂરી નથી. ભલે પછી મુફતીએ ખોટો ફત્વો આપ્યો કે એણે જે હદીષ સાંભળી તેનો કોઈ સબૂત ન હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ જે બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી ★

**મસ્અલો** : ભૂલથી ખાધુ, પીધું કે સંભોગ કર્યો તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : માખી, મચ્છર, ધુમાડા, ધૂળ ગળામાં જતા રહેવાથી રોઝો નથી તૂટતો પરંતુ જાણી બુઝીને ધુમાડા લીધા તો રોઝો તૂટી જશે, પરંતુ એ ત્યારે કે રોઝદાર હોવાનું પોતાને યાદ હોય. (દા.ત. લોબાન, અગરબત્તી કે કોઈ ધુણી સળગાવી મોં તેની પાસે લઈ જઈ ધુમાડા નાકમાં ખેંચ્યા તો રોઝો તૂટી ગયો.)

**મસ્અલો** : ભરેલી સેંગી લગાડી, તેલ કે સૂરમો લગાડયો તો રોઝો ન તૂટયો ભલે તે કે સૂરમાનો સ્વાદ ગળામાં જણાતો હોય બલ્કે થૂંકમાં સૂરમાનો રંગ પણ જણાય તો પણ રોઝો તૂટશે નહીં. *(રદુલ મુહ્તાર, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : માખી ગળામાં જતી રહેવાથી રોઝો તૂટશે નહીં પરંતુ જાણી બુઝીને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : વાત કરવામાં થૂંકથી હોઠ ભીના થયા તે થૂંકને ગળી ગયો અથવા મોંમા ગળફો આવ્યો તેને ગળી ગયો તો રોઝો ન તૂટયો પરંતુ એવી બાબતોથી બચવું જરૂરી છે. *(આલમગીરી, રદુલ મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળા સુધી પહોંચ્યું પરંતુ ગળાથી નીચે ન ઉતર્યું તો રોઝો તૂટયો નહીં. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : ભૂલથી ખાવા ખાઈ રહ્યો હતો યાદ આવતાં જ કોળિયો થૂંકી નાખ્યો તો રોઝો ન તૂટયો અને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક઼ શરૂ થવા પહેલાંથી ખાવા ખાઈ રહ્યા હતો ખાતાં ખાતાં સુબ્હ સાદિક઼ થવા લાગી, સુબ્હ સાદિક઼ શરૂ થતાં જ કોળિયો કાઢી નાખ્યો તો રોઝો ન તૂટયો પરંતુ ખાઈ ગયો તો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : તલ કે તલ બરાબરની કોઈક ચીજ દાંતો વડે ચાવી અને તે થૂંક સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો ન તૂટયો પરંતુ એનો સ્વાદ ગળામાં જણાશે તો રોઝો તૂટી જશે. *(ફ઼ત્હુલ કદીર)*

**મસ્અલો** : દવા વાટી કે આટો ચાર્યો એનો સ્વાદ ગળામાં જણાયો તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર, ફ઼ત્હુલ કદીર વગેરે)*

**મસ્અલો** : ગીબત કરી અર્થાત બીજાની પીઠ પાછળ બુરાઈ કરી તો રોઝો ન તૂટયો જો કે ગીબત કરવી મહા ભયંકર પાપ છે. (કુર્આન શરીફ઼માં ગીબત કરનાર વિશે ફ઼ર્માવ્યું છે કે, "જેમ કે તે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય છે." અને હદીષ શરીફ઼માં છે કે, "ગીબત વ્યભિચારથી પણ ખરાબ છે.) ગીબતના કારણે રોઝાની નૂરાનિયત જતી રહે છે." *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ચુંબન લીધું પરંતુ વિર્ય ન નીકળ્યું તો રોઝો ન તૂટયો, એવી જ રીતે સ્ત્રીની તરફ઼ બલ્કે એની શર્મગાહ તરફ઼ નજર કરી પરંતુ હાથ નથી લગાડયો છતાં વિર્ય નીકળી ગયું, ભલે વારંવાર જોવાથી સમાગમના વિચારો કરવાથી, કેમ કે વિચારોમાં રોઝો તૂટશે નહીં. *(દુર્રે મુખ્તાર, ઝૌહરા)*

**મસ્અલો** : ઊંઘમાં વિર્ય સ્ખલન થયું તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : જનાબતની હાલતમાં સવાર કરી બલ્કે જો આખોય દિવસ નહાયા વિનાની હાલતમાં રહ્યો તો રોઝો તો થઈ જશે પરંતુ નાપાકીની હાલતમાં એટલે મોડે સુધી રહેવું કે નમાઝ ક઼ઝા થઈ જાય તે ગુનોહ અને હરામ છે. હદીષમાં છે કે જુનૂબ (નહાવાની હાજતવાળો) જે ઘરમાં હોય

છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પેશાબ પાખાનાની જગ્યાઓ સિવાયની જગ્યાએ સંભોગ કર્યો તો જ્યાં સુધી વિર્ય નથી નીકળ્યું રોઝો તૂટશે નહીં. એવી જ રીતે હસ્ત મૈથુનથી વિર્ય કાઢવામાં પણ જ્યાં સુધી વિર્ય ન નીકળે રોઝો તૂટશે નહીં. પરંતુ આવું કામ કરવું ભયંકર હરામ કૃત્ય છે. હદીષ શરીફમાં એવા માણસને મલઊન કહ્યો છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ જેનાથી રોઝો મકરૂહ થાય છે ★

**મસ્અલો** : જૂઠું બોલવું, ચાડી કરવી, ગીબત કરવી, ગાળો બોલવી, બેકાર બકવાસ કરવો, કોઈને તકલીફ આપવી આ વાતો આમ પણ હરામ અને નાજાઈઝ છે. રોઝામાં સખત હરામ અને નાજાઈઝ છે અને એવી વાતોથી રોઝો મકરૂહ થાય છે.

**મસ્અલો** : રોઝદારે વિના મજબૂરીએ કોઈક ચીજ ચાવવી કે ચાખવી મકરૂહ છે ચાખવા માટે મજબૂરીના બહાનાંઓ આ છે જેમ કે :–

(૧) ધણી કે માલિક ખરાબ સ્વભાવનો છે નમક–મીઠુ ઓછુ વત્તુ હશે તો તેના ગુસ્સાનો ભોગ બનવું પડશે, તો તે કારણે ચાખવામાં વાંધો નથી. ચાવવા માટેની મજબૂરીનું કારણ દા.ત. એટલું નાનું બાળક છે કે રોટલી નથી ખાઈ શકતો અને કોઈ નરમ ખોરાક નથી જે એને આપી શકાય, વળી ન તો કોઈ રોઝા વિનાનું માણસ ત્યાં હાજર છે કે જે ચાવીને આપી શકે તો બાળકને ખવડાવવામાં રોટલી વગેરે ચાવીને આપવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર) ચાખવાનો અર્થ એ નથી જે આજકાલ રિવાજ પ્રમાણે બોલવામાં આવે છે કે કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડી ખાઈ લેવામાં આવે છે એવું ચાખવાથી રોઝો મકરૂહ જ નહીં બલ્કે બિલકુલ જતો રહેશે (તૂટી જશે). વળી જો કફ્ફારાની શરતો લાગુ પડતી હશે તો કફ્ફારો પણ જરૂરી રહેશે, **ચાખવાનો મતલબ એ છે કે કોઈ ચીજને જીભ ઉપર ગળામાં કાંઈપણ જવા ન પામે તો નહીં તો રોઝો તૂટી જશે.**

**મસ્અલો** : કોઈ ચીજ ખરીદી અને એનું ચાખવું જરૂરી હોય, જો ન ચાખે તો નુકસાન થશે એમ હોય તો ચાખી શકે છે વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સ્ત્રીને ચુંબન કરવું, ગળે લગાડવી, શરીર સ્પર્શ કરવું મકરૂહ છે જ્યારે કે વિર્ય સ્ખલનનો ડર હોય અથવા સંભોગ થઈ જવાનો ડર હોય. સ્ત્રીના હોઠ કે જીભ ચૂંસવા રોઝાની હાલતમાં મકરૂહ છે ભલે વિર્ય સ્ખલન કે સંભોગનો ડર હોય કે ન હોય એ જ રીતે મુબાશિરતે ફાહેશા પણ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ગુલામ, મુશ્ક વગેરે સુગંધી સૂંઘવી, દાઢી, મૂંછમાં તેલ લગાડવું, સૂરમો લગાડવો મકરૂહ નથી પરંતુ જો સુંદરતા માટે સૂરમો લગાડયો કે દાઢીમાં તેલ એટલા ખાતર લગાડયું કે દાઢી વધી જાય હાલાં કે એક મુટ્ઠી જેટલી છે તો આ બંને વાતો રોઝા વિના પણ મકરૂહ છે અને રોઝામાં એથી વધુ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વુઝૂ અને નહાવા સિવાય ઠંડક પહોંચાડવાના તલબથી કોગળા કરવા કે નાકમાં પાણી નાખવું કે ઠંડક માટે નહાવું બલ્કે શરીર ઉપર ભીંગવેલું કપડું લપેટવું મકરૂહ નથી. પરંતુ પરેશાની તકલીફ જાહેર કરવા કપડું લીલું કરી લપેટવું મકરૂહ છે એટલા કારણે કે ઈબાદતમાં દિલનું પરેશાન જાહેર થવું ઠીક વાત નથી. *(આલમગીરી, રદુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મોં માં થૂંક ભેગું કરી ગળી જવું રોઝા વિનાની હાલતમાં પણ સારું નથી. રોઝામાં તો એ મકરૂહ છે. *(આલમગીરી, બહાર, બહાવાલા ક઼ાનૂને શરીઅત) (હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૧૧)*



بسم الله الرحمن الرحيم

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

# ઝકાતના મસાઈલ


સંપાદક....

અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّیۡ عَلٰی حَبِيۡبِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا رَسُوۡلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا سَيِّدِیۡ يَا حَبِيۡبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَاسَيِّدِیۡ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا خَيۡرَ خَلۡقِ اللّٰهِ
وَعَلٰی اٰلِكَ وَ اَصۡحَابِكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

# ઝકાતના મસાઈલ

## ★ ઝકાત-સદકાના હક્કદારો કોણ ?! ★

"સદકા ફકીરો તથા મિસ્કીનો માટે છે, અને તેમના માટે જે આ કામ પર નિયુક્ત છે, અને તેઓ જેમના હૃદયનું (ઈસ્લામ તરફ) આકર્ષવું ધ્યેય છે, અને (ગુલામીમાંથી) મુક્તિ આપવામાં અને તાવાનવાળા માટે અલ્લાહના માર્ગમાં, અને મુસાફિર માટે આ અલ્લાહ તરફથી નિયુક્ત કરવું છે, અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે." *(કુર્આન)*

આ આયતમાં આઠ હક્કદારોનું વર્ણન થયું છે :

(૧) ફકીર (૨) મિસ્કીન (૩) આમિલ (૪) રેકાબ (૫) ગારિમ (૬) ફી સબીલિલ્લાહ (૭) ઈબ્નુસ્સબીલ (૮) તાલીફે કલ્બ માટે.

નંબર આઠ કાફિરોને ઈસ્લામ તરફ આકર્ષવા માટે ઝકાત આપવી શરૂમાં જાઈઝ હતી, પરંતુ હવે ઈસ્લામને ગલ્બો પ્રાપ્ત થઈ ગયો છે, હવે જેણે પોતાની ખુશીથી ઈમાન લાવવું હોય તો લાવે પરંતુ તેને આકર્ષવા માટે ઝકાત આપવામાં આવશે નહીં, એટલે કે આ હુકમ મન્સૂખ (રદ) કરી દેવામાં આવ્યો છે.

નંબર ચાર ગુલામને આઝાદ થવું હોય તો તેને ઝકાત આપવી જાઈઝ છે, પરંતુ હાલ બધા જ આઝાદ છે ગુલામવાળી પ્રથા જોવા મળતી નથી એટલે ગુલામ વિશે પણ મસ્અલાઓ બયાન કરવામાં આવશે નહીં.

**ફકીર** : ફકીર તે શખ્સ છે જેની પાસે કાંઈક હોય પરંતુ એટલું નહીં કે નિસાબ સુધી પહોંચી જાય અથવા નિસાબ જેટલું હોય તો તેની મૂળ જરૂરિયાતમાં ડૂબેલ હોય. દા.ત. રહેવાનું મકાન, પહેરવાનાં કપડાં, ઈલ્મી પ્રવૃત્તિ ધરાવનારા માટે દીની કિતાબો જે તેની જરૂરત કરતાં વધારે ન હોય. એવી જ રીતે જો દેવાદાર છે અને દેવું કાઢવા પછી નિસાબ બાકી રહે નહીં તો તે માણસ ફકીર છે, મૂળ જરૂરત બાદ કરતાં અથવા દેવું બાદ કરતાં જો તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો ભલે સમાજ તેવાને ગરીબ અને ફકીર સમજતો નથી પરંતુ ઈસ્લામની પરિભાષામાં તે ફકીર છે, ઝકાતનો હક્કદાર છે, તેને આપવાથી ઝકાત અદા થઈ જશે.

**મિસ્કીન** : મિસ્કીન તે છે જેની પાસે કાંઈ હોય નહીં, ત્યાં સુધી કે બે ટંકનું ખાણું અને શરીર ઢાંકવા માટે કપડું પણ ન હોય, તો તેવા ગરીબ માણસને શરીઅતની પરિભાષામાં મિસ્કીન કહેવામાં આવે છે.

**આમિલ** : આમિલનો માયનો કામ કરવાવાળો છે, પરંતુ ઝકાતના હક્કદારમાં આમિલ તેને કહેવામાં આવે છે જેને બાદશાહે ઈસ્લામે ઝકાત અને ઉશ્ર વસૂલ કરવા માટે નિયુક્ત કર્યો હોય, એટલે કે તેને આજ નોકરી સુપ્રત કરવામાં આવી હોય તો તેને પણ મહેનતાણું ઝકાતની રકમમાંથી આપી શકાય છે, પરંતુ એટલું કે તેને અને તેના મદદગારોને મધ્યમ રીતે પૂરતુ હોય.

**ગારિમ** : એટલે તે દેવાદાર છે કે દેવું આપતાં તેની પાસે નિસાબ જેટલો માલ બાકી ન રહે તો તે પણ ઝકાતનો હક્કદાર છે તેને ઝકાત આપી શકાય છે.

**ફી સબીલિલ્લાહ** : એટલે રાહે ખુદામાં ખર્ચ કરવું છે. રાહે ખુદામાં ખર્ચ કરવાથી મુરાદ એ છે કે જેને આપવામાં આવે તેને માલિક બનાવવામાં આવે. માલિક બનાવવું સાબિત ન થાય તો તેવી જગાએ ખર્ચ કરવાથી

ઝકાત અદા થશે નહીં. જેમ કે **ઝકાતના પૈસે મદ્રસો બનાવવો** કે કોઈ વકફ બિલ્ડીંગ બનાવવી. તો તેનો માલિક કોઈ હોય શક્તો નથી એટલે તેમાં ઝકાતનો માલ લગાડી નથી શકાતો. તેવી જગાઓ પર ઝકાતનો માલ ઉપયોગ કરવો હોય તો તેની રીત એ છે કે **ઝકાતના માલનો માલિક ગરીબને બનાવવામાં આવે અને તે પોતાના તરફથી મદ્રસામાં આપે તો તેનો ઉપયોગ જાઈઝ છે.** કારણ કે આમ કરવાથી તે રકમ ઝકાતની નથી રહેતી પણ લિલ્લાહ થઈ જાય છે. જેનો ઉલ્લેખ ઝકાતના હીલામાં કરવામાં આવશે.

**ઈબ્નુસ્સબીલ** : મુસાફિર કે સફરની હાલતમાં તેની પાસે માલ રહ્યો નહીં, અને ઘર સુધી પહોંચવામાં તેને જરૂરત છે, તો જરૂરત પૂરી થઈ શકે તેટલું લેવાની તેને ઈજાઝત આપવામાં આવી છે, ભલેને પછી તે પોતાના વતનમાં માલદાર અને માલિકે નિસાબ હોય. પરંતુ મુસાફિર એવી જગાએ છે કે ત્યાં તેનાં સગા સંબંધીઓ છે, અને જરૂરત હોય તેને કર્ઝે હસન મળી શકે છે, તો તેવા સમયે તેણે ઝકાત ન લેવી જોઈએ બલ્કે કર્ઝે હસન લઈ વતનમાં પહોંચી પરત કરી દેવું જોઈએ અને હાલ તો પોષ્ટ અને બેંકમાં એવી વ્યવસ્થા છે કે દુનિયાના ખૂણે ખૂણે ઘણા ઓછા સમયમાં રકમ મોકલી શકાય છે. એટલે તેના માટે શ્રેષ્ઠ એ જ છે કે પોતાનું દિમાગ ઝકાત લેવા તરફ કેન્દ્રિત ન કરે.

**સવાલ** : ઝકાતનો માલ કોઈ એક હક્કદારને આપવામાં આવે કે પછી દરેક હક્કદારને વહેંચવામાં આવે ?

**જવાબ** : કોઈ એક હક્કદારને પણ આપી શકાય છે, અને બધાંને આપવી હોય તો પણ આપી શકાય છે.

**સવાલ** : ઝકાતનો એટલો માલ છે કે નિસાબની કિંમતે પહોંચી જાય તો એક ગરીબને આપી દેવામાં આવે તો આપી શકાય છે ?

**જવાબ** : આપી તો શકાય છે પરંતુ ઉલ્માએ કિરામે મકરૂહ બતાવ્યું છે. પરંતુ જો ગરીબ પર દેવું હોય કે તે દેવું બાદ કરતાં તેની પાસે નિસાબ બાકી ન રહે તો મકરૂહ નથી.

**સવાલ** : જો કોઈ એક માણસને ઝકાતના પૈસાથી સેટ કરી દેવામાં આવે તો સેટ કરી શકાય છે ? કારણ કે આમ કરવાથી ગરીબોને માલદાર બનાવી શકાય છે.

**જવાબ** : આમ કરી શકાય છે, પરંતુ આમ કરવામાં એ ખ્યાલ જરૂરથી રાખવો જોઈએ કે બીજા જરૂરતવાળાઓ આમ કરવાથી મુશ્કેલીમાં ન મૂકાઈ જાય.

**સવાલ** : ગરીબ માણસને નિસાબનો માલિક બનાવી દેવામાં આવ્યો અને તેને સેટ કરી દેવામાં આવ્યો કે તેની મૂળ જરૂરતો બાદ કરતાં પણ તેની પાસે નિસાબ બાકી રહે છે, તો શું તે ઝકાતનો હક્કદાર રહેશે ?

**જવાબ** : હવે તે ઝકાતનો હક્કદાર રહેશે નહીં અને તે ત્યારથી વર્ષના અંત સુધી નિસાબનો માલિક રહેશે તો તેણે પોતે જ ઝકાત આપવી પડશે.

**સવાલ** : કોઈ માણસ પોતાની મૂળ જરૂરતો બાદ કરતાં નિસાબનો માલિક છે, અને તેની સારી હાલત છે પરંતુ જે માલ છે તે એક માણસને કર્ઝમાં આપ્યો છે અને કર્ઝ અદા કરવાની મુદ્દત બે વર્ષ રાખવામાં આવી છે, હવે તેને સખત જરૂરત પેશ આવી છે તો શું તે ઝકાત લઈ શકે છે ?

**જવાબ** : જો એવી હાલત હોય તો જરૂરત પૂરતી ઝકાત લઈ શકે છે, પરંતુ જો તેને કર્ઝે હસન મળતું હોય તો ઝકાત તરફ ધ્યાન કેન્દ્રિત ન કરવું જોઈએ.

## ★ ઝકાત કોને કોને ન આપી શકાય ?! ★

**સવાલ** : આપણા કયાં કયાં સગાઓને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : આનો સહેલો કાયદો હું તમારી સમક્ષ બયાન કરું છું તેના પર મનન કરી તમે પોતે જ દરેક મસ્અલાનો જવાબ શોધી શકો છો. આપણા **ઓસુલ** અને **ફોરૂઅ**ને છોડીને દરેક સગાને ઝકાત આપવી જાઈઝ છે જો તેઓ હક્કદાર હોય.

**ઓસુલ** : તેને કહેવામાં આવે છે જેની ઔલાદમાંથી તમે છો. જેમ

કે માં, બાપ, દાદા, દાદી, નાના, નાની ઉપર સુધી. આ જરૂરતવાળાં હોય તો પણ તેમને ઝકાત આપવી જાઈઝ નથી, બલ્કે તેઓની મદદ લિલ્લાહ રકમમાંથી કરવામાં આવે અને નફ્લ સદકો હોય તો તેમને આપવો વધારે બહેતર છે.

**ફોરૂઅ** : એટલે આપણી ઔલાદ, જેમ કે આપણા છોકરા, છોકરીઓ, નવાસા, નવાસીઓ, પૌત્રા, પૌત્રીઓ વિગેરેને ઝકાત આપવી જાઈઝ નથી.

**સવાલ** : બહેન અને ભાઈને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે, કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી પણ નથી.

**સવાલ** : માસા માસીને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે કારણ કે આપણે તેમની ઔલાદમાંથી નથી અને તેઓ આપણી ઔલાદમાંથી નથી.

**સવાલ** : કાકાને ઝકાત આપવી જાઈઝ છે ?

**જવાબ** : જો તે હક્કદાર હોય તો આપી શકાય છે.

**સવાલ** : મામાને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : આપી શકાય છે. સારાંશ એ કે જેની તમે ઔલાદ છો તેને નથી આપી શક્તા તે સિવાય બીજા સગા સંબંધીઓને આપી શકાય છે. આમ તમે દરેક સગા સંબંધી વિશે મસ્અલો જાણી શકો છો.

**સવાલ** : શોહર પોતાની વાઈફને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : વાઈફ તેના નિકાહમાં છે, તેણીના રહેવા સહેવાનો ખર્ચ શોહર પર છે એટલે વાઈફને ઝકાત નથી આપી શક્તો.

**સવાલ** : વાઈફ શોહરને ઝકાત આપી શકે છે ?

**જવાબ** : નથી આપી શક્તી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ સોળ પ્રકારના માણસો ગણાવ્યા છે જેમને ઝકાત નથી આપી શકાતી તેમના સિવાય બીજા મુસલમાનોને આપી શકાય છે.

જે મુસલમાન જરૂરતવાળો હોય અને તેની માલેકીમાં માલ મૂળ જરૂરત છોડીને નિસાબથી ઓછો હોય તો તે ઝકાતનો હક્કદાર છે. પરંતુ શર્ત એ છે કે : (૧) હાશેમી (સૈયદ) ન હોય (૨) તેનો શોહર ન હોય (૩) તેની વાઈફ ન હોય (૪) તેની ઔલાદ ન હોય જેમ કે બેટા બેટી, પૌત્રા પૌત્રી, નવાસા નવાસી (૫) તે પોતે તેમની ઔલાદમાંથી ન હોય, જેમ કે માં, બાપ, દાદા, દાદી, નાના, નાની (૬) તેનો પોતાનો કે ઉપરોક્ત પાંચમાંથી કોઈનો ગુલામ ન હોય તો કુલ અગ્યાર થયા. (૧૨) કોઈ માલદારનો ગુલામે મુકાતબ ન હોય (૧૩) માલદારની નાબાલિગ ઔલાદ (૧૪) હાશેમીનો આઝાદ કરેલો ગુલામ (૧૫) કાફિર (૧૬) માલદાર, આ સોળ પ્રકારની વ્યક્તિઓને છોડી બીજા તમામ મુસલમાનોને ઝકાત આપી શકાય છે.

## ★ કેટલાક અગત્યના સવાલોના જવાબ ★

**સવાલ** : અમુક લોકોએ ફકીરીનો ધંધો લઈ લીધો છે, જેઓ માલદાર હોવા છતાં માંગતાં ફરે છે તેઓને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : **ફકીર** અને **ગરીબનો અર્થ** એ નથી કે જે માંગવાનો ધંધો કરે બલ્કે સાચો જરૂરતવાળો જે મૂળ જરૂરત બાદ કરતાં **નિસાબનો માલિક ન હોય**, જો માલાદર એટલે નિસાબનો માલિક હોવા છતાં ઝકાત વસૂલી કરતો હોય તો તેવાને ઝકાત આપવાથી **ઝકાત અદા થશે નહીં.**

**સવાલ** : અમુક લોકો નિસાબના માલિક નથી અને તેઓ ઝકાતના હક્કદાર છે પરંતુ તેઓ હટ્ટા કટ્ટા અને કામ કરી જીવન નિર્વાહ કરી શકે તેમ છે તો પણ તેઓ ઝકાત માંગવા નીકળી પડે છે, અને બીજું કોઈ કામ કરતા નથી તેઓને ઝકાત આપી શકાય છે ? અને તેવા લોકોને માંગીને લેવાની શરઈ ઈજાઝત પ્રાપ્ત છે ?

**જવાબ** : જેઓ હકીકતમાં જરૂરતવાળા અને ઝકાતના હક્કદાર છે, અને તેઓ મહેનત મજૂરી કરી જીવન નિર્વાહ કરી શકે છે, તો પણ તેઓ મફત ખાવાના આદી થઈ ગયા છે, તેઓ માટે માંગવું હરામ અને માંગવાથી મળે તે તેમના હક્કમાં ખબીષ.

હદીષ શરીફમાં છે : "સદકો હલાલ નથી માલદાર માટે અને શક્તિશાળી તંદુરસ્ત માટે."

**સવાલ** : જ્યારે તેઓને માંગવું હરામ છે, તો તેમના માંગવા પર આપવું કેવું છે ?

**જવાબ** : તેઓને આપવું જાઈઝ નથી. કારણ કે જ્યારે તેમના માટે માંગવું હરામ છે તો માંગવાથી આપવામાં હરામ કામ પર મદદ કરવી છે. જો તેઓને આપવામાં ન આવે તો મહેનત મજૂરી કરશે, અને આમ હરામ કામથી બચી જશે.

અલ્લાહ તઆલા ફર્માવે છે : "ગુનાહ અને શત્રુતાના કામ પર એકબીજાની મદદ ન કરો."

**સવાલ** : તેના માટે સવાલ કરવો જાઈઝ નથી, પરંતુ તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પૂરી નથી કરી શક્તો. કારણ કે તેની મજૂરીમાં માત્ર ખાવાનો જ ખર્ચો નીકળી શકે છે, તો શું સવાલ કરી શકે છે ?ક

**જવાબ** : જો તેની એવી જરૂરત પેશ આવી છે કે મહેનત મજૂરીથી પણ તે હાજત પૂરી નથી થઈ શક્તી તો તેને જરૂરત પૂરી થઈ શકે તેટલું માંગવું જાઈઝ છે.

**સવાલ** : જે નિસાબનો માલિક નથી તે માંગતો નથી પરંતુ તેને આપણી મેળે આપવામાં આવે તો ?

**જવાબ** : જો તે માંગતો નથી અને આપણે આપણી મેળે તેની હાલત જોઈને આપીએ તો જાઈઝ છે, અને તેના માટે લેવું જાઈઝ છે, અને આમ મળતો માલ તેના હક્કમાં બુરો નથી.

**સવાલ** : જેને સવાલ કરવો જાઈઝ નથી, તેવો માણસ દરવાજા પર આવે અને હઠે ચડે તેને ફટકારવાની ઈજાઝત છે, જ્યારે કુર્આનમાં તો આવ્યું છે : ''ભિક્ષુકને ઘરકાવો નહીં.''

**જવાબ** : જ્યારે તેના માટે માંગવું અને સવાલો કરવો હરામ છે, તો તેવો ભિક્ષુક આયતમાં સામેલ નથી, અમુક આલિમો તેની તફસીર તાલિબે ઈલ્મથી કરે છે, કે ધાર્મિક વિદ્યા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી તમારી પાસે પોતાની જરૂરતનો સવાલ કરે તો મોં બગાડવું ન જોઈએ, અને ખુશી ખુશી તેની મદદ કરવી જોઈએ.

**સવાલ** : દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પોતાને મહેનત મજૂરીથી અલગ રાખનારને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : જો તે જરૂરતવાળો હોય તો તેને સવાલ કરવો જાઈઝ છે, ભલેને પછી તે મહેનત મજૂરીથી હાંસલ કરી શક્તો હોય, કારણ કે મહેનત મજૂરી કરવા જાય તો તે પોતાનો મકસદ પૂરો કરી શક્તો નથી એટલે તેને ઈજાઝત છે.

**સવાલ** : ફકીર જરૂરતવાળો જે કમાવા પર શક્તિમાન નથી તેને સવાલ કરવો જાઈઝ છે ?

**જવાબ** : તે સાચો હક્કદાર છે, અને તેને આપવું વધારે સવાબ છે, અને તેને સવાલ કરવાની ઈજાઝત છે, અને ''ભિક્ષુકને ઘરકાવો નહીં''થી એ ભિક્ષુક મુરાદ છે જે હક્કદાર પણ છે, અને તેને સવાલ કરવાની પણ ઈજાઝત આપવામાં આવી છે.

**સવાલ** : કૂવો ખોદીને વકફ કરવામાં આવે તો ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : વકફની ચીજ કોઈની માલિકીમાં નથી હોતી માત્ર તેનો ઉપયોગ લોકો માટે મુબાહ હોય છે, અને ઝકાતમાં ચીજનો માલિક બનાવવું જરૂરી છે, એટલે ઝકાત અદા થશે નહીં.

**સવાલ** : મદ્રસાઓમાં ઝકાત આપવામાં આવે છે, અને ત્યાંની કમિટી તે માલ વસૂલ કરે છે તો શું ઝકાત અદા થાય ખરી ?

**જવાબ** : મદ્રસાની કમિટીને બતાવવામાં આવે કે આ ઝકાતનો માલ છે, અને તેઓ ઝકાતનો માલ અલગ રાખી ઝકાતના હક્કદાર તાલિબે ઈલ્મોને માલિક બનાવે, અને તેમની પાસેથી ખર્ચ પેટે લઈ લે, અથવા તે માલનો માલિક કોઈ ગરીબ માણસને બનાવે તે પોતાના કબ્જામાં લઈ પોતાના તરફથી મદ્રસામાં આપી દે તો પછી દરેક કામના ખર્ચમાં લઈ શકાય છે.

**સવાલ** : મદ્રસામાં પઢાવતા મુદર્રિસોને પગારમાં ઝકાતનો માલ આપી શકાય છે ? અને આમ કરવાથી આપનારાઓની ઝકાત અદા થાય ?

**જવાબ** : મુદર્રિસોને પગારમાં જે કાંઈ આપવામાં આવે છે તે તેમનું મહેનતાણું છે, એટલે તેનાથી ઝકાત અદા ન થાય અને ઝકાતની રકમ પગારમાં ખર્ચ નથી થઈ શક્તી, જો તેનો હીલો કરી લેવામાં આવે કે કોઈ ગરીબ પરહેઝગાર માણસને ઝકાતના માલનો માલિક બનાવવામાં આવે, અને તે માલિક બન્યા પછી પોતાના તરફથી મદ્રસામાં આપે તો પછી પગારમાં પણ ખર્ચ કરી શકાય છે.

**સવાલ** : મદ્રસામાં ફ્રિઝ અથવા લાઈબ્રેરીમાં કિતાબો ઝકાતના પૈસાથી રાખવી જાઈઝ છે ?

**જવાબ** : ઝકાતના પૈસામાં અથવા ઝકાતની ચીજમાં માલિક બનાવવું જરૂરી છે અને મદ્રસામાં રાખવામાં આવેલું ફ્રિઝ અથવા લાઈબ્રેરીની કિતાબો વકફના હુકમમાં છે, તેનો કોઈ માણસ માલિક નથી હોતો, એટલે ઝકાતનો માલ તેમાં લગાડવો જાઈઝ નથી, જો કોઈ ગરીબને માલિક બનાવવામાં આવે અને તે પોતાના તરફથી માલ મદ્રસામાં આપે તો હવે તે રકમ લિલ્લાહ થઈ ગઈ, હવે તેનાથી મદ્રસાની કોઈ પણ ચીજ ખરીદી શકાય છે. એવી જ રીતે વકફના કોઈ પણ કામમાં ફકીર પાસે હીલો કરાવી તેનો ઉપયોગ જાઈઝ ઠરી શકે છે.

**સવાલ** : ઈમામે મસ્જિદ ઝકાતનો હક્કદાર હોય અને તેને ઝકાત આપવામાં આવે તો શું તેની પાછળ નમાઝ થઈ શકે છે ?

**જવાબ** : જ્યારે તે ઝકાતનો હક્કદાર છે, અને વગર માંગે તેની

હાલત જોઈ આપવામાં આવે તો તે માલ તેના માટે બુરો નથી, એટલે તેની ઈમામતમાં કોઈ ફરક નથી આવી શક્તો.

**સવાલ** : ઉલમાએ કિરામ માલિકે નિસાબ ન હોય તો તેમને ઝકાત આપી શકાય છે ?

**જવાબ** : જરૂર આપી શકાય છે, તેનાથી એક ફાયદો એ પણ છે કે તેમની જરૂરત પૂરી થતી રહેશે, અને તેમણે ખર્ચા પાણીમાં મજબૂર નહીં થવું પડે તો તેઓ બેફિકર થઈને દીનના કામોમાં મહેનત કરશે. અને બહેતર અને અદબની વાત એ જ છે કે, તેમને ઝકાત કહીને આપવામાં ન આવે બલ્કે નઝરાણુ કહીને આપવામાં આવે, પોતાનો હાથ નીચે રાખવામાં આવે અને તેમને ઉપરથી ઉઠાવી લેવાનું કહેવામાં આવે. **ઉલમાએ કિરામ જરૂરતવાળા હોય અને તેમની પાસે મૂળ જરૂરત બાદ કરતાં નિસાબ જેટલો માલ ન હોય તો તેમને ઝકાત આપી તેમની જરૂરતો પૂરી કરવી બીજા ફકીરોને આપવાથી વધારે બહેતર છે,** કારણ કે તેમની જરૂરતો પૂરી થશે તો તેઓ દીની જરૂરતો પૂરી કરવામાં વધારે કોશિશ કરશે.

**સવાલ** : ઝકાતનો માલ **કાફિર, મુશ્રિક, વહાબી, રાફઝી, કાદયાની, ગેરમુકલ્લિદ** વિગેરે જરૂરતમંદ અને હક્કદાર હોય તો આપી શકાય છે ?

**જવાબ** : બાતિલ ફિર્કાના લોકોને ઝકાત અને કોઈ પ્રકારની ઈમદાદ હરામ છે, **તેમને આપવાથી ઝકાત અદા થશે નહીં અને ગુનોહ અલગથી.**

**સવાલ** : કોઈની પાસે કેસ રૂપિયા અને જણસો નથી પરંતુ તેણે પ્લોટો એટલા માટે ખરીદીને રાખ્યા છે કે કિંમત અપ જાય તો વેચીશું એટલે કે વેપારની નિય્યતે ખરીદી કરી છે તો શું ઝકાત છે ?

**જવાબ** : ભલે ને તેની પાસે કેસ રૂપિયા કે જણસો નથી પરંતુ વેચાણની નિય્યતથી પ્લોટ રાખવા એ પણ માલ જ છે, જો તેની કિંમત જોડતાં માલિકે નિસાબ થાય તો વર્ષના અંતે ઝકાત આપવી પડશે.

## ★ સાહિબે નિસાબ કોણ ગણાશે ? ★

**નિસાબે શરઈ** : નિસાબમાં સોના અને ચાંદીનો એતબાર કરવામાં આવે છે અને બીજા માલ સમાનને તેની કિંમતથી મેળવવામાં આવે છે. એટલે કે તેની કિંમત સોના અને ચાંદી બેમાંથી એક નિસાબ બરાબર હોય તો તેની પણ ઝકાત આપવાની રહેશે.

૦૧. **સોનાનો નિસાબ** : ૭ા તોલા

૦૨. **ચાંદીનો નિસાબ** : ૫૨ા તોલા

૦૩. **માલ સામાનનો નિસાબ** : ૫૨ા તોલા ચાંદીની કિંમત બરાબર અથવા એનાથી અધિક હોય.

૦૪. **સોના તથા ચાંદીનો ભેગો નિસાબ** : સોનું ૭ા તોલા નથી અને ચાંદી ૫૨ા તોલા નથી પરંતુ બંને થોડું છે તો જો સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવવામાં આવે તો ચાંદીનો નિસાબ બની શકે છે તો ઝકાત ફર્ઝ રહેશે.

**સવાલ** : સોના અને ચાંદી બંનેનો પૂરો નિસાબ ન હોય. થોડી ચાંદી અને થોડું સોનું હોય તો ચાંદીને સોનાની કિંમતની બરાબરીમાં લાવવામાં આવે તો નિસાબ ન બને અને સોનાને ચાંદીની કિંમતની બરાબરી લેવામાં આવે તો નિસાબ બને, તો કઈ વાત પર અમલ કરવો ?

**જવાબ** : ઝકાતનો નિસાબ બનાવવામાં ગરીબોનો ફાયદો લક્ષમાં રાખવામાં આવશે કારણ કે ઝકાત તેમની મદદ માટે જ ફર્ઝ કરવામાં આવી છે. તો જો સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવવાથી નિસાબ બની જાય તો ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : કોઈની પાસે **માત્ર સોનું છે, ચાંદી નથી** અથવા માત્ર **ચાંદી છે સોનું નથી** અને નિસાબની બરાબરીમાં કોઈ નથી તો શું માત્ર સોનાને ચાંદીની કિંમતની બરાબરીમાં લાવી ઝકાત આપવી પડશે ?

**જવાબ** : માત્ર બેમાંથી એક હોય અને નિસાબ બરાબર ન હોય **તો ઝકાત ફર્ઝ નથી થતી.**

**સવાલ** : થોડા રૂપિયા છે અને ફક્ત થોડું સોનું છે અથવા થોડા રૂપિયા છે અને થોડું ચાંદી છે. જો બંનેને ભેગાં કરવામાં આવે તો સોના અથવા ચાંદીનો નિસાબ બની શકે છે, તો શું ઝકાત ફર્ઝ છે ?

**જવાબ** : રૂા. પૈસાની જે કિંમત છે તે સોના અને ચાંદીના બદલામાં હોવાથી જ છે નહીં તો માત્ર કાગળની કોઈ કિંમત નથી. તો પછી જો રૂપિયાને સોનાની સાથે ભેગા કરવાથી સોનાનો નિસાબ બને તો ઝકાત વાજિબ છે.

**સવાલ** : સોના ચાંદી કંઈ જ નથી માત્ર રૂા. એટલા છે કે બંનેમાંથી એકનો નિસાબ બની શકે છે તો કયા નિસાબ પર જવુ ?

**જવાબ** : આ સવાલનો જવાબ તો અપાઈ ગયો કે ઝકાત ગરીબોની મદદ માટે ફર્ઝ કરવામાં આવી છે એટલે ઓછી કિંમતમાં બનતો નિસાબ ચાંદીનો છે. **જો પરાા તોલા ચાંદીની કિંમતના રૂપિયા પૈસા અથવા માલસામાનનો સ્ટોક આપણી પાસે હોય તો ઝકાત આપવી ફર્ઝ છે.**

**સવાલ** : સોના ચાંદી નથી પરંતુ થોડા રૂપિયા અને થોડો બીજો માલ છે જો બંનેને ભેગા કરવામાં આવે તો ચાંદીની નિસાબ બરાબર થઈ શકે છે તો શું ઝકાત આપવી કે કેમ ?

**જવાબ** : હા, જો બંનેને ભેગા કરવાથી **ચાંદીના નિસાબ બરાબર થાય તો ઝકાત ફર્ઝ છે.**

**સવાલ** : અમુક લોકો વેપારની નિય્યતે દુકાનો ખરીદી રાખે છે અને કિંમત અપ જાય એટલે વેચે છે તેઓને ઝકાતનું કહેવામાં આવે છે ત્યારે દુકાન પર ઝકાત નથી કહે છે, એવું તો શું દુકાન પર ઝકાત નથી ?!

**જવાબ** : જે દુકાનમાં એ પોતે વેપાર કરે છે તો તે જરૂરતમાં સામેલ છે તેની ઝકાત નથી અથવા તેણે ખરીદી કરી ભાડેથી આપવા માટે તો દુકાનની કિંમત પર ઝકાત નથી. અથવા એટલા માટે ખરીદી કે હું પોતે ચલાવીશ અથવા ભાડે આપીશ અને પછી ન પોતે ચલાવી કે ન ભાડે આપી તો પણ કિંમત પર ઝકાત નથી. અથવા એણે એવી નિય્યતે ખરીદીને

રાખી મૂકીશ કદાચ કામ લાગે અને મેળ નહીં પડે તો વેચી નાંખીશ તો પણ કિંમત પર ઝકાત નથી. અને **જો તેનો વેપાર જ દુકાનો મકાનો ખરીદીને વેચવાનો છે અને તેવી જ રીતે (નિય્યતથી) ખરીદી કરી તો વર્ષના અંતે કિંમત પર ઝકાત છે.**

**સવાલ** : તે માણસ દુકાનો એટલા માટે વેચાતી લે છે કે તેનાથી વેપાર કરે એટલે કે પોતે દુકાન ચલાવતો નથી પણ દુકાનોની કિંમત અપ (ઊંચી) જાય તો વેચી નફો કમાય છે, તો શું દુકાનોની કિંમત પર ઝકાત વાજિબ છે ?

**જવાબ** : જ્યારે તે દુકાનો વેચવાનું કામ કરે છે તો પછી જો બધી જ દુકાનો કેશ પૈસે લીધી હોય તો બધી જ તેની છે, વર્ષના અંતે કિંમત લગાડી ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : કોઈની પાસે સોના ચાંદી નથી અને એટલો માલ પણ નથી કે નિસાબ બની શકે પરંતુ તેની પાસે ડાયમંડની વિંટી છે જેની કિંમત ૭II તોલા સોના બરાબર છે તો શું તેણે ઝકાત આપવી પડશે ?

**જવાબ** : ડાયમંડ પર ઝકાત નથી ભલે તેની કિંમત કેટલીયે વધારે હોય, પરંતુ જો ડાયમંડનો વેપાર કરતો હોય તો વર્ષના અંતે નફામાં જેટલા ડાયમંડ વધશે તેની ઝકાત આપવાની રહેશે.

**સવાલ** : ઝકાતમાં નિસાબ પર વર્ષ પસાર થવું તેનાથી અંગ્રેજી વર્ષ મુરાદ છે કે પછી ઈસ્લામી વર્ષ જેને **કમરી** એટલે **ચાંદ પર આધારિત વર્ષ** કહેવામાં આવે છે ?

**જવાબ** : ચાંદ પર આધારિત વર્ષ.

**સવાલ** : કોઈએ પોતાનું ખેતર એન. એ. કરાવ્યું અને પ્લોટ પાડયા તો શું તેણે ઝકાત આપવી પડશે ?

**જવાબ** : પ્લોટ વેચાયા બાદ કિંમત પર વર્ષના અંતે ઝકાત આપવી પડશે, જ્યાં સુધી વેચાય નહીં, ઝકાત નથી.

**સવાલ** : અમુક લોકો વેચવાની નિય્યતે જ ખરીદી કરતા હોય છે. પરંતુ ઝકાતની વાત આવે છે તો બહાનાં બતાવે છે કે અમારી નિય્યત વેપારની ન હતી, તો શું હુકમ છે ?

**જવાબ** : નિય્યતનો જાણનાર અલ્લાહ તઆલા છે, ઝકાત તેણે ફર્ઝ ફર્માવી છે, હિસાબ તેની બારગાહમાં આપવાનો છે, જો કે હિલાં–બહાનાં કરી દુનિયામાં મુક્તિ મેળવી લેવાય તેનાથી આખેરતમાં કોઈ ફાયદો નથી, ત્યાં નિય્યત પર ફૈસલો કરવામાં આવશે એટલે તેણે અલ્લાહનો ખૌફ દિલમાં રાખી કામ કરવું જોઈએ.

**સવાલ** : દુકાનો અને મકાનોનો ધંધો છે અને તેટલા માટે જ ખરીદી કરવામાં આવી પરંતુ વેપારમાં ખોટ આવી તો ઝકાત છે ?

**જવાબ** : એટલી ખોટ આવી કે તે એટલો દેવાદાર થઈ ગયો કે તે નિસાબનો માલિક નથી રહ્યો અને એટલું નથી કે દેવું ચૂકવી શકે તો તેના પર ઝકાત ફર્ઝ નથી. પરંતુ માત્ર ખોટ આવવાથી ઝકાત માફ થતી નથી કારણ કે ઝકાત નફા પર નથી ઝકાત તો નિસાબ ભર માલ પર છે. દા.ત. કોઈએ વેપારમાં દસ લાખ રૂપિયા રોક્યા, તેને વેપારમાં ત્રણ લાખ રૂપિયા ખોટ આવી તો ત્રણ લાખની ઝકાત નથી પણ પાસેના સાત લાખની તો ઝકાત આપવી જ પડશે.

**સવાલ** : નિસાબ પર વર્ષ પૂરુ થઈ ગયું હતું અને ઝકાત આપવી ફર્ઝ થઈ ગઈ હતી. પરંતુ આગ લાગી અને બધું સળગી ગયું તો શું ઝકાત આપવી પડશે ?

**જવાબ** : જે માલ હલાક થવામાં તેનો પોતાનો ઈરાદો સામેલ ન હોય, જેમ કે આફત બલાથી હલાક થયો તો તેનાથી ઝકાત માફ થઈ જાય છે, આપવી પડશે નહીં.

**સવાલ** : અડધો–પડધો માલ સળગી ગયો અને અડધો પડધો માલ બાકી છે અને નિસાબ પર વર્ષ પસાર થયા બાદ આમ થયું છે, તો ઝકાત આપવી પડશે ?

**જવાબ** : જેટલો માલ સળગી ગયો તેટલાની ઝકાત માફ છે. અને જેટલો માલ બાકી છે જો તે નિસાબથી ઓછો પણ હોય તો પણ ઝકાત આપવાની રહેશે. કારણ કે વર્ષના અંતે તેની પાસે નિસાબભર હતું અને અકસ્માત તો ત્યાર બાદ થયું છે એટલે જેટલો માલ બચી ગયો હોય તેનો ચાલીસમો ભાગ ઝકાત આપવી પડશે.

**સવાલ : ઝકાતની નિય્યત વગર આખું વર્ષ ખૈરાત આપતો રહે અને વર્ષના અંતે તેને ઝકાતમાં ગણે તો ઝકાત અદા થશે?**

**જવાબ** : ઝકાતનો માલ અદા કરતી વખતે **ઝકાતની નિય્યત જરૂરી છે** જ્યારે તેણે નિય્યત વગર આમ જ ખૈરાત કરી **તો તે લિલ્લાહ** છે, ઝકાતની ગણતરીમાં નહીં લઈ શકાય.

**સવાલ** : દુકાનમાં ફર્નીચર છે જે દુકાનના ઉપયોગમાં છે. શું તેના પર ઝકાત ખરી ?

**જવાબ** : દુકાનમાં ફર્નીચરનો વેપાર કરવામાં આવતો હોય તો તે માલના હુકમમાં છે. વર્ષે કર્ઝ બાદ કરતાં બચેલો માલ ઉપરાંત આપણી માલિકીનો બીજો માલ મિલાવી ઝકાત ફર્ઝ થતી હોય તો આપવી પડશે. અને ફર્નીચરની શોપ નથી પરંતુ ફર્નીચર દુકાનની જરૂરતમાં છે તો ગમે તેટલી કિંમતનું હોય તેની ઝકાત નથી.

**સવાલ** : શેરની કિંમતમાં વધારો–ઘટાડો થતો હોય છે તો ઝકાત કઈ રીતે આપવી ?

**જવાબ** : જો તેના ઉપર જવાઝનો (જાઈઝ હોવાનો) હુકમ હોય તો નિસાબ પર **વર્ષ પૂરું થાય તે વખતે જે કિંમત હોય તે પ્રમાણે હિસાબ કરી** ઝકાત આપવી પડશે. નહીં તો જે અસલ કિંમત હતી તેની ઉપર ઝકાત આપવી પડશે. અને જો કિંમત ઘટી ગઈ હોય તો નિસાબનું વર્ષ પૂરું થતાં જેટલી કિંમત ઘટી તે બાદ કરી ઝકાત આપવામાં આવશે.

**સવાલ** : ઝકાતનો માલ પોતાના માલમાંથી ઝકાતની નિય્યતની સાથે અલગ કર્યો, હક્કદારને માલિક ન બનાવ્યો હતો કે તે માલ ચોર થઈ ગયો તો શું ઝકાત ફરી આપવી પડશે ?

**જવાબ** : માલ માત્ર અલગ કરવાથી જવાબદારી પૂરી થતી નથી ! તેના હક્કદારને આપવી પણ જરૂરી છે. જો તેને પહોંચાડતા પહેલાં ચોરી થઈ ગયો તો ઝકાત આપવી માથે બાકી છે, આપવી પડશે. *–(તહોફાએ નજાત, ભાગ–૪માંથી સાભાર)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓકટોબર–૨૦૦૫)*

# ઝકાતના અર્વાચીન મસાઈલ

## ★ જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ની ઝકાત ★

ગવર્નમેન્ટ ઓફિસો તથા કેટલીક પ્રાઈવેટ કંપનીઓના કર્મચારીઓના પગારોમાંથી અમુક હિસ્સો અલગ કરીને મેહફૂઝ ખાતામાં જમા કરી દેવામાં આવે છે અને અમુક ટકા ગવર્નમેન્ટ અથવા કંપની પોતાના કર્મચારીના ભાવિને લક્ષમાં રાખીને પોતાના તરફથી તેમાં ઉમેરો કરે છે અને રિટાયરમેન્ટ પછી તે સઘળી રકમ કર્મચારીને આપી દેવામાં આવે છે. કેટલીક વાર દરેક બે પ્રકારની જણાવેલ રકમો પર ગવર્નમેન્ટ અથવા કંપની ઈન્ટરરેન્ટના નામે પણ કાંઈક વધારો જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ આમ જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ સામાન્ય બોલીમાં પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે.

હવે પ્રશ્ન એ છે કે જે રૂપિયા કર્મચારીના પગારમાંથી કપાયા અને તેમાં ગવર્નમેન્ટે પોતાના તરફથી જે ઉમેરો કરીને બેંકમાં જમા કરાવ્યા, પછી પાછળથી ઈન્ટરેસ્ટની સાથે સૌ રકમોને પરત કરી તેમાં ઝકાત વાજિબ થશે કે નહીં ? જો થશે તો કયારે અને તેને અદા કરવાનો શો તરીકો રહેશે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના એક ફત્વાથી સ્પષ્ટ થાય છે કે જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને ગવર્નમેન્ટ જે રકમ પોતાના તરફથી ઉમેરો કરીને બેંકમાં જમા કરાવે છે તે બંને રકમો કર્મચારીના પગારનો હિસ્સો છે. જેમ કે લખે છે :–

"જાઈઝ નોકરીનો પગાર દર મહીને ભલે તેનો કોઈ હિસ્સો જમા થઈને નોકરી પૂર્ણ થવાને અંતે આપવામાં આવે તે તે કર્મચારીની માલિકીનો છે અને જે પગાર ગવર્નમેનટનો નિશ્ચિત હોય તેનો ર.ઉ નિશ્ચિત કરાર

પ્રમાણે તઅલ્લુક ધરાવનારના જિમ્મે હોય છે અને કર્મચારીના માટે જમા કરવામાં આવે છે તે પણ ખરેખર તે જ પગારનો હિસ્સો છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૮, પેજ–૧૮૩)*

અને આ પ્રકારની (પ્રાઈવેટ ફંડની) રકમ પર ઝકાત વાજિબ થશે કે નહીં ? જ્યારે આ'લા હઝરતને આ પ્રમાણેનો સવાલ કરવામાં આવ્યો તો આપે તેના પર ઝકાત વાજિબ હોવાનો હુકમ દર્શાવ્યો. જેમ કે લખે છે : ''જ્યારથી તે અસલી રૂપિયા ખૂદ અથવા અન્ય ઝકાતી માલ સાથે જે ઝૈદની પાસે છે તે નિસાબ જેટલો એટલે છપ્પન રૂપિયા સુધી પહોંચ્યો અને અસલી હાજતોથી વધીને તેના પર વરસ પસાર થયું તે સમયથી તેના પર ઝકાત વાજિબ થઈ અને દર વરસે નવી ઝકાત વાજિબ થતી રહી.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)*

અને ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''કર્મચારી જો માલિકે નિસાબ છે તો અન્ય ઝકાતી માલોની સાથે એ ફંડમાં જ્યારથી રકમ જમા થવી શરૂ થઈ છે ત્યારથી તે રકમની પણ ઝકાત દર વર્ષે વાજિબ થશે.'' *(ફતાવાએ ફયૂઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૭૯)*

જેથી આ લખાણથી એ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પ્રોવિડન્ટ ફંડમાં જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને જે ગવર્નમેન્ટે તેમાં ઉમેરો કરીને જમા કરી તે બંને રકમો પર ઝકાત વાજિબ છે. અલબત્ત તેની અદાયગી રકમ પ્રાપ્ત થતાં વાજિબ થશે. કેમ કે તે રૂપિયાની હૈસિયત કરજ જેવી છે. જાણે કે કર્મચારીઓએ કંપનીને પોતાના પગારનો અમુક હિસ્સો કરજ રૂપે આપી રાખ્યો છે અને કરજમાં ઝકાત જો કે વાજિબ થાય છે પણ ઝકાત અદા કરવુ ત્યારે વાજિબ થાય છે જ્યારે નિસાબનો પાંચમો ભાગ કરજ આપનારને મળી જાય.

જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

''જે રૂપિયા કરજ ફેલાયા (ઉછીના અપાયા) છે તેની ઝકાત પણ લાઝિમ છે પણ જ્યારે નિસાબ જેટલા અથવા નિસાબના પાંચમા ભાગ જેટલા વસૂલ થાય તે વખતે અદા વાજિબ થશે, જેટલાં વરસો પસાર થયાં હોય સૌનો હિસાબ લગાડીને.'' *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૪૩૨)*

અને ફકીહે આ'ઝમે હિંદ હુઝૂર સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલીખાં رحمۃ اللہ علیہ લખે છે :

"બેંકને જો કરજ રૂપે આપ્યા છે જેમ કે એ જ માલૂમ છે તો જો કે ઝકાત દર સાલે વાજિબ રહેશે પણ તેને અદા કરવું વાજિબ હોવાનો સમય ત્યારે થશે જયારે નિસાબના પાંચમા ભાગ જેટલી રકમ કમસે કમ વસૂલ થાય (હાથમાં આવે) અને જેટલી વસૂલ થઈ જાય તેટલાની ઝકાત અદા કરવી વાજિબ થશે, કુલ નહીં. પણ વસૂલ થતાં પાછલા વરસોની પણ ઝકાત (ગણીને) આપવી પડશે." *(ફતાવાએ અમજદિયહ્, ભાગ-૧, પેજ-૩૬૮)*

અને જે વધારો ઈન્ટરેસ્ટ રૂપે ગવર્નમેન્ટ કે કંપનીઓની તરફથી મળે છે તેના પર ઝકાત વાજિબ થશે નહીં, ન તેની માલિકી છે. પણ નોકરીની મુદ્દત પૂર્ણ થયા પછી જો કંપની ખૂદ તેને તે વધારો આપે અને કંપનીમાં કોઈ મુસલમાન શરીક ન હોય તો આ વધારાને એ નિય્યતે લઈ શકે છે કે એક ગૈરમુસ્લિમ જમાઅત એક માલ ખુશીપૂર્વક આપે છે. આમ મુબાહ માલ સમજીને લઈ શકે છે અને કબજામાં આવ્યા પછી નિસાબમાં તેને મેળવી દેવામાં આવશે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ-૪, પેજ-૪૨૬)*

## ★ મજલિસે શરઈ મુબારકપૂરનો ફેંસલો ★

અર્વાચીન મસાઈલને હલ કરવા માટે **અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર** તરફથી મજલિસે શરઈ સ્થાવામાં આવી છે જેના હેઠળ ફિક્હી સેમીનાર ગોઠવાય છે. મોટા મોટા મુફિતયાને કિરામ તથા ઉલમાએ ઈસ્લામ તેમાં ભાગ લે છે. આ મજલિસે શરઈએ GPFના વિશે આ પ્રમાણે ફેંસલો બહાર પાડયો છે :-

"GPFમાં જમા થતો પૂરો માલ પગારનો હિસ્સો છે જે કર્મચારીની માલિકીનો છે જેથી તે નિસાબ જેટલો હોય કે નિસાબ સાથે જોડાતો હોય તો તેના પર દર વર્ષે ઝકાત વાજિબ થશે, અલબત્ત અદા કરવાનુ નિસાબના પાંચમા ભાગ પર કબજો પામ્યા બાદ વાજિબ થશે અને નફા પર કબજા પછી તેની શરતોની સાથે ઝકાત વાજિબ થશે." *(અકસે તયશુદા ઉમૂર, પેજ-૬)*

**નોટ** : હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ રઝવીએ એક મજલિસ ચર્ચામાં જણાવ્યું કે હવે ગવર્નમેન્ટ GPF માં પોતાના તરફથી કાંઈ જમા નથી કરતી, કેવળ ઈન્ટરેસ્ટ જોડીને તમારી કપાયેલી રકમ પરત કરે છે. ઈ.સ. ૧૯૯૯ સુધી લગભગ એ જ કાનૂન હતો જેનો ઉલ્લેખ આ'લા હઝરત رحمۃ اللہ علیہ કર્યો છે. પરંતુ તેનાથી અસલ મસ્અલામાં કાંઈ ફરક પડવાનો નથી.

## ★ ફિક્સ ડિપોઝિટ (F.D.)ની ઝકાત ★

લોકો પોતાના રૂપિયાઓને બેંકો, પોસ્ટ ઓફીસોમાં એક નિશ્ચિત મુદ્દત માટે જમા કરી આપે છે, તે રકમ પર દર વરસે કાંઈક ઉમેરો થતો રહે છે. તે રકમો પર ઝકાત વાજિબ છે કે નહીં ? તેનો હલ એ છે કે જે રકમ ખૂદ માણસે જમા કરી છે તે બેંક વગેરે પર કરજ છે. જેથી તેના પર દર વરસે ઝકાત વાજિબ થશે. અલબત્ત તેની ઝકાત આપવું દિરહમના જેટલી રકમ વસૂલ (પ્રાપ્ત) થઈ જતાં લાઝિમ થશે. જેમ કે GPF ના બયાનમાં વિગતવાર આવી ગયું.

વધુ ખુલાસો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના આ ઈર્શાદથી પણ થઈ રહ્યો છે. આપ બેંક તથા પોસ્ટ ઓફિસમાં જમા કરેલ રકમના વિશે ફર્માવે છે :–

"તે જ્યાં સુધી બેંકમાં છે પોતાના કબજામાં સમજવામાં આવશે અને દર વર્ષે તેના પર ઝકાત વાજિબ થશે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૪૬)*

અને અલ્લામા હસ્કફી લખે છે :–

**ભાવાર્થ** : "તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ પૂર્ણ થઈ જાય અને વરસ પસાર થઈ જાય, પરંતુ અદાયગી તરત વાજિબ નથી બલ્કે ૪૦ દિરહમના જેટલી રકમ તે કરજમાંથી વસૂલ થયા પછી વાજિબ થશે." *(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

બાકી રહ્યો એના પર દર વર્ષે માનવારો નફો તો એના બારામાં તેહકીક એ છે કે વર્તમાન સંજોગોમાં હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંકોથી પ્રાપ્ત થયેલ

વધારાનો માલ એક મુબાહ માલ છે અને મુબાહ માલ જયાં સુધી મુસ્લિમના કબજામાં ન આવે તે તેના માલિકીપણામાં નથી થઈ શકતો. અને કબજાનો મતલબ એ નથી કે કેવળ લેજર બુકમાં નફાની નોંધણી થઈ જવાથી ખાતેદારનો તેના પર કબજો માનવામાં આવશે અને નિસાબના વરસપસાર થયા પછી સૌની ઝકાત વાજિબ થશે. મજલિસ શરઈ મુબારકપૂરનો ફેંસલો છે કે :–

"હર્બીનો માલ મુબાહ માલ છે અને તે મુસ્લિમના કબજા વિના તેના માલિકીપણામાં નથી થતો અને કેવળ લેજર બુકમાં નોંધી દેવાથી ખાતેદારનો તેના પર કબજો સાબિત ન થયો એટલા માટે કે કબજાની જે હકીકી, હુકમી, મજાઝી સ્થિતિઓ ફિકહની કિતાબોમાં દર્શાવેલ છે, આ તેમાંથી કોઈ એક સ્થિતિમાં નથી આવતુ. (આગળ ફેંસલામાં લખેલ છે કે) બેંક વગેરેનો જણાવેલ નફો જ દિવસે કબજામાં આવે અને ખાતેદાર સાહિબે નિસાબ હોય તો નિસાબમાં ભળી જશે. *(અકસે તય શુદા ઉમૂર, પેજ–૫,૬)*

## ★ બોનસની ઝકાત ★

ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને વરસ પૂર્ણ થતાં અમુક નિશ્ચિત રકમ પગારથી ઉપરાંત પણ આપે છે જેને બોનસ કહેવામાં આવે છે. આ રકમની શરીઅતની રૂએ શું હૈસિયત છે ? અને એના પર ઝકાત કઈ રીતે વાજિબ થશે ?

સંશોધનને અંતે એ વાત સ્પષ્ટ થઈ કે બોનસની રકમ એક પ્રકારનુ ઈનામ છે જે ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને આપે છે, તો તેની હૈસિયત અતા કરેલ માલની હશે અને તેના પર કબજા વિના માલિકીપણુ સાબિત થશે નહીં. એટલા માટે બોનસની રકમ જ્યારે કર્મચારીના કબજામાં આવી જાય અને પછી તે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલ સાથે નિસાબ સુધી પહોંચે ત્યારે તેના પર ઝકાત વાજિબ થશે, નહીં તો નહીં. જેમ કે મજલિસે શરઈએ બોનસના વિશે આ પ્રમાણે હુકમ બહાર પાડયો છે :–

## ★ મજલિસે શરઈનો હુકમ ★

"બોનસની રકમ એક ખાસ પ્રકારનુ ઈનામ છે તેના પર કબજો

પામ્યા પછી કર્મચારી તેનો માલિક થશે અને નિસાબ જેટલી રકમ મળે અથવા અન્ય સાથે મિલાવતાં નિસાબ સુધી પહોંચે ત્યારે કબજા બાદ ઝકાત વાજિબ થશે." *(અકસે તય શુદા ઉમૂર, પેજ–૯)*

## ★ એરિયર્સની ઝકાત ★

ગવર્નમેન્ટના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંઓમાં છ મહીને કે વરસે જે વધારો થાય છે. સામાન્યતઃ તેના વધારાની સ્થિતિ એ પ્રમાણે હોય છે કે ગવર્નમેન્ટ હુકમ બહાર પાડે છે અને વધારાની રકમ (પગારમાં) પાછલા અમુક મહીનાઓથી જોડે છે. દા.ત. ગવર્નમેન્ટે પહેલી માર્ચે હુકમ લાગુ કર્યો કે કર્મચારીઓના પગારો (મોંઘવારી ભથ્થાં)માં ૫% નો વધારો કરવામાં આવે છે અને આ વધારો પાછલા જાન્યુઆરી મહીનાથી ગણવામાં આવશે. આ રીતે કર્મચારીનો પગાર વધારા સાથે માર્ચથી મળશે પણ પાછલા જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહીનાના પગારો જે હતા તેમાં ૫% નો વધારો એ એરિયર્સ (બાકી પડતી રકમ) તરીકે કર્મચારીને મળે છે.

હવે સવાલ એ પેદા થાય છે કે ગવર્નમેન્ટનો હુકમ બહાર પડતાં પહેલાં દા.ત. જાન્યુઆરી ફેબ્રુઆરીની જે રકમ મળશે તેના પર કર્મચારીનુ માલિકીપણુ જાન્યુઆરી ફેબ્રુઆરી મહિનાથી માનવામાં આવશે કે પછી ગવર્નમેન્ટનો ઓર્ડર બહાર પડયાની તારીખથી માલિકીપણાની સાબિતી ગણાશે ? એ જ પ્રમાણે ઝકાતનુ વાજિબ હોવુ હુકમ લાગુ કર્યાની તારીખથી થશે કે પછી પહેલાં જેટલા દિવસોના એરિયર્સનો હુકમ બહાર પડયો તેમાં તે જ સમયથી ઝકાતનો હુકમ લાગુ થશે ? આ મસ્અલા બાબતે શરઈ સેમીનારમાં ચર્ચા થઈ અને પછી એ નક્કી થયું કે :–

## ★ મજલિસે શરઈનો હુકમ ★

"એરિઅર્સની રકમ પગારની જ બાકી પડતી રકમ હોય છે, એટલા માટે જે તારીખે ગવર્નમેન્ટ એરિઅર્સનો હુકમ લાગુ પાડશે એ તારીખથી કર્મચારી એરિઅર્સનો માલિક થશે. ગવર્નમેન્ટનો ઓર્ડર જાહેર થતા પહેલાં જેટલા દહાડા જેટલા દિવસોના એરિઅર્સનો હુકમ થયો તે દિવસોમાં માલિકીપણુ સાબિત નથી અને ઝકાતનુ વાજિબ થવું માલિકીપણુ જાહેર

થયાની તારીખથી ઉપર દર્શાવેલ વિગત મુજબ થશે.''

આ પરથી જાણવા મળ્યું કે એરિઅર્સની રકમમાં ઝકાતનો હુકમ એ તારીખથી લાગુ થયો જે તારીખે ગવર્નમેન્ટે એરિઅર્સ આપવાનો હુકમ બહાર પાડયો. જેથી જો કોઈ શખ્સ એરિઅર્સની રકમનો માલિક બન્યા બાદ માલિકે નિસાબ થઈ જાય તો તેના પર તે રકમની ઝકાત હવે વાજિબ થશે. જેથી જો કોઈએ ફેબ્રુઆરીના અંતે ઝકાતની રકમ આપવાની છે તો તેણે હમણા જાન્યુઆરી ફેબ્રુઆરીની એરિઅર્સની રકમ ઝકાતમાં જોડવાની થશે નહીં, કેમ કે તે રકમ હજી તેની માલિકીમાં જ નથી આવી.

## ★ બોન્ડસ્ (BONDS)ની ઝકાત ★

મોટા ભાગની ગવર્નમેન્ટો તથા કંપનીઓ લોકો પાસેથી ઉધાર માંગે છે અને તે ઉધાર રકમને પાછા ફેરવવા માટે મુદ્દત નિશ્ચિત કરે છે અને અધિકતમ ટકા ઈન્ટરેસ્ટનુ એલાન કરે છે અને સાબિતી રૂપે ઉધાર આપનારને સર્ટિફિકેટ આપે છે તેને બોન્ડ કહે છે.

હવે પ્રશ્ન એ છે કે ઉધાર આપનારે જે સરમાયો બોન્ડસ પર લગાડયો છે તેની ઝકાત તેણે અદા કરવી પડશે કે નહીં ? અને જો અદા કરવી પડશે તો દર વરસે કે પછી બોન્ડને કેશ કરાવતી વખતે સર્વ વિતેલા વરસોની કે કેવળ જે વરસે રકમ મળી તે જ વરસની ?

બોન્ડ હકીકતમાં એક સનદ છે એ વાતની કે તે શખ્સે આટલી રકમ કંપની કે ગવર્નમેન્ટને આપી છે. જાહેર છે કે તે રકમ કરજ (ઉધાર) છે અને કરજ વિશે વારંવાર આવી ગયું છે કે તેની ઝકાત કરજ આપનાર પર વાજિબ છે, એ શરતે કે તે માલિકે નિસાબ હોય અને દરેક વરસની ઝકાત વાજિબ છે. જો કે તેની અદાયગી ચાલીસ દિરહમના જેટલી રકમ વસૂલ થઈ જતાં લાઝિમ થશે.

## ★ પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત ★

જેવી રીતે બેંકોમાં વિવિધ સ્કીમો હેઠળ લોકો પોતાની રકમો જમા કરે છે એ જ પ્રમાણે પોસ્ટ ઓફિસોમાં પણ વિવિધ સ્કીમો હેઠળ પૈસા જમા કરવામાં આવે છે. એ સ્કીમોનાં અલગ અલગ નામ હોય છે. દા.ત.

N.S.C., S.B.A., K.V.P., I.V.P., M.I.S. (નેશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ, કિસાન વિકાસ પત્ર વગેરે) વગેરે.

આ ખાતાંઓમાં રૂપિયા જમા કરવાથી એક નિશ્ચિત ધોરણે મૂળ રકમ પર વધારો પણ મળે છે. હવે સવાલ એ છે કે પોસ્ટ ઓફિસોમાં જે રકમ જમા થઈ તેના પર જે વધારો મળ્યો તેની ઝકાતનો શું હુકમ છે ?

ફકીહોના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે પોસ્ટ ઓફિસોમાં જમા કરવામાં આવનારી રકમ કર્ઝ (ઉધાર)ની હેસિયત ધરાવે છે. જેમ કે ફિકસ ડિપોઝિટના બયાનમાં આવી ચૂકયું છે. જેથી જેવી રીતે અન્ય ઉધારવાળી રકમ પર ઝકાત વાજિબ છે તેવી જ રીતે પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમોની પણ ઝકાત જમા કરનારાઓ પર વરસો વરસ વાજિબ થશે, એ શરતે કે જમા કરનાર કોઈ રીતે સાહિબે નિસાબ થાય. અલબત્ત, તે રકમ પર વાજિબ થનારી ઝકાતને આપવું તે વખતે વાજિબ થશે જ્યારે નિસાબના પાંચમા ભાગના જેટલા પ્રમાણમાં રકમ વસૂલ થઈ જાય અને એના ઉપર મળનારા નફાનો હુકમ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

## ★ સિક્યુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત ★

મકાન વગેરે ભાડે લેવાના સંજોગોમાં ભાડુઆત મકાન માલિકને ભાડાની નક્કી થયેલ રકમ ઉપરાંત એક મોટી રકમ ઝમાનત, ડિપોઝિટ, સિક્યુરીટી (પાઘડી)ના નામ પર અદા કરે છે, તે રકમને ભાડુઆત ત્યારે પાછી લઈ શકે છે જ્યારે મકાન ખાલી કરી આપે અથવા ભાડુઆતપણાનો મામલો ખત્મ થઈ જાય. એ દરમિયાનમાં લેવાનો અધિકાર ભાડુઆતને નથી રહેતો, અલબત્ત રકમ જેટલી આપી રાખે તે પૂરી પાછી મળી જાય છે. હવે સવાલ એ છે કે એ રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ છે કે મકાન માલિક પર જેના કબજામાં તે રકમ છે ?

એના બારામાં તેહકીક એ છે કે સિક્યુરીટીની રકમ અસલમાં એક કરજ (ઉધાર) છે જે ભાડુઆત મકાન માલિકને આપે છે અને કરજની રકમના બારામાં એ વાત નિશ્ચિત છે કે તેની ઝકાત મૂળ માલિક પર જ વાજિબ છે, જેથી અહીં પણ સિક્યુરીટીમાં આપેલી રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ થશે એ શરતે કે સાહિબે નિસાબ હોય.

અલ્લામા હસ્કફી رضی اللہ عنہ લખે છે :–

تجب زکاتها اذاتم نصابا وحال الحول તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ સુધી પહોંચી જાય અને વરસ વહી જાય." *(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

## ★ મજલિસે શરઈનો ફેંસલો ★

સીકયુરીટીની રકમને અમુક મુફતી સાહેબોએ ગીરો માનેલ છે અને અમુકે એક એતબારથી કરજ માનેલ છે અને બીજા એતબારથી ગીરો લખેલી છે. જ્યારે આ મસ્અલો મજલિસે શરઈ મુબારકપુરના સેમીનારમાં ચર્ચા હેઠળ આવ્યો તો આ સર્વ રજુઆતો સામે રાખીને ઉલમાએ કિરામની એક જમાઅતે એ રકમને કેવળ કરજ સ્વીકાર કર્યું. આ અજ્ઞાની (મૂળ લેખક)એ પણ પોતાના મકાલા (લખાણ)માં કેવળ કરજને માન્ય ઠરાવ્યું. હવે બિહમ્દિહી તઆલા સેમીનારમાં એક લાંબી ચર્ચાને અંતે સર્વ સંમતિથી એ નક્કી થયું કે :–

"ઝમાનતનું ઝર (રકમ) કેવળ કરજ છે અને ઝમાતનુ ઝર આપનાર પર તેની ઝકાત વાજિબ છે જેની અદાયગી કબજામાં આવ્યા બાદ તમામ પાછલા વરસોની વાજિબ થશે અને દર વરસે અદા કરી આપે તો મુનાસિબ છે." *(અકસે તયા શુદા ઉમૂર, પેજ–૪)*

## ★ ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન ★

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ પણ છે કે ભેંસોની ઘણી બધી સંખ્યા ભેગી કરી લેવામાં આવે છે અને તેમાંથી દૂધ કાઢીને સપ્લાય કરવામાં આવે છે. તે ભેંસોની સંખ્યા કેટલીકવાર ૫૦, ૧૦૦ સુધી રહે છે. આ વેપારના તરીકાને ડેરી ઉદ્યોગ કહે છે. હવે સવાલ એ છે કે એ જાનવરો પર ઝકાત છે કે કોઈ અન્ય તરીકાથી ઝકાત કાઢવાની રહેશે ?

આ મસ્અલાની તેહકીક એ છે કે જે ભેંસો દૂધ પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે તે ધંધા તથા કારીગરીના ઓજારની જેમ છે કે જેવી રીતે કારખાનામાં મશીનો વગેરે પર ઝકાત નથી ભલે તેની ગમે તેટલી કિંમત કેમ ન હોય. એવી જ રીતે એ ભેંસો ઉપર પણ ઝકાત વાજિબ નથી.

અલબત્ત એમનાથી મેળવેલા દૂધની આવક પર નિસાબ હોવાની શરતે ઝકાત વાજિબ થશે અને જો કોઈ ભેંસનુ ખરીદ વેચાણ કરીને તેની કિંમત ઉભી કરી લેવામાં આવી તો એ કિંમત જરૂર ઝકાતના માલની ગણત્રીમાં આવશે અને તેની ઝકાત વાજિબ થશે. (બહરૂલ ઉલૂમ આઝમી સાહબ કિબ્લાના પત્રનો સારાંશ)

## ★ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત ★

ડેરી ઉદ્યોગની જેમ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)નો કારોબાર પણ ખૂબ જ વ્યાપક ચાલે છે. એમાં એવું હોય છે કે મરઘાં, મરઘીઓ, ઈંડાઓ અને નાનાં બચ્ચાંનુ ખરીદ વેચાણ થાય છે તેની ઝકાત કઈ રીતે આપવામાં આવે ?

આ મસ્અલામાં જે વાતો તેહક઼ીક઼ને અંતે સામે આવી છે તે આ પ્રમાણે છે કે એ સર્વ ચીજો વેપારનો સામાન છે અને ઉઘાડી વાત છે કે વેપારનો સામાન એ શરતે કે નિસાબ સુધી પહોંચે અને કરજ વગેરેથી ખાલી હોય (એટલે કરજ બાદ કર્યા બાદ નિસાબ સુધી પહોંચે) તો તેમાં ઝકાત વાજિબ છે.

જેમ કે હુઝૂર સદરુશ્શરીઅહ્ عليه الرحمه ફર્માવે છે :–

"સોના ચાંદી સિવાય વેપારની કોઈ ચીજ હોય જેની કિંમત સોના ચાંદીના નિસાબ સુધી પહોંચે તો તેના પર પણ ઝકાત વાજિબ છે." *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૩૬)*

એટલા માટે વરસ પસાર થયા બાદ ઈંડાં, મરઘાં, મરઘીઓ તથા નાનાં બચ્ચાંની કિંમત પર ઝકાતની અદાયગી વાજિબ છે.

## ★ LIC માં જમા રકમ પર ઝકાત ★

બેંકોની વિવિધ સ્કીમોમાં એક સ્કીમ જીવન વીમા (**Lite Insurance Corporation**) ની છે એમાં હપ્તાવાર રકમ જમા કરવાની હોય છે. હવે જે રકમ જમા કરવામાં આવી છે તો શું એના ઉપર પણ ઝકાત વાજિબ છે ?

આગળ એનું વર્ણન આવી ચૂકયું છે કે કરજ (ઉધાર) આપેલી રકમ

પર ઝકાત વાજિબ છે અને એ વાત તેહકીક પામેલી છે કે બેંકોમાં જમા કરવામાં આવતી રકમ કરજની હૈસિયત ધરાવે છે જેથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે LIC (જીવન વીમા)માં જમા થયેલી રકમ પર ઝકાત વાજિબ છે એ શરતે કે જમા કરનાર માલિકે નિસાબ હોય.

## ★ મજલિસે શરઈનો ફેંસલો ★

જીવન વીમા (LIC) માં જમા થયેલી રકમની ઝકાતના વિશે જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈનો ફેંસલો આ પ્રમાણે બહાર પડયો છે :–

''મૂળ જમા થયેલ રકમની ઝકાત દર વરસે વાજિબ છે પણ અદાયગી તે રકમ હાથમાં આવે ત્યારે વાજિબ છે અને અધિક માલ પ્રાપ્ત થયા બાદ અસલ નિસાબ સાથે જોડાઈ જશે જેથી તેની ઝકાત નિસાબનુ વરસ પસાર થતાં વાજિબ છે. *(સહીફએ ફિક્હે ઈસ્લામી, પેજ–૩ર, મુબારકપુર)*

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–ર૦૦૮)*



# ઝકાત સંબંધી અગત્યની પ્રશ્નોત્તરી

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફતીઓ નીચેના મસાઈલના બારામાં કે :–

**સવાલ નં. ૧ :** ઝકાતની હક઼ીક઼ત શું છે ?

**જવાબ નં. ૧ :** બેનિયાઝ ખુદાએ પોતાના મોહતાજ તથા ફક઼ીર (ગરીબ) બંદાઓના માટે માલદારોના માલમાં થોડો સરખો હિસ્સો નિશ્ચિત કર્યો છે જેથી એના વડે એમની જરૂરતો પૂરી થાય અને માલદારોનો માલ પણ સુથરો તથા બરકતવંત થઈ જાય. એ ખાસ માલનું નામ શરીઅતની રૂએ ઝકાત છે. કુર્આને હકીમમાં અલ્લાહ ﷻ એ આ હક઼ીક઼તને આ પ્રમાણે જાહેર કરી છે :–

اِنَّمَا الصَّدَقٰتُ لِلۡفُقَرَآءِ وَالۡمَسٰكِيۡنِ وَالۡعٰمِلِيۡنَ عَلَيۡهَا وَالۡمُؤَلَّفَةِ قُلُوۡبُهُمۡ وَفِى الرِّقَابِ وَالۡغٰرِمِيۡنَ وَفِىۡ سَبِيۡلِ اللّٰهِ وَابۡنِ السَّبِيۡلِ‌ؕ فَرِيۡضَةً مِّنَ اللّٰهِ‌ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ‌ ۔

"સદક઼ાઓ ફક઼ીરો (ગરીબો) તથા મિસ્કીનો માટે છે અને તેમના માટે જેઓ આ કામ માટે નિયુક્ત છે, અને તે જેમના દિલોને આકર્ષવાનો મક઼સદ છે. અને ગુલામોમાં અને તાવાનવાળાના માટે અને અલ્લાહની રાહમાં અને મુસાફિરના માટે. એ અલ્લાહના તરફથી નિશ્ચિત કરવું છે અને અલ્લાહ ઈલ્મ તથા હિકમતવાળો છે." *(સૂ. તૌબા, આ. ૬૦, પા. ૧૦)*

નબી પાક ﷺની હદીષોમાં પણ આ હક઼ીક઼ત પર પ્રકાશ વેરવામાં આવ્યો છે. અમુક આ પ્રમાણે છે :–

- ઈમામ અહમદે ષિક઼ાહ રાવીઓની રિવાયતોથી અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે, તારા માલની ઝકાત કાઢ કે તે પાક કરનારી છે, તને પાક કરી આપશે

અને સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કર અને મિસ્કીન તથા પડોશી તેમજ સાઈલ (માગનાર)નો હક્ક઼ ઓળખ.''

- અબૂ દાઊદે હસન બસરીથી મુરસલન, અને તિબ્રાની તથા બયહક઼ીએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની એક જમાઅતથી રિવાયત કરી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે ઝકાત આપીને પોતાના માલોને મજબૂત કિલ્લાઓમાં કરી લો, અને તમારા બીમારોનો ઈલાજ સદક઼ાથી કરો અને બલા નાઝિલ થવા પર દુઆ અને રૂદન તથા આજીજીથી મદદ ચાહો.

તેમજ તિબ્રાની, અનસ رَضِىَ اللّٰهُ عَنْهُથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, ક઼યામતના દિવસે માલદારોના માટે મોહતાજોના હાથો વડે ખરાબી છે. મોહતાજો અર્ઝ કરશે, અમારા હક્કો જે તેં એમના પર ફર્ઝ કર્યા હતા તે તેમણે જુલ્મી રીતે ન આપ્યા. અલ્લાહ عَزَّوَجَلَّ ફર્માવશે, મને ક઼સમ છે મારી ઈજ્જત તથા જલાલની કે તેમને મારો કુર્બ (નઝદીકી) અતા કરીશ અને તેઓને દૂર રાખીશ.

ફક઼ીહો ફર્માવે છે, ઝકાતના સાત હક્ક઼દારો છે : ફક઼ીર (ગરીબ), મિસ્કીન, આમિલ, રક઼ાબ, ગારિમ, ફી સબીલિલ્લાહ, ઈબ્નુસ્સબીલ. મુઅલ્લિફતુલ કુલૂબનો હુકમ મન્સૂખ થઈ ચૂક્યો છે અને રક઼ાબ હવે જોવા નથી મળતા એટલા માટે કુલ હક્ક઼દાર છ રહી ગયા. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૨** : ઝકાત અદા થઈ ગઈ એ ક્યારે માનવામાં આવશે ?

**જવાબ નં. ૨** : જ્યારે ઝકાતની રકમ ફક઼ીર કે મિસ્કીન મુસલમાનના હાથમાં પહોંચી જાય અને સાથોસાથ એને માલિક પણ બનાવી દેવામાં આવે તો માનવામાં આવશે કે ઝકાત અદા થઈ ગઈ. હા ! જે ફક઼ીરો તથા મિસ્કીનોનો શરીઅતે ઝકાત આપવાથી મના કરેલ છે તેમને ન આપે, નહીં તો ઝકાત અદા થશે નહીં જેમ કે સૈયદ, હાશમી, મા, બાપ, પુત્રી, પુત્ર.... વગેરે અસલ તથા શાખ, કે એઓ ઝકાતના હક્ક઼દાર નથી, જૌહરા, તન્વીર તથા આલમગીરીમાં છે :–

''ઝકાત અદા કરવામાં એ જરૂરી છે કે જેને આપે તેને માલિક બનાવી આપે, ઈબાહત (મુબાહ કરવું, હલાલ ઠરાવી દેવુ) પૂરતુ નથી. જેથી ઝકાતનો માલ મસ્જિદમાં વાપરવો અથવા એના વડે મૈયતને કફન આપવું અથવા મૈયતનું કરજ અદા કરવું અથવા ગુલામ આઝાદ કરવો, પુલ, મુસાફરખાનુ, પરબ, સડક બનાવી આપવું, નહેર કે કૂવો ખોદાવી આપવો, એ કામોમાં ખર્ચ કરવું અથવા કિતાબ વગેરે કોઈ ચીજ ખરીદીને વક્ફ કરી આપવી પૂરતુ છે. *(બહવાલા બહારે શરીઅત, ૫/૬૦)*

ફતાવા રઝવિય્યહ્માં છે :–

''ઝકાતના હક્કદાર તે દરેક હાજતમંદ મુસલમાન છે જેનો પોતાના માલિકીના માલમાં જરૂરત સિવાય નિસાબની માત્રા (મિકદાર) પર કબજો ન હોય એ શરતે કે ન હાશમી[૧] હોય, ન પોતાનો પતિ[૨], ન પોતાની પત્ની[૩], ભલે મુગલ્લઝા તલાક આપી દીધી હોય જ્યાં સુધી ઈદ્દતથી બહાર ન આવે, ન તે જે પોતાની ઔલાદમાંથી[૪] હોય જેમ કે પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રી, નવાસો, નવાસી. ન તે જેમની ઔલાદમાંથી એ હોય[૫] જેમ કે મા, બાપ, દાદા, દાદી, નાના, નાની ભલે એ અસલી કે ફુરૂઈ (શાખાકીય) સંબંધો અલઅયાઝુબિલ્લાહ ! ઝિના થકી હોય. ન પોતાના કે આ પાંચેવ પ્રકારોમાં કોઈના ગુલામ હોય, ભલે મકાતિબ હોય ન કોઈ ગનીનો ગુલામ ગૈર મકાતિબ, ગની પુરૂષનો નાબાલિગ બાળક, ન હાશમીનો આઝાદ ગુલામ અને મુસલમાન હાજતમંદ કહેવાથી કાફિર તથા ગની (માલદાર) પહેલેથી જ બહાર થઈ ગયા. **આ સોળ શખ્સો છે જેમને ઝકાત આપવી જાઈઝ નથી.** એમના સિવાય સૌને આપો. *(ફતાવા રઝવિય્યહ્, ૬/૪૬૪)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૩** : મેડિકલ, દુનિયવી શિક્ષણ, હાઉસિંગના માટે જાહેરાત કરીને શું ઝકાત ફંડ વસૂલ કરી શકાય છે ? માંગનારાએ મેડિકલ, દુનિયવી એજ્યુકેશન અથવા હાઉસિંગ (મકાનો બાંધવો) માટે ઝકાત માંગી છે. ઝકાત આપનાર આ રીતે આ કામો માટે ઝકાત આપી શકે છે ? એનામાંથી કોઈ કામના માટે ખાસ કરીને ઝકાત વસૂલી શકાય છે ? અને આપનાર શું એ જ ખાસ કામની શર્ત પર આપી શકે છે ?

**જવાબ નં. ૩** : મેડિકલ તથા દુનિયવી એજ્યુકેશન તથા હાઉસિંગના માટે **ખૂદ (ડાયરેકટ) ઝકાતના હક્કદાર તથા મિસ્કીનો (ગરીબો)ને** ઝકાત આપી શકે છે. ત્યાર બાદ તેમને ઈખ્તિયાર છે કે તે પોતાની જે જરૂરતમાં ચાહે ખર્ચ કરે. અને **"ઝકાત ફંડ" સ્થાપીને એ હેતુઓ માટે ઝકાત વસૂલ કરવી જાઈઝ નથી.** કેમ કે કુર્આન તથા હદીષમાં ઝકાતના જે હક્કદારો વર્ણન કરવામાં આવ્યા છે એમનામાંથી નથી. આપણા ઉલમાએ હવે ઝકાત તથા વાજિબ સદકાઓનું બયતુલમાલ સ્થાપવાથી પણ મના કરી આપેલ છે. જેમ કે મજલિસે શરઈ જામિઆ અશ્રફિયાના ફિક્હી સેમીનારમાં આ પ્રમાણે ફેંસલો થઈ ચૂક્યો છે :–

"ઝકાત કુલ ૨.૫ % નીકળે છે જ્યારે કે માલિકની પાસે કુલ ૯૭.૫ % બાકી સલામત છે. **માલદારો તથા મુસ્લિમ લીડરોએ જાઈએ કે પોતાની ૯૭.૫ %માંથી યોગ્ય હિસ્સો ઉપરોક્ત કામો માટે ખાસ કરી આપે,** જો એવું થઈ ગયું તો મુસ્લિમ કૌમને ઘણી બધી કૌમી, સામાજિક તથા અંગત સમસ્યાઓ હલ થઈ શકે છે." અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૪** : દવા લેવા માટે આવનાર જરૂરતમંદ કહે કે હું ઝકાતનો મુસ્તહિક્ (લેવાને પાત્ર) છું, તો શું તેની વાત પર યકીન કરીને તેને હક્કદાર માની લેવામાં આવશે ?

**જવાબ નં. ૪** : ઝકાત આપનાર દિલમાં સારી રીતે વિચારે, જો એનું દિલ એના પર જામે કે તે સાચો છે તો તેને ઝકાતનો હક્કદાર માનીને ઝકાત આપી શકે છે.

આલમગીરી વગેરેમાં છે :–

જેણે તહર્રી કરી એટલે કે વિચાર્યું અને દિલમાં એ વાત જામી કે એને ઝકાત આપી શકે છે અને ઝકાત આપી દીધી, બાદમાં જાહેર થયું કે તે ઝકાતનો હક્કદાર છે અથવા કાંઈ હાલ ન ખુલ્યો, તો ઝકાત અદા થઈ. અને જો બાદમાં જાણવા મળ્યું કે તે માલદાર હતો અથવા પોતાની ઔલાદ હતી અથવા પતિ હતો, તો પણ અદા થઈ ગઈ.

અને એ પણ તહર્રીના હુકમમાં છે કે એણે સવાલ કર્યો અને આણે

તેને માલદાર ન જાણીને આપી દીધું, અથવા તે ફક઼ીરોની (ગરીબોની) ટોળીમાં તેમના જેવા દેખાવમાં હતો તેને આપી દીધું. (તો પણ ઝકાત અદા થઈ ગઈ.) આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર. *(બહારે શરીઅત, ૫/૬૪, મઆરિફ)* અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૫** : દવા, ગોળીઓ, દવાની બોટલ વગેરે તો દવા લેવા આવનારના હાથમાં આપવામાં આવે છે, પરંતું ડોકટરની ફી તથા હોસ્પિટલનું બિલ ડોકટરને અથવા હોસ્પિટલમાં આપી દેવામાં આવે છે. તો શું આ રીતે ઝકાત અદા થઈ જશે ? જો નથી થતી, તો અદા કરવાની શું સ્થિતિ છે ?

**જવાબ નં. ૫** : ઝકાત અદા થવા માટે એ જરૂરી છે કે **ગરીબને ઝકાતનો માલ આપીને તેને માલિક બનાવી આપે,** એટલે કે ઝકાતના માલ પર મુસ્લિમ ફક઼ીર (ગરીબ)નો કબજો થવો જરૂરી છે અને જ્યારે ડોકટરની ફી ડોકટરને આપે છે અને હોસ્પિટલનો ખર્ચ હોસ્પિટલમાં જમા કરે છે તો આ ફી તથા ખર્ચવાળા રૂપિયા પર ફક઼ીરનો કબજો ન થયો, ન તો તેને એ રૂપિયાનો માલિક બનાવવામાં આવ્યો, એટલા માટે તે ઝકાત અદા ન થઈ. એનો હલ એ છે કે એ રૂપિયા બીમારને આપી દે અને કહી આપે કે તમે એના માલિક છો, જ્યારે તે એના પર કબજો કરી લે, પછી તેની પાસેથી લઈને ફી આપી દે અને (હોસ્પિટલમાં) ખર્ચો જમા કરી આપે, એ બેહતર છે. અને એ પણ જાઈઝ છે કે કોઈ ફક઼ીર (ગરીબ) ઝકાતના હક્ક઼દાર થકી આવી રકમનો શરઈ હીલો કરાવી લે, પછી એમાંથી કાંઈક એ ફકીરને આપે અને બાકીનામાંથી જેટલું બીમાર માટે ખર્ચવું હોય કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૬** : ઝકાતના હક્ક઼દાર બાલિગ છોકરા તથા છોકરીઓને દુનિયવી તા'લીમના માટે ઝકાત ફંડમાંથી યુનીફોર્મ, સ્કૂલનાં પુસ્તકો, નોટબુકો વગેરે સ્કૂલમાં જરૂરી ચીજો તેમના હાથમાં આપવામાં આવે છે. તો આ રીતે શું ઝકાત અદા થઈ જશે ?

**જવાબ નં. ૬** : બાલિગ તથા આક઼િલ છોકરા છોકરીઓને જો

યુનીફોર્મ તથા કિતાબો તથા નોટબુક તથા પેન પન્સિલ વગેરેના માલિક બનાવીને કબજો આપી દેવામાં આવે તો ઝકાત અદા થઈ જશે, કેમ કે ઝકાતની અદાયગીના માટે તમ્લીક (માલિક બનાવવું) તથા કબજો જરૂરી છે જે અહીં મુતહક્કક (ઉપસ્થિત, જોવા મળે) છે, પરંતુ બેહતર એ છે કે એમને રૂપિયાના જ માલિક બનાવીને કબજો આપવામાં આવે, પછી તેમને કહે કે તેઓ આ રૂપિયા પોતાની શૈક્ષણિક ચીજોના માટે વાપરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૭** : સ્કૂલની ફી, ટયૂશન ફી વિદ્યાર્થીઓના હાથમાં આપવાને બદલે સ્કૂલ અથવા ટયૂશન આપનારાઓને ઝકાત ફંડમાંથી શું ચેક કે રોકડમાં આપી શકાય છે ?

**જવાબ નં. ૭** : સ્કૂલ તથા ટયૂશન માસ્તર અથવા ટીચરને ઝકાત ફંડથી **ચેક આપવો જાઈઝ નથી.** કેમ કે ઝકાતના હક્કદાર ફકીરો (ગરીબો) તથા મિસ્કીનો છે અને સ્કૂલ માસ્તર તથા ટીચરની ફી તથા મજદૂરી ઝકાતના હક્કદારો (પાત્રો)માંથી નથી, અને ન તો એ લોકો પગારદાર હોવાની હૈસિયતથી ઝકાતના હક્કદાર છે, એટલા માટે જવાબ નં. ૫ના હલ પ્રમાણે અમલ કરી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૮** : નાબાલિગ છોકરા છોકરીઓને દુનિયવી એજ્યુકેશનના માટે ઝકાત ફંડમાંથી ઈમદાદ કરવાની કઈ સ્થિતિ છે જેનાથી ઝકાત અદા થઈ જાય ?

**જવાબ નં. ૮** : **કોઈ સ્થિતિ નથી**, દીની મદરસાઓમાં ખર્ચ કરવાના માટે ઝકાતની રકમનો શરઈ હીલો એટલા માટે કરવામાં આવે છે કે આજના જમાનામાં તેના વિના દીની ઈલ્મોની હિફાઝત નથી થઈ શકતી અને ઈલ્મે દીનની પ્રાપ્તિ પોતે જ એક ઈબાદત, કુર્બત તથા સવાબનું કાર્ય છે, પણ **કોલેજ તથા તેનું એજ્યુકેશન આ બંનેવથી ખાલી છે.** એટલા માટે નાબાલિગ છોકરા છોકરીઓની મદદ દુનિયવી શિક્ષણના માટે કેવળ તોહફાઓ વડે કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૯** : ઝકાતના હક્કદાર જરૂરતમંદને મકાન આપવાના માટે જમાઅતથી ઝકાત ફંડ વસૂલ કરવામાં આવે છે.

જમાઅતને લિલ્લાહ રકમ મળી તેનાથી જમીનનો પ્લોટ ખરીદવામાં આવ્યો. લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન પર ઝકાત ફંડમાંથી ફલેટ ઝકાતના હક્કદારને આપવા માટે બનાવવામાં આવ્યા છે. શું આ રીતે ઝકાતની રકમમાંથી મકાનનું બાંધકામ કરી શકાય છે ?

ઉપરોક્ત તરીકાથી બાંધવામાં આવેલ મકાનોને નીચે મુજબની શરતોની સાથે જરૂરતમંદોને આપી શકાય છે કે નહીં ?

(અ) મકાન આપ્યા બાદ શું તેમની પાસે માસિક જમીન ભાડુ લઈ શકાય છે ?

(બ) ઝકાતના હક્કદારને આપવામાં આવેલું મકાન જ્યાં સુધી તે ખૂદ રહે ત્યાં સુધી તેની માલિકીમાં રહેશે. તે એને વેચી નથી શક્તો, ન પોતાની મરજીથી ત્યાં કોઈ અન્યને રહેવાને માટે આપી શકે છે. આ શરત પર મકાન આપવામાં આવે છે. તો શું આ જાઈઝ છે ?

**નોંધ** : આ શરતો લાગુ કરવાનાં કારણો નીચે મુજબ છે :–

(અ) કેટલાક ઝકાતના હક્કદારો મકાન આપવા પર તેને પોતાની માલિકીમાં લઈને અમુક જ દિવસોમાં મકાન વેચીને એની રકમ લઈને ચાલ્યા જાય છે.

(બ) એવા લોકો અધિક રકમની લાલચમાં ગૈર મુસ્લિમ તથા કુસંસ્કારી લોકોને મકાન વેચી નાખે છે જેનાથી અન્ય રહેવાવાળાઓને તકલીફ ઉભી થાય છે.

**જવાબ નં. ૯** : ઝકાત આપવાનો આ તરીકો નાજાઈઝ છે, કેમ કે આ રીતે કરવામાં ઝકાત અદા નથી થતી અને **જેટલા લોકોએ ઝકાત ફંડમાં ઝકાતના રૂપિયા જમા કર્યા છે તેમની ઝકાત તેમના માથે ફર્ઝ છે અને મોડુ થવાના લીધે ગુનોહ પણ લાઝિમ આવે છે.** અને જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે ઝકાતની અદાયગીના માટે મુસલમાન ફકીર (ગરીબ)ને માલિક બનાવવો જરૂરી છે, અને અહીં કોઈ મુસલમાન ઝકાતની રકમ અથવા એના વડે લીધેલ ફલેટનો માલિક નથી બનાવવામાં આવતો, ન તે માલિક બને છે બલ્કે એના માટે ફલેટમાં રહેવાની ઈજાઝત

છે, અને આ તમ્લીક (માલિક બનાવવું) નથી. **આ ઝકાતની રકમનો ઘણો જ અયોગ્ય ઉપયોગ છે.** ઝકાત ફંડની વ્યવસ્થા કરનારાઓ પર અનિવાર્ય બને છે કે તાત્કાલિક એનાથી રોકાય જાય, અને જે લોકોની ઝકાત અત્યાર સુધી બેકાર થઈ છે તેમના તરફથી ઝકાત અદા કરવાની સ્થિતિ અમલમાં લાવે એટલે કે પોતાની પાસેથી તેમનાથી ઈજાઝત લઈને ઝકાત અદા કરે, અથવા તેમને એટલી રકમ પાછી આપે જેથી તેઓ ઝકાત અદા કરે અથવા તેમને એટલી રકમ પરત કરી આપે જેથી તેઓ અદા કરે. આ હુકમ એક સ્થિતિનો છે. વધુ વિગત નં. ૧૦માં આવી રહી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**સવાલ નં. ૧૦ :** લિલ્લાહ રકમ વડે ખરીદેલી જમીન દસ વરસ પહેલાં ઝકાત ફંડમાંથી મકાનો બનાવીને ઝકાતના હક્કદારોને આપવામાં આવ્યાં છે. અને તેમની પાસેથી જમીનના ભાડા પેટે માસિક સો રૂપિયા વસૂલ કરવામાં આવે છે. આજ સુધી એ મકાનોમાં રહેનારાઓને મકાન વેચવા અથવા કોઈ અન્યને આપવાનો હક્ક નથી આપવામાં આવ્યો.

તો પૂછવાની વાત એ છે કે દસ વરસ પહેલાં એ કામના માટે વસૂલ કરવામાં આવેલી ઝકાત અદા થઈ કે નહીં ? જો અદા ન થઈ તો તેને અદા કરવાનો શો તરીકો છે ? શું હીલો છે ? વિગતવાર બયાન કરો.

**જવાબ નં. ૧૦ :** એ **ઝકાત અદા ન થઈ** અને અદા કરવામાં દસ વરસ મોડુ કરવું નાજાઈઝ છે, તેનો ગુનોહ તથા વબાલ પણ માથે આવી. અને જો ઝકાત આપવાવાળાએ પોતાના રૂપિયા વડે બાંધકામની ઈજાઝત ન આપી હોય તો તેની અમાનતમાં ખયાનતનો ગુનોહ પણ લાઝિમ થયો. અને આ સ્થિતિમાં ઝકાતની અદાયગીનો તરીકો એ જ છે જે નંબર–૯માં વર્ણન થયો. અને જો ઝકાત આપવાવાળાએ ફકીરો તથા મિસ્કીનોની તમ્લીક (માલિક બનાવવા)ના માટે ફલેટના બાંધકામની ઈજાઝત આપી હતી, પણ વ્યવસ્થાપકોએ તમ્લીકના (માલિક બનાવવા)ના માટે નહીં બલ્કે ઈજારા પર આપવા બનાવ્યાં તો એ પણ ગુનોહ છે, અને એનો હુકમ એ જ છે જે વર્ણન થયો. અને જો ઝકાત આપનારાઓએ વ્યવસ્થાપકોને સંપૂર્ણપણે ઈજાઝત આપી દીધી હતી કે

તેઓ પોતાની સાચી સમજના પ્રમાણે કામ કરે, તો અદાયગીમાં મોડુ કરવાના કારણે બંનેવ ગુનેહગાર થયા. અને આ સંજોગોમાં ઝકાતની અદાયગીનો આસાન તરીક઼ો એ છે કે ફક઼ીરને ફ્લેટનો માલિક બનાવી દે તો ફ્લેટની વ્યાજબી કિંમતની માત્રા (જેટલી) ઝકાત અદા થઈ જશે. પછી ભવિષ્યમાં કદીપણ આવુ પગલુ ન ભરે. તેમજ વાજિબ છે કે **જે લોકો પણ આ ગુનાહમાં સપડાયા હોય સૌ એલાનિયા તૌબા કરે** અને એ રીતનાં કોઈ પગલાં ભરતાં પહેલાં શરીઅતનો હુકમ માલૂમ કરી લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(ખાદિમુલ ઈફતા : દારુલ ઉલૂમ અશરફિયા–મુબારકપુર, ૨૭–શવાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૩૧, તા. ૭–૧૦–૨૦૧૦) (હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ઓગસ્ટ–૨૦૧૨)*



# હે બહેનો ! શું તમે આગની બંગડીઓ પહેરી શકશો ?!

પ્યારી બહેનો ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો કરોડો અબજો એહસાન છે કે આપણને મુસલમાન બનાવ્યાં અને જન્નતી ફિર્કા ''અહલે સુન્નત વ જમાઅત''માં રાખ્યાં કે જેના સિવાયના સર્વ ફિર્કા શીઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, અહલે ખબીષ સૌ યકીનન ! જહન્નમી છે. આખી જિંદગી સજદામાં માથુ રાખીને તેનો શુક્ર અદા કરતા રહીએ તો પણ શુક્ર અદા નથી કરી શક્તા. જેથી આપણે આપણા દીન તથા ઈમાનની કદર કરીને જિંદગી જીવવી જોઈએ. અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના દરેક બાબતે શું હુકમો છે તે શોધવા જાણવા જોઈએ અને તેના પ્રમાણે જ જીવવું જોઈએ તો આપણે ખુદા વ રસૂલના વફાદાર બંદા ગણાઈશું અને જો તેમની નાફર્માનીમાં જીવીશું તો તમે જ વિચારો કે આપણે બેવફા તથા ગદ્દાર નહીં કહેવાઈશું ?!

### ★ ઝકાત કોણે કાઢવી પડશે ?! ★

થોડાક સમય પહેલાં એક બહેને મને ફોનથી પ્રશ્ન કર્યો હતો કે મારી પુત્રી વિધવા થઈ ગઈ છે, તેને કોઈ કમાનાર નથી તો તેને ઝકાત આપી શકાશે ?! તો મેં પૂછયું કે તેણી પાસે સોનુ, ચાંદી, રૂપિયા કાંઈ બેલેન્સ છે ? કહ્યું કે સોળ તોલા સોનુ તથા કેટલીક ચાંદી તથા અમુક રૂપિયા તેના ખાતામાં છે પણ બિચારીને કોઈ હવે કમાઈને આપનાર નથી અને બે નાનાં બાળકો છે. તો મેં કહ્યું કે આજની તારીખે જ્યારે તેની પાસે સોળ તોલા સોનુ અમુક ચાંદી તથા રકમ છે, જેથી તેણીએ ઝકાત લેવાની વાત તો દૂર રહી પણ તેણીએ ખૂદ ઝકાત કાઢવી પડે !

અફસોસ ! એ વાતનો છે કે દુનિયાવી નફા નુકસાન બાબતે સર્વ માહિતી ગમે ત્યાંથી લોકો મેળવી લે છે પણ આટલી કિતાબો છપાય છે, બયાનોમાં ઉલમા તથા મુબલ્લિગો સમજાવે છે છતાં ઝકાત વિશે સમજ જાણે લોકોએ મેળવવી નથી ! ઈલ્લા માશાઅલ્લાહ ! જેથી આવો ! ઝકાત

કોના પર લાગુ થાય તે સમજી લો.

સૌ પ્રથમ એ સમજી લો કે છોકરી નવ વરસ પછી બાર સુધીમાં બાલિગ થાય છે જ્યારે બાલિગ થવાની નિશાનીઓ જાહેર થાય અને છોકરો ૧૨ થી ૧૫ સુધીમાં બાલિગ થવાની નિશાનીઓ જાહેર થતાં બાલિગ ગણાશે અને છોકરો કે છોકરી પંદર વરસનાં થાય તો નિશાનીઓ જાહેર થાય કે ન થાય તે બાલિગના હુકમમાં છે.

હવે સમજો કે ઝકાત દરેક સુન્ની મુસલમાન આકિલ, બાલિગ સ્ત્રી, પુરૂષ છોકરો કે છોકરી જે તે વ્યક્તિ પર લાગુ થશે જેની પાસે સાડા સાત તોલા સોનુ અથવા સાડા બાવન તોલા ચાંદી અથવા એટલો વેપારનો માલ તેની માલિકીમાં છે. અથવા **થોડુ સોનુ, થોડી ચાંદી, થોડી રકમ સૌ એકત્ર કરતાં (નજીકનો નિસાબ) એટલે સાડા બાવન તોલા ચાંદી જેટલી કિંમત થઈ જાય તો તે વ્યક્તિ "સાહિબે નિસાબ" કહેવાશે**. હવે તે ઝકાત લઈ ન શકે, પણ એટલો માલ તેની પાસે (માલિકીમાં) એક વરસ રહે તો તેના પર તે માલની ઝકાત કાઢવાની ફર્ઝ થશે. આમાં છોકરી, છોકરો, સ્ત્રી, પુરૂષ કોઈ પણ વ્યક્તિ હોય તેના પર આ હુકમ લાગશે. જેથી હાલના દૌરમાં જેની પાસે થોડુ સોનુ થોડી ચાંદી કે રકમ ભેગુ કરતાં સાડા બાવન તોલા ચાંદી બરાબર થઈ જાય તે સાહિબે નિસાબ છે. સોના ચાંદીનો ભાવ જાણીને જાતે ગણત્રી કરી લો. હાલ જેની પાસે દા.ત. ૧ તોલા ચાંદીનો ભાવ ૩૬૬ રૂા. છે. તો ૩૬૬ × ૫૨.૫ = ૧૯,૨૧૫ રૂા. જેવી રકમ હોય તે સાહિબે નિસાબ થઈ જશે. સારાંશ કે ચાંદીનો ભાવ જે પ્રમાણે હોય તે પ્રમાણે ગણત્રી કરવી. હવે તે ઝકાત નહીં લઈ શકે બલ્કે એટલા પર વરસ (૩૫૫ દિવસ) પૂર્ણ થતાં તેની ઝકાત તે કાઢે, નહીં તો ખુદાના ગઝબને પાત્ર ઠરશે.

## ★ સોનુ પહેરવાનો ઉમંગ છે તો ઝકાત પણ કાઢો ! ★

કેટલીક બહેનો સોના ચાંદીનાં ઘરેણા ખરીદે છે પણ તેની શું ઝકાત કાઢવી જોઈએ એના બાબતે ગંભીરતાથી નથી વિચારતી અને જેવો કે હુકમ છે તે પ્રમાણે ઝકાત નથી કાઢતી તેવી બહેનો સાવધાન થઈ જાય અને આ હદીષે પાકને સાંભળી લે !

રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક સ્ત્રી આવી. તેની સાથે તેની પુત્રી હતી જેના હાથમાં સોનાની મોટી મોટી બંગડીઓ હતી. આપ ﷺએ એ સ્ત્રીને પૂછયું, **શું તમો એની ઝકાત અદા કરો છો ?!** તે સ્ત્રીએ અર્ઝ કરી, જી નહીં ! આપે ઈર્શાદ ફર્માવ્યો, **શું તમો એ વાતથી ખુશ છો કે કયામતના દિવસે અલ્લાહ તઆલા તમને આ બંગડીઓના બદલામાં આગની બંગડીઓ પહેરાવે ?!** આ સાંભળતાં જ તેણીએ એ બંગડીઓ રસૂલુલ્લાહ ﷺના સામે રાખી દીધી અને અર્ઝ કરી કે આ અલ્લાહ અને તેના રસૂલના માટે છે. *(સુનને અબૂ દાઊદ, બાબુલ કન્ઝ, પેજ–૨૧૮, ભાગ–૧)*

આ હદીષમાં તમને શું સમજ પડી ?! બહેનો ! તમારે હવે શું કરવું જોઈએ ?! અલ્લાહ તઆલાના અઝાબ વિશે સાંભળીને મોમિન તથા મોમિનાનું દિલ ધડકી ઉઠે છે ! આને ઈમાન કહે છે ! આને મઝહબ માટે કુર્બાની કહેવાય છે ! કેવળ નફસની ચાલે ન ચાલો ! જુઓ કે આ સહાબી સ્ત્રીએ હુકમ સાંભળતાં જ કેવોક અમલ કર્યો જેનું દષ્ટાંત હાલના દૌરમાં મળવું દુર્લભ છે. શક્ય છે કે તે સહાબી સ્ત્રીને તે સમયે હજી ઝકાતના બારામાં પૂરી માલૂમાત નહીં હોય પણ જાણતાવેંત જ અમલ કેવો કર્યો ! અને આવા દાખલા ઉમ્મતની તાલીમ માટે જ પેશ થયા હતા. એ સહાબી ખાતૂનની અઝમત પર કુર્બાન જાવ કે જેવી કે નબી કરીમ ﷺની મુબારક ઝબાનેથી અલ્લાહના અઝાબની ચેતવણી સાંભળી કે તરત જ માલની તરફ નહીં પણ આખેરતના અંજામ તરફ નજર દોડાવી અને કયામત સુધી આવનારી મોમિના બહેનો માટે પયગામ છોડી આપ્યો કે આખેરતની ભલાઈ સામે દુનિયાના સુખચેનની કોઈ કિંમત નથી ! સહાબી ખાતૂને તો ઝકાત જ નહીં પણ રાહે ખુદામાં પૂરેપૂરી બંગડીઓ જ આપી દીધી ! આ હતો ઈમાની પાવર ! જે ચીજ વરસો સુધી જહન્નમમાં સળગવાનો સબબ બનાવે તેને રાખવી જ નથી ! હે મારી બહેનો ! તમે એવું ન કરી શકો તો કાંઈ નહીં, પણ ઝકાત તો તોલાના હિસાબ માંડીને **વર્તમાન સોના ચાંદીના ભાવ પ્રમાણે** જરૂરથી કાઢો. તમારે જો રોકડ કોઈ આવક નથી, પતિ તમને ન આપે તો એ સોનાને વેચીને તેમાંથી પણ ઝકાત આપો. અને નિય્યત સહીહ હશે તો રબ્બે કરીમ કરમ ફર્માવીને માર્ગો કાઢી આપશે

પણ ઝકાત ન આપવાનાં કોઈ બહાનાં ચાલશે નહીં.

### ★ ઝકાત ન આપનારાઓ ! સાવધાન ! ★

મારી બહેનો ! તથા ભાઈઓ ! સાંભળો કુર્આને પાકમાં છે : "જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા. તેમને **દર્દનાક અઝાબ**ની ખુશખબરી સંભળાવી દો જે દિવસે જહન્નમની આગમાં તેમને તપાવવામાં આવશે અને તેના વડે તેમનાં કપાળ તથા પાસાં તથા પીઠો ડામળામાં આવશે (અને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફસ માટે ભેગુ કર્યું હતું, તો હવે (તેનો સ્વાદ) ચાખો ! જેને એકત્ર કરતા હતા." *(સૂ. તૌબા, આ. ૩૪)*

સાંભળી લીધું ?! આ અલ્લાહનું ફર્માન છે ! હવે રસૂલે પાક ﷺનું ફર્માન સાંભળો ! સહીહૈનમાં અહનફ બિન કૈસ رضی اللہ عنہથી રિવાયત છે કે સૈયદના અબૂઝર رضی اللہ عنہએ ફર્માવ્યું કે તેમની **છાતીના ભાગ ઉપર જહન્નમનો ગરમ પથ્થર** મૂકશે તે છાતીને તોડીને ખભાથી નીકળી જશે, અને ખભાના હાડકા પર મૂકશે તો ખભા તોડીને છાતીમાંથી નીકળશે. અને સહીહ મુસ્લિમમાં એ પણ છે કે નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા કે પીઠ તોડીને પાસાંમાંથી નીકળશે અને બોચી તોડીને કપાળમાંથી નીકળશે. *(બહારે શરીઅત, ભાગ–૫)*

તેમજ હદીષમાં છે કે, "જે વ્યક્તિ સોના ચાંદીનો માલિક છે અને તેનો હક્ક અદા ન કરે તો કયામતના દિવસે તેના માટે આગના પથ્થર બનાવવામાં આવશે અને તેમના પર જહન્નમની આગ ભડકાવવામાં આવશે અને તેના વડે પાસાં અને પીઠને ડામ દેવામાં આવશે. જ્યારે તે ઠંડા થવા આવશે તો ફરી પાછા એવા જ ગરમ કરી દેવામાં આવશે. આ મામલો તે દિવસનો જેનો એક દિવસ પચાસ હજાર વરસનો છે ત્યાં સુધી કે બંદાઓ દરમ્યાન ફૈસલો થઈ જાય.

હદીષમાં એ પણ છે કે **જે માલની ઝકાત આપવામાં ન આવી તે કયામતના દિવસે બોડો (ગંજો) સાપ બનશે અને માલિકને નસાડશે, તે દોડતો જશે** ત્યાં સુધી કે છેવટે પોતાની આંગળીઓ તેના મોઢામાં રાખી દેશે. *(બહારે શરીઅત, ભાગ–૫)*

**આટલુ વાંચ્યા પછી તો એક ઈમાનવાળાએ ઝકાત પરત્વે ખૂબ જ ગંભીર બની જવું જોઈએ!** અને વહેલી તકે **ગણત્રી કરીને** ઝકાતને તેના હક્કદારો સુધી પહોંચાડવી જોઈએ. હા ! જેનામાં હિંમત તથા તાક઼ાત હોય ઉપરોક્ત અઝાબો વેઠવાની તેને છૂટ છે કે જેવું ચાહે કર્યા કરે !

## ★ આખેરતની તૈયારી તે આનુ નામ ! ★

પ્યારી દીની બહેનો ! ભાઈઓ ! એકવાર અમીરુલ મોમિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં દિરહમોથી ભરેલો એક થેલો ઉમ્મુલ મોમિનીન હઝરત બીબી સૌદા رضی اللہ عنہاની પાસે મોકલી આપ્યો. તેમણે એ થેલાને જોઈને કહ્યું કે, "ભલા ! ખજૂરોના થેલામાં વળી દિરહમ મોકલાતા હશે ?! આવુ કહ્યું અને ઉઠીને એ જ વખતે તમામ દિરહમોને મદીના મુનવ્વરાના ફક઼ીરો તથા મિસ્કીનોને ઘરમાં બોલાવીને વહેંચી આપ્યા અને થેલો ખાલી કરી આપ્યો. *(અસાબા, ૮/૧૧૮, બહવાલા : ક઼ાબિલે રશ્ક ખવાતીન)*

આ આપણા પ્યારા આક઼ા ﷺની અજોડ તર્બિયતનો અસરકારક ફૈઝ હતો કે ઉમ્મતની માઓ, હુઝૂર ﷺની પાક બીવીઓ رضی اللہ تعالیٰ عنہن પોતાની પાસે કાંઈ પણ જમા રાખવાનુ પસંદ કરતાં ન હતાં, જેવું કાંઈ આવતું કે ખૈરાત કરી દેતાં.

**હે દીની બહેનો ! તથા ભાઈઓ !** એ બુલંદ મર્તબા ખાતૂનોની વાત અલગ હતી, અમે તમોને સર્વસ્વ ખૈરાત કરી દેવાનું નથી કહેતા, ખૂબ કમાઓ ! હલાલ કમાઓ ! અને માલદાર બનો ! પણ દીન ઈમાનના ભોગે નહીં ! ઈમાની ગૈરતને વેચીને નહીં. જરૂર જાઈઝ કમાણી હલાલ કમાણીથી મિલ્કતો ઉભી કરો અને તેનાથી દીનની સમાજની ખિદમત કરવાની નિય્યત પણ રાખો જેથી તમારું કમાવું પણ ઈબાદત બની જશે અને સોના ચાંદી તથા દરેક પ્રકારના માલોની ઝકાત કાઢો અને ખેતીમાં જે પાક થાય વે ફસલ આવે તેમાંથી ઉશ્ર પણ દરેક ખેડૂત કાઢે તો ઈન્શાઅલ્લાહ ! બંને જગતમાં સુકૂન મયસ્સર થશે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, સપ્ટેમ્બર–૨૦૧૨)*

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

# એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ

સંપાદક....

અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

# એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ

## ★ એ'તેકાફમાં બેસો ને પુષ્કળ નેકી કમાઓ ! ★

પોતાના દુનિયવી લાભ માટે **રૂહાનિયતને માનવાનો દાવેદાર માનવી** જરૂર પડતાં બુઝુર્ગોના મઝારો પર પહોંચીને ખૂબ દુઆઓ કરે છે. મન્નતો માને છે, ચાદરો ચઢાવે છે..... **બેશક ! એ બહુ સારી વાત છે કે અલ્લાહવાળાઓથી મહોબ્બતની નિશાની છે.** પણ બહું જ ઓછા લોકો છે જેઓ આખેરતની જિંદગી સંવારવા કાંઈક માંગતા હોય છે. અને રૂહાનિયતના મુખ્ય સેન્ટર જ્યાંથી દરેક પ્રકારની દૌલત જ વહેંચાઈ રહી છે તે આપણા સૌથી પ્યારા સૌથી આ'લા નબી કરીમ ﷺ ના રૂહાનિયતથી ભરપુર ફર્માનોમાંથી લાભ મેળવવા પ્રતિ બહું જ જુઝ લોકો ધ્યાન કેન્દ્રિત કરતા હોય છે !

દુનિયવી મતલબ માટે રૂહાની બુઝુર્ગો પાછળ પડનારા લોકો જ્યારે દીન તથા આખેરત માટે કાંઈ કરવાનું કહેવામાં આવે છે તો ન બુઝુર્ગોની વાતો પ્રતિ લક્ષ આપે છે ન પોતાના નબી ﷺ ના ફર્માનો પર અમલ કરે છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) આખેરતની મહાન મહાન નેઅમતોના વાયદાઓ ખૂદ સરકાર ﷺ નેક અમલો કરનારને માટે સંભળાવે છતાં નર્યા ભૌતિકવાદી હોય તેમ તેમના પર કોઈ અસર જોવા મળતી નથી ! અને દુનિયામાં ચૂર પ્રચૂર, દુનિયવી ગણિતો માંડવામાં મશ્ગૂલ જોવા મળે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !)

પ્યારા દીની ભાઈઓ ! **રમઝાન મુબારકનો મહીનો ! બરકતોનો મહીનો ! રહમતોનો મહીનો ! મગફિરતનો મહીનો ! નેકીઓના ધોધમાર વરસાદનો મહીનો ! જેમાં એક નેકી કરો ને ૭૦ નેકીનો બદલો પામો, નફ્લ અદા કરો ને ફર્ઝનો સવાબ પામો, જેમાં રોજીમાં વિશાળતા કરી દેવામાં આવે છે, શૈતાનને કૈદ કરી**

**લેવામાં આવે છે, જન્નતને શણગારવામાં આવે છે, તેના દરવાજા ખોલી દેવામાં આવે છે, જહન્નમના દરવાજા બંધ કરી દેવામાં આવે છે,** તેમાં એક રાત હજાર રાતોથી અફઝલ તે **શબેકદ્ર** છે. અગણિત ફઝીલતોવાળો આ મહીનો આવે છે. એમાં પણ કેટલાય લોકો એવા છે જેઓ ન રોઝા રાખે છે ન કાંઈ તેમની રોજનીશીમાં ફરક આવે છે, **ન ટી.વી.નો શૈતાની દરવાજો રમઝાન પૂરતો પણ બંધ થાય છે, ન ડ્રામા, સીરીયલો તથા પર સ્ત્રી પુરૂષોના મિલનના પ્રોગામો જોવાનું બંધ થાય છે. જો આ જ આપણી હાલત હોય તો ક્યાંથી ભલાઈ મળી શકે ?!**

મુસલમાનો ! **રૂહાનિયત પર વિશ્વાસ તો એનું નામ છે કે તમે આખેરતના લાભો પ્રતિ દોડો !** અને **અઝાબોથી દૂર ભાગો !** પ્રસ્તુત કિતાબ રમઝાનના "એ'તેકાફ" સંબંધે સ્પષ્ટતાપણે **ફઝાઈલ** તથા **મસાઈલ** દર્શાવી રહી છે તેનો શાંતિથી અભ્યાસ કરો. અને અનુકૂળતા હોય તો ચોક્કસ **૧ મહીના માટે** અથવા **૧૦ દિવસ માટે** એ ન બને તો **૧ દિવસ** તો એ'તેકાફ જરૂરથી કરો. અને મસ્જિદમાં રહીને ખૂબ જ ખુલૂસથી અલ્લાહની ઈબાદત કરો. તમારો વધુને વધુ સમય ઝિક્ર, દુરૂદ, તિલાવતે કુર્આન અને ખાસ તો અકીદા વિશે, નમાઝ, રોઝા તથા અન્ય જીવન જરૂરી મસાઈલ શીખવા પાછળ, સુન્નતો વિશે અભ્યાસ કરી તેના પર અમલ કરવા પાછળ પસાર કરશો. જેને એ'તેકાફમાં બેસવાની નેકબખ્તી મળી જાય અને જે બંદો ફક્ત રબને રાજી કરવા મસ્જિદમાં રોકાય રહે તેના નસીબનું શું કહેવું ?! માટે ઝિક્ર, દુરૂદ, તિલાવત સાથે સાથે **ઈલ્મે દીનની કિતાબોનો ખૂબ જ અભ્યાસ કરશો,** કેમ કે ઈલ્મ હશે તો જ ઈબાદતો, તિલાવત વગેરે સહીહ થશે અને ઈમાન મજબૂત રહેશે, ઈશ્કે નબી ﷺ માં વધારો થશે અને ગુમરાહોને ઓળખી ગુમરાહીથી બચી શકશો.

ખબરદાર ! ખબરદાર ! એ'તેકાફમાં હોઉ કે ન હોઉ મસ્જિદમાં આવી ફોગટની વાતચીત કરવામાં સમય ન બગાડશો, કરેલી નેકીઓ ન ગુમાવશો, પણ નેકીઓ કમાઈને આખેરતને આબાદ કરશો અને સુન્ની મુસ્લિમો માટે દુઆ ગુઝારશો.

# એ'તેકાફના ફઝાઈલ

**એ'તેકાફની વ્યાખ્યા :** એ'તેકાફની નિય્યતથી અલ્લાહની રઝામંદી માટે મસ્જિદમાં રોકાવું એને એતેકાફ (રોકાણ કરવું) કહે છે. નિય્યત એટલે દિલથી નિશ્ચય. ઝબાનથી પણ આ પ્રમાણે **"બિસ્મિલ્લાહિ દખલ્તુ વઅલૈહિ તવક્કલ્તુ નવૈતુ સુન્નતલ્ એ'તેકાફ"** કહે તો બેહતર છે. એના માટે મુસલમાનનું આકિલ હોવું તથા જનાબતથી (અને ઘરમાં એ'તેકાફ કરે તે સ્ત્રીએ હૈઝ તથા નિફાસથી) પાક હોવું શર્ત છે. **બાલિગ હોવું શર્ત નથી. બલ્કે નાબાલિગ જો તમીઝ (સમજ) ધરાવતો હોય તો તેનો એ'તેકાફ પણ સહીહ થશે.** *(આલમગીરી, ભાગ-૧, પેજ-૨૧૧)*

### ★ જહન્નમ વચ્ચે ત્રણ ખાઈઓ ઊભી કરો ★

❑ હદીષમાં છે કે : જે શખ્સ અલ્લાહની રઝામંદી માટે એક દિવસનો એતેકાફ કરે તો અલ્લાહ તઆલા તેની (એતેકાફ કરનારની) તથા જહન્નમની વચ્ચે ત્રણ ખાઈઓ આડી કરી દેશે જેનું અંતર આસ્માન તથા જમીનના અંતર જેટલુ હશે. *(દુર્રે મન્સૂર, ભાગ-૧, પેજ-૪૮૬)*

### ★ થોડીવારના એ'તેકાફની ફઝીલત ★

❑ "જે શખ્સ મસ્જિદમાં મગરિબથી લઈને ઈશા સુધી "મોઅ્તકિફ" રહે. નમાઝ અને કુર્આન મજીદની તિલાવત સિવાય વાતચીત ન કરે, તો અલ્લાહ તઆલા પર લાઝિમ છે તે પોતાના કરમથી તે એ'તેકાફ કરનારના માટે જન્નતમાં મહેલ તૈયાર કરે." *(કશફુલ્ ગુમ્મહ્)*

### ★ દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો ★

❑ તેને હજાર રાતો જાગીને ઈબાદત (શબ બેદારી)નો સવાબ મળશે અને તેની તથા દોઝખ વચ્ચે ૫૦૦ વરસનો ફાસલો થશે. *(તઝકેરતુલ વાએઝીન)*

## ★ ૩૦૦ શહીદોનો સવાબ ! ★

❑ રમઝાનમાં એક દિવસ એતેકાફ કરનારને ૩૦૦ શહીદોનો સવાબ મળશે. *(તઝકેરતુલ વાએઝીન)*

## ★ બે હજ્જ બે ઉમરાનો સવાબ ★

❑ રમઝાનમાં ૧૦ દિવસ એતેકાફ કરે તે એવો છે જેણે બેહજ્જ અને બે ઉમરા કર્યા. *(શોઅબુલ ઈમાન, ભાગ–૩, પેજ–૪૨૫)*

❑ હઝરત સૈયેદોના હસન બસરી رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે "મોઅતકિફ" (એ'તેકાફ કરનાર)ને દરરોજ એક હજ્જનો સવાબ મળે છે. *(દુર્રે મન્સૂર, ભાગ–૧, પેજ–૪૮૬)*

## ★ પાછલા ગુનાહો માફ ! ★

❑ જેણે ઈમાન સાથે સવાબ મેળવવાની નિય્યતે એ'તેકાફ કર્યો તેના સર્વ પાછલા ગુનાહો માફ કરી દેવામાં આવશે. *(જામેઅ સગીર, પેજ–૫૧૬)*

## ★ ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ ★

❑ રમઝાનમાં છેલ્લા ૧૦ દિવસ એતેકાફ કરનારને ૧૦૦૦ સાલની ઈબાદતનો સવાબ મળશે અને કયામતના દિવસે તેને રબ તઆલા અર્શના સાયામાં જગા આપશે. (સુબ્હાનલ્લાહ!) *(તઝકેરતુલ વાએઝીન)*

કેટલીક જગાએ એ'તેકાફ કરનાર ભાઈઓ મસ્અલાની અજ્ઞાનતાને કારણે ઉપરોક્ત ફઝીલતો ગુમાવી બેસે છે કેમ કે એ'તેકાફ સહીહ થતો નથી માટે આ લેખનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો અને બની શકે તો રમઝાનના બરકતી મહીનામાં **પૂરો મહીનો**, નહીં તો **દસ દિવસ** એ નહીં તો **એક દિવસ તો જરૂર** એ'તેકાફમાં બેસશો.

# એ'તેકાફના મસાઈલ

## ★ એતેકાફના પ્રકાર ★

**૦૧. વાજિબ** : મન્નત માની હોય કે કામ થશે તો એતેકાફ કરીશ. એના માટે રોઝા શર્ત છે.

**૦૨. સુન્નતે મોઅક્કદા** : ૨૦ મી રમઝાનના ગુરૂબ આફતાબ પહેલાંથી શવ્વાલનો ચાંદ દેખાતા સુધી (છેલ્લા ૯ કે ૧૦ દિવસ) આ **સુન્નતે મોઅક્કદા કિફાયા** છે વસ્તીમાંથી સૌ છોડી દે તો **સૌની પકડ થશે.** અને **એક મર્દ પણ કરી લેશે તો સૌ છૂટી જશે.** એમાં પણ રોઝા શર્ત છે પણ તે જ રમઝાનના પૂરતા છે. ગુરૂબ આફતાબની અગાઉ મસ્જિદમાં એન્ટ્રી થઈ ગઈ ભલે ફનાએ મસ્જિદ જેમ કે વુઝૂખાનુ કે જૂતા ઉતારવાની જગા સુધી ગયો અને ગુરૂબ આફતાબ થઈ ગયો તો પણ એ'તેકાફ સહીહ ગણાશે.

(**હવાલો** : *ફયૂઝાને એ'તેકાફ*)

**૦૩. નફ્લ એતેકાફ** : એમાં રોઝા શર્ત નથી, થોડી વારનો પણ થઈ શકે. મસ્જિદ બહાર નીકળે તો નફલ એતેકાફ ખત્મ થયો, ફરી દાખલ થાય તો નિય્યત કરી લે. **મર્દ** મસ્જિદમાં એતેકાફ કરે અને **સ્ત્રી** ઘરમાં જે જગા નમાઝ માટે મુકરર્ર કરે ત્યાં એતેકાફ કરે, તેને "મસ્જિદે બૈત" કહે છે.

## ★ મસ્જિદ વિશે સમજૂતી ★

મસ્જિદમાં **અસ્લ મસ્જિદ** સિવાયના ભાગને **ખારિજે મસ્જિદ** અથવા **ફનાએ મસ્જિદ** (જમાઅતખાના સિવાયનો ભાગ) કહે છે. સામાન્યતઃ જમાઅતખાનુ અસ્લ મસ્જિદ તરીકે નિશ્ચિત હોય છે, જ્યાં એથી અધિક વિસ્તાર પણ અસ્લ મસ્જિદમાં સમાવ્યો હોય છે, તો તેની જાણકારી મેળવી લેવી જરૂરી છે જેથી "મસ્જિદના આદાબ" સાચવી શકાય. **જો કે એ'તેકાફના કરનાર માટે "અસ્લ મસ્જિદ" તથા "ફનાએ મસ્જિદ" બંનેવ મસ્જિદના**

**હુકમમાં છે. એટલે કે એ બંનેવમાં વિના સંકોચે જઈ શકે છે.** જેનો ખુલાસો આગળ આવશે. (બેહતર એ છે કે વિના કારણે ફનાએ મસ્જિદમાં પણ મોઅ્તકિફે ન જવું જોઈએ.)

## ★ એ'તેકાફ દરમ્યાન બહાર નીકળવાના સબબો તથા સાવચેતીઓ ★

રમઝાનના છેલ્લા ૧૦ દિવસનો એતેકાફ કરનારને જે કામો માટે મસ્જિદની બહાર નીકળવાની રજા આપી તે આ પ્રમાણે છે : જાજરૂ, પેશાબ, વુઝૂ તથા ફર્ઝ ગુસ્લ અને મજબૂરીની હાલતમાં ખાવા લાવવા તથા જો ત્યાં જુમ્આ તથા જમાઅત ન થતી હોય તો જુમ્આ તથા જમાઅત માટે મસ્જિદથી બહાર નીકળી શકે છે. **પણ જે મસ્જિદમાં આ સગવડો હોય તે મસ્જિદમાંથી એ'તેકાફ કરનારને બહાર નીકળવાની ઈજાઝત નથી. જો મસ્જિદના દરવાજા બહાર બંને પગો નીકળી જશે તો એ'તેકાફ તૂટી જશે.** *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૧૫૦)*

- ❏ બીમારપુર્સી કરવા કે જનાઝામાં શિર્કત કરવા જઈ શકશે નહીં.
*–(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૩૪)*
- ❏ અમુક મસ્જિદોમાં વુઝૂખાનુ, પેશાબખાનુ, જાજરૂ, બાથરૂમ વગેરે મસ્જિદની બિલ્ડીંગ છોડીને બહાર (એટલે ફનાએ મસ્જિદની બહાર) હોય છે જેથી એ સ્થળોએ હાજત વિના નથી જઈ શક્તા.
- ❏ જાજરૂ, બાથરૂમ, વુઝૂખાનુ બહાર હોય તો મસ્જિદ છોડીને જાજરૂ જતી વેળા કે વુઝૂ કે ગુસ્લ કરવા જતી વેળા આવતાં જતાં રસ્તામાં સલામ કે જરૂરી વાત ચાલુમાં કરી શકે છે, એ પ્રમાણે વુઝૂ કરતી વેળા પણ જરૂરી વાત ચાલુમાં જ વુઝૂ કરતાં કરતાં કરી શકશે પણ વાત માટે અથવા કોઈને કાંઈ સમજાવવા રોકાશે તો એતેકાફ તૂટી જશે.
- ❏ મસ્જિદથી બહાર જાજરૂ કે વુઝૂ–ગુસ્લ માટે આવતાં જતાં ઝડપથી ચાલવું જરૂરી નથી, જરૂરત પ્રમાણે ધીરેથી ચાલી શકે છે. કોઈ માર્ગમાં રોકવા ચાહે તો ચાલતાં ચાલતાં કહી દેવું કે હું એતેકાફમાં

છું જેથી રોકાઈ શકતો નથી. જો એક પલ (ક્ષણ) પણ રોકાશે તો એતેકાફ તૂટી જશે.

- મસ્જિદમાં એતેકાફ કરનાર વિના જરૂરત દુન્યવી વાત ન કરે અને જે વાત કરે તે પણ ધીમેથી, શોરો ગુલ ન મચાવે, એતેકાફ કરનારને પણ વિના જરૂરત દુન્યવી વાત કરવાની સખત મનાઈ છે.
- એતેકાફ વગરનો માણસ તો દુન્યવી વાત મસ્જિદમાં કરી જ નથી શકતો, એવું કરનારના ૪૦ સાલના અમલ બર્બાદ થઈ જાય છે.
- મસ્જિદમાં હસવું કબ્રમાં અંધારું લાવે છે. હા ! જરૂરત પ્રમાણે સ્મિત કરી શકે છે.
- એ'તેકાફ કરનારે બિલકુલ મૂંગા રહેવું એવી જે માન્યતા છે તે ગલત છે.
- જો મસ્જિદમાં જાજરૂની વ્યવસ્થા ન હોય અને મસ્જિદ બહાર બનેલ જાજરૂમાં ગંદકી વગેરેના કારણે તબીઅત ગભરાતી હોય તો હાજત માટે ઘરે જવામાં કોઈ વાંધો નથી. હવે ઘરેથી વુઝૂ પણ કરતા આવે તોય વાંધો નથી, પણ એ સિવાય એક પલ પણ રોકાઈ શકશે નહીં. નહીં તો એ'તેકાફ તૂટી જશે. *(હાશિયા તહતાવી અલલ્ મરાકી, પેજ–૫૭૯)*
- મસ્જિદ બહાર એક પગ અને બે હાથ માથા સાથે કાઢશે તો એ'તેકાફ ન તૂટશે પણ બંને પગ કાઢશે તો તૂટી જશે.
- ખાવા, પાણી લાવી આપનાર કોઈ જ નથી તો મજબૂરન્ મસ્જિદ બહાર જઈ શક્શે પણ લાવીને મસ્જિદમાં જ ખાશે. *(બહરુર્રાઈક, ભાગ–૨, પેજ–૩૦૩)*
- કપડાં, વાસણ વગેરે મસ્જિદમાં છાંટા ન ઉડે એ શરતે કોઈ મોટા વાસણમાં ધોઈ શકાશે.
- મસ્જિદમાં અન્ય ભાઈઓ મોઅ્તકિફ હોય તો તેમના સંગાથના હક્કોનો દરેક રીતે લેહાઝ રાખે. જેમ કે એક સહાબી કોઈ પ્રસંગે હુઝૂર ﷺ ની સાથે હતા. આપ ﷺ એ બે મિસ્વાક કાપી, એક

સીધી હતી અને બીજી વાંકી હતી. સરકાર ﷺ એ સીધી મિસ્વાક સાથી સહાબીને આપી અને વાંકી પોતાની પાસે રાખી. તેમણે અર્ઝ કરી, સરકાર ﷺ તમે સીધી મિસ્વાક જ રહેવા દેતે. ફર્માવ્યું, જે શખ્સ કોઈની સાથે એક ઘડીના માટે પણ સંગાથ પામે તો કિયામતમાં તે સોહબતના બારામાં પૂછવામાં આવશે કે તે સોહબતનો હક્ક અદા કર્યો કે વેડફી કાઢયો ? ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ **''કીમીયાએ સઆદત''**માં આ હદીષ હેઠળ જણાવે છે કે સોહબતના હક્કથી મુરાદ ઈષાર (ત્યાગની ભાવના) એટલે અન્ય માટે ભોગ આપવો છે, સારી ચીજ બીજા માટે કુર્બાન કરવી જોઈએ.

- ❑ જે કોઈ પોતાના મુસલમાન ભાઈની હાજત પૂરી કરવા માટે કોશિશ, ભાગદોડ કરે તે તેના માટે **૧૦ સાલના એ'તેકાફથી પણ અફઝલ** છે.
- ❑ મસ્જિદમાં સગવડ ન હોવાને કારણે મસ્જિદ બહાર જો જાજરૂ કે પેશાબ માટે ગયા અને ત્યાં અંદર કોઈ પહેલેથી ગયું હોય તો મસ્જિદમાં પાછા આવીને રાહ જોવાની જરૂરત નથી, ત્યાં ઉભો રહીને રાહ જોઈ શકશે, હવે એ દરમ્યાન વાતચીત પણ કરી શકશે. પણ હાજત પૂરી કર્યા બાદ રોકાવું જાઈઝ નથી. જો રોકાશે તો એ'તેકાફ તૂટી જશે.
- ❑ મસ્જિદમાંથી બહાર નીકળ્યા અને વુઝૂ, પેશાબ કે પાખાના કરવા જતાં રસ્તામાં દેવું (કરજ) માંગવાવાળાએ રોકી લીધો તો એ'તેકાફ તૂટી જશે. *(આલમગીરી, ભાગ–૧, પેજ–૨૧૨)*
- ❑ મસ્જિદ બહારના વુઝૂખાના પર દાંત મંજન કે ટૂથ પેસ્ટથી દાંત સાફ કરવા માટે જવાથી એ'તેકાફ તૂટી જાય છે.
- ❑ વુઝૂખાનામાં વુઝૂ કરવા જાય તો પણ દંતમંજન કે ટૂથપેસ્ટથી દાંત સાફ કરી શકશો નહીં, હા ! વુઝૂ માટે દાતણ (મિસ્વાક) કરી લો કે જે સુન્નત છે.
- ❑ વુઝૂખાના પર વુઝૂ દરમિયાન સાબુનો ઉપયોગ નથી કરી શકતા.

- ❑ વુઝૂ કર્યા પછી તરત જ મસ્જિદમાં દાખલ થઈ જાય, હા, વુઝૂખાનેથી અટક્યા વિના ચાલતાં ચાલતાં જ ટુવાલ હાથ મોં પર ફેરવી પાણી લૂછે જેથી વુઝૂ કરેલ પાણીનાં ટીપાં મસ્જિદની ફર્શ પર ન ટપકે.
- ❑ હવે મસ્જિદમાં દાખલ થઈને ઈચ્છે તો શાંતિથી હાથ, મોં લૂછે. બની શકે તો વુઝૂ પછીની થોડી તરી વુઝૂના ભાગો પર રહેવા દે, એ સવાબ છે.
- ❑ વુઝૂ પછી વુઝૂખાના પર જ ઉભા રહીને કલ્મએ શહાદત અને બીજી દુઆઓ પઢવાની શરૂઆત કરવી નહીં, પરંતુ મસ્જિદમાં આવીને પઢે.
- ❑ વુઝૂખાના પર જતાં પહેલાં જ બાંયો ચઢાવી લે અને ઘડિયાળ ઉતારી લે. જો ભૂલી જાય તો ત્યાં પણ તેમ કરી શકશે વાંધો નથી.
- ❑ વુઝૂ કરતાં કોઈ વસ્તુ દા.ત. દાતણ, રૂમાલ, ટોપી વગેરે પડી જાય તો હાથ લંબાવી ઉઠાવી શકે છે, પરંતુ તેને ધોવામાં સમય બરબાદ ન કરે.
- ❑ વુઝૂ કર્યા પછી વુઝૂખાના પર માથામાં કે દાઢીમાં કાંસકી ન કરે તથા ઘડિયાળ પણ મસ્જિદમાં આવીને પહેરે.
- ❑ વુઝૂ હોય છતાં ફરી વુઝૂ માટે વુઝૂખાના પર જવાથી એ'તેકાફ તૂટી જશે.
- ❑ વુઝૂ તૂટવાનો શક હોય તો વુઝૂ માટે જવું નહીં, કારણ કે ફક્ત વહેમથી વુઝૂ તૂટતું નથી. જો પાકી ખાત્રી થઈ જાય તો વુઝૂ કરવા જઈ શકશો.
- ❑ પાણી પીવા કે લેવા માટે બીજાની મદદ લેવી પણ જાતે વુઝૂખાના પર જવું નહીં.
- ❑ વુઝૂખાનામાં વાસણ કે કપડાં ધોવા જશો તો એ'તેકાફ તૂટી જશે.
- ❑ વુઝૂખાના પર કોઈ વસ્તુ ભૂલી જાય તો બીજા પાસે મંગાવી લે (પોતે લેવા જવું નહીં).
- ❑ જો મસ્જિદના વુઝૂખાના પર પાણી ન હોય તો કોઈ વગર એ'તેકાફવાળા પાસે પાણી મંગાવે અથવા મસ્જિદની સૌથી નજીકની જગ્યા પર જઈને વુઝૂ કરી શકે છે.

- ❑ ખાવા શરૂ કરતાં પહેલાં અને પછી હાથ ધોવા, કોગળા કરવા વગેરે ભલે સુન્નત છે પરંતુ એ કામો માટે વુઝૂખાના પર જવું નહીં. એટલા માટે જ વાસણ (ચલમચી કે મોટી ડોલ વગેરે)ની વ્યવસ્થા પહેલેથી રાખે, પરંતુ એ વાસણમાં હાથ ધોતાં કે કોગળા કરતાં પહેલાં એક પણ છાંટો મસ્જિદની સફ પર કે ફર્શ પર ન પડે તેની કાળજી રાખવી.
- ❑ જો કપડાં નાપાક થઈ ગયાં અને બીજા કપડાં પણ નથી અને કોઈ મદદગાર પણ નથી તો મજબૂરી ખાતર નાપાકી દૂર કરવા વુઝૂખાના પર જઈ શકે છે પણ મેલાં કપડાં ધોવા જઈ શકાય નહીં.

**નોંધ** : આ સર્વ હુકમો તે વુઝૂખાના માટે છે જે મસ્જિદથી બહારના ભાગે હોય. **મસ્જિદમાં વુઝૂ ખાનુ હોય ત્યાં જવામાં વાંધો નથી.** જેનો ખુલાસો આગળ આવશે.

- ❑ ખાવા ખાતી વખતે પોતાનુ દસ્તખ્વાન જરૂર પાંથરે. મસ્જિદની ફર્શ કે સફ મેલી થવી જોઈએ નહીં.
- ❑ મસ્જિદની દિવાલો કે ગાલીચા, સફો વગેરે પર ચીકણા હાથ કદી ન લગાડો તથા નાક કે કાનનો મેલ, કચરો એના ઉપર ન લગાડો.
- ❑ મસ્જિદની સફોના દોરા અને સાદડીઓની સળીઓ તોડવા, ઉખેડવાથી બચો.
- ❑ મસ્જિદમાં સવાલ કરનારને કદી પણ કોઈ રકમ વગેરે આપવું નહીં. કારણ કે મસ્જિદમાં પોતાના માટે સવાલ કરવો હરામ છે (સવાલ કરનાર ફકીર કે મુસાફરને મસ્જિદમાં આપવાની છૂટ નથી).
- ❑ કપડાં બદલવા મસ્જિદ બહારના બાથરૂમમાં જઈ શકાશે નહીં. મસ્જિદના ખૂણામાં લુંગી બાંધીને કપડાં બદલી નાખવાં.
- ❑ જો ફક્ત એક પગ મસ્જિદની બહાર નીકળે તો એ'તેકાફ તૂટતો નથી તથા બંને હાથ માથા સાથે મસ્જિદની બહાર નીકળે તો કંઈ વાંધો નથી. *(બહરુર્રાઈક, ભાગ–૨, પેજ–૩૦૩)*
- ❑ બેખ્યાલી (અંજાણ)માં મસ્જિદ બહાર નીકળી ગયા અને યાદ આવતાં

અંદર આવી ગયા તો પણ એ'તેકાફ તૂટી જશે. પણ તોડવાનો ગુનોહ નહીં થાય. *(રદુલ મુહતાર, ભાગ–૩, પેજ–૪૩૮)*

- ❑ કોઈ એવી બીમારી લાગી ગઈ કે મસ્જિદથી નીકળ્યા વગર ઈલાજ થઈ શકે નહીં તો ઈલાજ માટે બહાર નીકળો તો પણ એ'તેકાફ તૂટી જશે, જો કે એ'તેકાફ તોડવાનો ગુનોહ નહીં થાય, પણ કઝા કરવાની જવાબદારી રહેશે. *(રદુલ મુહ્તાર, ભાગ–૩, પેજ–૪૩૮)*
- ❑ જો કોઈ ''મોઅતકિફ''ને ઊંઘમાં ચાલવાની ટેવ હોય અને ''મસ્જિદ'' બહાર નીકળી જાય તો એ'તેકાફ તૂટી જશે. *(ફયૂઝાને એ'તેકાફ)*
- ❑ ખાવા, પીવા કે ચા–નાસ્તો મસ્જિદમાં જ કરવો.
- ❑ મસ્જિદમાં કાચી ડુંગરી, મૂળો, લસણ વગેરે બદબુદાર વસ્તુ ખાવી નાજાઈઝ છે (એ'તેકાફ વગરનાઓએ પણ જો આવી વસ્તુ ખાધી હોય તો બરાબર મોં સાફ કરી મસ્જિદમાં આવવું.)
- ❑ જો જાજરૂ કે પેશાબખાનામાં ગયા પછી ખબર પડી કે પાણી નથી તો બીજાની મદદ લઈ શકો છો. એ'તેકાફ માટે બેઠેલો માણસ મદદ માટે જઈ શકતો નથી.
- ❑ મસ્જિદમાં કે બહારના સ્થળે જો કોઈ એ'તેકાફ કરનારે હસ્તમૈથુન કર્યું અને વિર્ય નીકળ્યું તો રોઝો અને એ'તેકાફ બંને તૂટી જશે.
- ❑ મઆઝલ્લાહ ! કોઈની જીભથી કુફ્રી કલામ નીકળી ગયો તો એ'તેકાફ તૂટી જશે. હવે એ કુફ્રી કલામથી તૌબા કરે, કલ્મા શરીફ પઢે અને પત્નીવાળો હોય તો ફરી નિકાહ પણ કરે. હવે તૂટેલ એ'તેકાફની કઝા નથી, કેમ કે મુર્તદ થવાથી ઈસ્લામના સમયના સર્વ અમલો બેકાર થઈ જાય છે. *(દુર્રે મુખ્તાર મઅ રદુલ મુહતાર, ભાગ–૩, પેજ–૪૩૭)*
- ❑ એ'તેકાફ કરનારે મસ્જિદમાં દાઢીની ખત બનાવવી કે વાળ કઢાવવા કે માથા અને દાઢીમાં તેલ નાખવામાં વાંધો નથી (કપડું પાથરીને સાવધાનીથી કરે જેથી મસ્જિદની સફો ખરાબ ન થાય અને એની ઉપર વાળ ન પડે). ***(હવાલો*** *: ફયૂઝાને એ'તેકાફ)*

- ❑ એ'તેકાફ કરનાર જો વિદ્યાર્થી હોય અને પોતાના કોર્સની ચોપડીઓ વાંચવા ઈચ્છે તો વાંચી શકે છે (આ તો મુસ્લિમ દેશોમાં થઈ શકે જ્યાં ઈસ્લામિક કોર્સ ચાલે છે)
- ❑ વર્તમાનપત્રો વાંચવાથી બચો કે જેમાં જાનદારના ફોટા કે ફિલ્મી ફોટા હોય.
- ❑ કોઈ બૂટ ચંપલ ચોર ચોરી કરીને ભાગ્યો તો એને પકડવા મસ્જિદની બહાર ગયા તો એ'તેકાફ તૂટી જશે.
- ❑ જમાઅતના સમયે પેશાબખાનામાં ગયા અને પાછા આવ્યા ત્યારે આખી મસ્જિદ ભરાઈ ગઈ તો પણ મસ્જિદની બહાર ઉભા ન રહે, અંદર જગા કરે.
- ❑ મસ્જિદ જો વધારે માળની હોય અને ઉપર જવાનો માર્ગ મસ્જિદમાંથી જ હોય તો ઉપર જવામાં વાંધો નથી પણ કામ વગર છત પર જવું મકરૂહ છે.
- ❑ મસ્જિદની સાથે જ મઝાર શરીફ હોય, દરવાજા બહાર નીકળવું ન પડે તેવો હોય તો ત્યાં જઈ શકશે, ફાતેહા પઢી શકશે.
- ❑ જો મિનારાનો રસ્તો મસ્જિદની બહાર (બિલ્ડીંગ બહાર) હોય તો પણ અઝાન આપવા માટે "મોઅ્તકિફ" જઈ શકે છે, કેમ કે હવે એ મસ્જિદથી નીકળવું શરઈ જરૂરતના કારણે છે. *(ફયૂઝાને એ'તેકાફ)*
- ❑ અકસ્માતે જો મસ્જિદની છત પડી ગઈ અથવા કોઈ બળજબરીથી કાઢી મૂકે તો બીજી મસ્જિદમાં તરત જ મોઅ્તકિફ થઈ જાય. એ'તેકાફ સહીહ થશે.
- ❑ મસ્જિદ બહારના બાથરૂમે ઠંડક માટે બાથરૂમમાં ન્હાવા જશે તો એ'તેકાફ તૂટી જશે. મસ્જિદમાં બાથરૂમની વ્યવસ્થા હોય તો પણ ફર્ઝ ગુસ્લ સિવાય નહાવા ન જવું એ જ બેહતર છે.
- ❑ પેશાબ કર્યા બાદ ટીપાં પડવાની ફરિયાદ હોય તો ફક્ત ઈસ્તિન્જો કરવા (પાક થવા માટે જો મસ્જિદમાં વ્યવસ્થા ન હોય તો) મસ્જિદની બહાર જઈ શકે છે.

- ❑ એ'તેકાફની હાલતમાં ખામોશીને ઈબાદત સમજીને ચુપકીદી સાધી રાખવી મકરૂહે તહરીમી (નાજાઈઝ) છે, અને ચુપ રહેવું સવાબની વાત સમજીને ન હોય તો કાંઈ વાંધો નથી. અને બુરી વાતથી બચવા ચુપ રહેવું તો આ'લા દરજો ધરાવે છે કેમ કે બુરી વાત બોલવી ગુનોહ છે. અને જે વાતોમાં ન સવાબ ન ગુનોહ એટલે કે મુબાહ વાત એ'તેકાફવાળા માટે મકરૂહ છે પણ જરૂરત પૂરતી રજા છે. વિના જરૂરત મસ્જિદમાં મુબાહ વાત નેકીઓને એવી રીતે ખાય જાય છે જેવી રીતે આગ લાકડીને ખાય છે. *(દુર્રે મુખ્તાર, ભાગ–૩, પેજ–૧૪૪)*
- ❑ જ્યારે મુબાહ વાતની આ હાલત છે તો ગીબત, ચુગલી, બિભત્સ વાતોનો કેટલો ગુનોહ હશે ?!

## એ'તેકાફ સંબંધે અગત્યના ખુલાસાઓ

### ★ કોઈ ગલતફહમી હોય તો દૂર કરી લો ! ★

**"અસ્લ મસ્જિદ"** જેમાં જમાઅતખાનુ હોય છે અથવા મસ્જિદ બનાવનાર થકી જે જગા નમાઝ માટે ખાસ કરવામાં આવે તે, અને **"ખારિજે મસ્જિદ"** એટલે સહન તથા વુઝૂખાનુ તથા મસ્જિદની પૂરી બિલ્ડીંગ જેને ઉર્ફે આમમાં સામાન્યતઃ લોકો મસ્જિદ કહે છે. અસ્લ મસ્જિદ સિવાયના ભાગને **"ફનાએ મસ્જિદ"** (મસ્જિદથી જોડાયેલ વિસ્તાર) પણ કહે છે **ત્યાં એ'તેકાફ કરનારને જવાની ઈજાઝત છે.** (જેથી આ કિતાબમાં જ્યાં **મસ્જિદ** શબ્દ આવ્યો છે તેનો અર્થ **"અસ્લ મસ્જિદ"** તથા **"ફનાએ મસ્જિદ"** બંનેવ સમજવું. તથા જાજરૂ, બાથરૂમ, વુઝૂખાના બાબતે ચેતવણીઓ છે તે પણ મસ્જિદના ક્ષેત્ર બહાર હોય તેવાં જાજરૂ, બાથરૂમ તથા વુઝૂખાના માટે સમજવું.)

### ★ ફનાએ મસ્જિદ (ખારિજે મસ્જિદ) ★

એટલે તે સ્થળો જે મસ્જિદની બિલ્ડીંગના અંદર સંકળાયેલ હોય જેને સામાન્ય બોલચાલમાં મસ્જિદ કહે છે અને મસ્જિદમાં જરૂરતના માટે

હોય છે, જેમ કે **મીનારો, વુઝૂખાનુ, પેશાબ ખાનુ, જાજરૂ, બાથરૂમ, ઈમામ મોઅઝ્ઝિનના રૂમો વગેરે, પગરખાં, જોડાં ઉતારવાની જગ્યા સુધી વગેરે** આ સ્થળો અમુક મામલાઓમાં મસ્જિદના હુકમમાં છે અને અમુક મામલામાં ખારિજે મસ્જિદ છે. દા.ત. અહીં જુનૂબી એટલે જેના પર ગુસ્લ ફર્ઝ હોય તે જઈ શકે છે. એ પ્રમાણે ઈક્તેદા અને એ'તેકાફના મામલામાં આ સ્થળો મસ્જિદના હુકમમાં છે. એ'તેકાફ કરનાર જરૂરત વિના પણ ત્યાં જઈ શકે છે એ રીતે કે જાણે તે મસ્જિદના જ કોઈ હિસ્સામાં છે.

## ★ મોઅતકિફ (એ'તેકાફ કરનાર) ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ★

હઝરત સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી ખાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ "બહારે શરીઅત"ના લેખક ફર્માવે છે :–

"ફનાએ મસ્જિદ એટલે જે જગા મસ્જિદથી બહાર એનાથી જોડાયેલી (સંકલિત) મસ્જિદની જરૂરિયાત માટે હોય છે, દા.ત. જોડા કાઢવાની જગા અને બાથરૂમ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં."

આગળ લખે છે : "ફનાએ મસ્જિદ આ મામલામાં મસ્જિદના હુકમમાં છે." *(ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૩૯૯)*

મસ્જિદનો મીનારો પણ મસ્જિદ છે તેનો દરવાજો મસ્જિદની બાઉન્ડરીમાં હોય તો એ'તેકાફ કરનાર વિના સંકોચે જઈ શકે છે અને જો દરવાજો મસ્જિદ બહાર હોય તો કેવળ અઝાન આપવા માટે જઈ શકે છે કે અઝાન આપવી એ શરઈ જરૂરત છે. *(**હવાલો** : ફયૂઝાને એ'તેકાફ)*

## ★ આ સંબંધે આ'લા હઝરતનો ફત્વો ★

એના જ અનુસંધાનમાં આ'લા હઝરત, મુજદિદે દીનો મિલ્લત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષ બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે :–

".....બલ્કે જ્યારે તે મદ્રસા મસ્જિદની હદોથી સાંકળેલા મસ્જિદની

અંદર છે, તેમની વચ્ચે માર્ગ આડો નથી (જે એ મદ્રસાઓને મસ્જિદની ચાર દિવારીથી અલગ કરી દે પણ) કેવળ એક દીવાલથી સહેનોનો વિભાગ અલગ કરી દેવાયો છે તો એમાં જવું મસ્જિદથી બહાર જવું છે જ નથી, **એટલે સુધી કે એવી જગાએ મોઅતકિફે જવું જાઈઝ છે કે જાણે તે મસ્જિદનો એક ભાગ છે.**

**રદ્દુલ મુહ્તાર**માં **બદાએઉસ્સનાએઅ્**ના હવાલાથી છે :– જો એ'તેકાફ કરનાર મીનારા પર ચઢયો તો કશાય મતભેદ વિના તેનો એ'તેકાફ તૂટશે નહીં, કેમ કે મિનારો (એ'તેકાફ કરનાર) માટે મસ્જિદ (ના હુકમ)માં જ છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૪૭૪)*

ઉપરોક્ત લખાણથી ઘણી જ સ્પષ્ટતા સાથે એ'તેકાફ કરનાર માટે ઘણી સહુલતો જાણવા મળી છે. સહન મસ્જિદનો હિસ્સો છે જેથી એ'તેકાફ કરનારને મસ્જિદની સહનમાં આવવું, જવું, બેસી રહેવું કશીય પાબંદી વિના જાઈઝ છે. યાદ રાખશો કે શરીઅતના હુકમ થકી આ સહુલતો મહાન ઉલમાની કિતાબોમાં દર્શાવવામાં આવેલી છે તો પછી અન્ય કોઈ વ્યક્તિ પોતાના તરફથી કોઈ પાબંદી લગાડી શકશે નહીં. હા ! **જ્યાં વુઝૂ, ગુસ્લ કે જાજરૂ માટે તથા કોઈ જમવાનુ લાવી આપનાર ન હોય તો તેને લેવા માટે એ'તેકાફ કરનાર મસ્જિદના મુખ્ય દરવાજાની બહાર નીકળે ત્યારે તે સર્વ હુકમો એ'તેકાફ તૂટવા વિશે દર્શાવ્યા તે લાગુ થશે, બાકી એવી મસ્જિદ જેમાં જાજરૂ, બાથરૂમ, વુઝૂખાનુ વગેરે અંદર જ છે તેના માટે એ હુકમો લાગુ થશે નહીં.**

અંતમાં એક અધિક પ્રશ્ન બાબતે ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી عليه رحمة الله القوى નો જવાબ પણ જોઈ લો ! :–

## ★ એ'તેકાફ કરનાર બીડી પીવા ફનાએ મસ્જિદમાં જઈ શકે છે ? ★

**સવાલ** : એ'તેકાફ કરનાર (મોઅતકિફ) જો બીડી, સિગરેટ, હુક્કો પીવાનો આદી (આદતવાળો) હોય તો શું કરે ? શું બીડી, સિગરેટ, હુક્કો વગેરે પીવા માટે મસ્જિદથી બહાર નીકળી જાય ? એવા સંજોગોમાં એ'તેકાફ

બાકી રહેશે ? દલીલો સાથે જવાબ બયાન ફર્માવશો.

**જવાબ** : એ'તેકાફ કરનાર બીડી, સિગરેટ અથવા હુક્કો પીવાના માટે "ફનાએ મસ્જિદ"માં નીકળી શકે છે, એ'તેકાફ તૂટશે નહીં. હઝરત સદરુશ્શરીઅહ્ علیہ رحمۃ اللہ القوی લખે છે : **ફનાએ મસ્જિદ** એટલે જે જગા **મસ્જિદથી બહાર મસ્જિદથી જોડાયેલી મસ્જિદની જરૂરિયાત માટે છે, દા.ત. જોડા ઉતારવાની જગા અને ગુસ્લખાનુ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં.** *(ફતાવા અમજદિયા, ભાગ-૧, પેજ-૩૯૯)*

પરંતુ ખૂબ જ મોઢું સાફ કરીને બાદમાં (અસ્લ) મસ્જિદમાં દાખલ થાય એટલા માટે કે બીડી અને સિગરેટ વગેરેની ગંધ જ્યાં સુધી બાકી હોય ત્યાં સુધી મસ્જિદમાં પ્રવેશવું જાઈઝ નથી. વહુવ અઅ્લમ.

**લખનાર** : (મુફતી) જલાલુદ્દીન અહમદ અમજદી, ૧૭-ઝુલ કઅદા, હિ.સ. ૧૪૦૨ *(ફતાવા ફયૂઝુર્રસૂલ, ભાગ-૧, પેજ-૫૩૫)*

## મુસ્લિમ બહેનોનો એ'તેકાફ

ઉમ્મુલ મુ'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, "તાજદારે મદીના صلی اللہ علیہ وسلم રમઝાનુલ મુબારકના છેવટના ૧૦ દિવસોનો એ'તેકાફ કરતા હતા, ત્યાં સુધી કે અલ્લાહ عزوجل એ આપ صلی اللہ علیہ وسلم ને વફાત અતા ફર્માવી. પછી આપ صلی اللہ علیہ وسلم ના બાદ આપ صلی اللہ علیہ وسلم ની પાક બીવીઓ رضی اللہ تعالی انہن એ'તેકાફ કરતી હતી." *(સહીહ બુખારી, ભાગ-૨, પેજ-૩૧૪)*

આ પરથી જણાયું કે આપણી માં બહેનોએ પણ એ'તેકાફ કરવાનું સદ્ભાગ્ય હાંસલ કરવું જોઈએ.

- બહેનો મસ્જિદમાં એ'તેકાફ નથી કરી શક્તી, બલ્કે "મસ્જિદે બૈત" એટલે ઘરમાંની તે જગા જે નમાઝ માટે ખાસ કરી લે છે ત્યાં એ'તેકાફ કરે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, ભાગ-૩, પેજ-૪૨૯)*
- કોઈ અન્યના ઘરે જઈને એ'તેકાફ નથી કરી શક્તી.

- પતિની રજા વિના પત્નીએ એ'તેકાફ કરવો જાઈઝ નથી. *(રદુલ મુહતાર, ભાગ–૩, પેજ–૪૨૯)*
- જો પત્નીએ પતિની રજા લઈને એ'તેકાફ શરૂ કરી આપ્યો, બાદમાં પતિ મના કરવા ચાહે તો હવે મના નથી કરી શકતો. અને મના પણ કરે તો પત્નીના માથે તેનું પાલન વાજિબ નથી. *(આલમગીરી, ભાગ–૧, પેજ–૨૧૧)*
- બહેનો માટે એ'તેકાફ કરવામાં એ પણ જરૂરી છે કે તેણી હૈઝ તથા નિફાસથી પાક હોય. કેમ કે એ દિવસોમાં નમાઝ, રોઝા તથા તિલાવતે કુર્આન **હરામ** છે. *(સર્વ કિતાબો)*
- સ્ત્રીને એ'તેકાફ દરમ્યાન માસિક શરૂ થયું તો વાજિબ છે કે તુરત જ એ'તેકાફ છોડી આપે. આ સંજોગોમાં જે દિવસનો એ'તેકાફ તૂટયો કેવળ તે જ દિવસની કઝા તેના જિમ્મે રહેશે. જેનો તરીકો એ છે કે માસિકથી પાક થયા બાદ કોઈ દિવસે રોઝો રાખીને એ'તેકાફ કરી લે. જો રમઝાન મુબારકમાં જ પાક થઈ જાય તો રમઝાનમાં પણ કઝા કરી શકે છે. પણ જો પાક થતા સુધીમાં રમઝાન પૂરી થઈ જાય તો રમઝાન બાદ કોઈ દિવસે ખાસ એ'તેકાફ માટે જ રોઝો રાખીને એક દિવસના એ'તેકાફની કઝા કરી લે.
- તેણી માટે શરઈ જરૂરત વિના એ'તેકાફની જગાએથી નીકળવું જાઈઝ નથી. ત્યાંથી ઉઠીને ઘરના કોઈ અન્ય ભાગમાં પણ નથી જઈ શક્તી. જો જશે તો એ'તેકાફ તૂટી જશે.
- બહેનો માટે એ'તેકાફની જગાએથી હટવા માટે તે જ હુકમો લાગુ થશે જે પુરૂષને મસ્જિદ બહાર નીકળવા માટે જણાવેલ છે. તેણી જેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી લે.
- બહેનો એ'તેકાફ દરમ્યાન પોતાની જગાએ બેઠી બેઠી સીવવા પરોવવાનું કામ કરી શકે છે. ઘરનાં કામો માટે બીજાં માણસોને સૂચનો કરી શકે છે પણ જાતે ઉઠીને નથી જઈ શક્તી.
- બેહતર એ છે કે એ'તેકાફ દરમ્યાન સંપૂર્ણ ધ્યાન તિલાવત, ઝિક્ર,

દુરૂદ, તસ્બીહાત, દીની કિતાબો તરફ આપે અને અકીદા વિશે તથા અન્ય મસ્અલા મસાઈલના તેમજ ઈસ્લામી નેક ખાતૂનોના જીવનના અભ્યાસ તરફ ખાસ ધ્યાન રાખે.

## ★ એ'તેકાફ કઝા કરવાનો તરીકો ★

જો કોઈ કારણસર રમઝાનના છેલ્લા ૧૦ દિવસનો એ'તેકાફ તૂટી ગયો તો ૧૦ (દસ) દિવસની કઝા જરૂરી નથી. તમારા માટે કેવળ તે એક દિવસની જ કઝા છે જે દિવસે એ'તેકાફ તૂટી ગયો. જો રમઝાન શરીફના દિવસો હજી બાકી હોય તો કોઈ દિવસે સુબ્હ સાદિકથી પહેલાં એ'તેકાફની નિય્યતથી આગલા દિવસના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત) થતા સુધી "મોઅતકિફ" રહે. રમઝાન શરીફનો રોઝો એ એ'તેકાફની કઝા માટે પૂરતો છે. જો રમઝાન પછી કરે તો એ જ પ્રમાણે રોઝો રાખીને એ'તેકાફ કરી લે. પણ ઈદુલ ફિત્ર તથા ઝીલ હજ્જના ૧૦ થી ૧૩ સિવાયના દિવસે કરે કેમ કે **આ પાંચ દિવસોમાં રોઝો રાખવો હરામ છે.**

## ★ એ'તેકાફનો ફિદિયો ★

- ❑ જો કઝા કરવાનો સમય મળ્યો છતાં કઝા ન કરી અને મૌતનો સમય નજીક આવી ગયો તો વારસોને વસિયત કરવી વાજિબ છે કે તેઓ આ એ'તેકાફના બદલામાં ફિદિયો અદા કરે અને ફિદયો અદા કરવો બહુ ભારી નથી. એ'તેકાફના ફિદયાની નિય્યતે કોઈ ઝકાતના હક્કદારને સદકાએ ફિત્રની જેટલા ઘઉં અથવા તેટલી કિંમતની રકમ અદા કરી આપે.
- ❑ જો એ'તેકાફ કોઈ મજબૂરીના કારણે તોડયો હતો કે ભૂલથી તૂટયો હતો તો ગુનોહ નથી પણ જો જાણીબુઝીને કોઈ સહીહ મજબૂરી વિના તોડયો હતો તો એ ગુનોહ છે, જેથી કઝાની સાથે સાથે તૌબા પણ કરે.

**તમ્મત બિલ ખૈર**